# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

વર્ષ-15 । અંક-237 । વિક્રમ સંવત-2082 । જેઠ વદ - 11 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

10 JULY-2026 FRIDAY





પેજ-08

17 કરોડનું 3000 ડાયમંડવાળું મિની બેગ! : પેરિસમાં મમ્મીના પર્સ સાથે...





પેજ-09

ટેનિસના બાદશાહ જોકોવિચ બન્યા વિરાટ કોહલીના ફેન


**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 29.00 |
| વડોદરા | 36.00 | 29.00 |
| સુરત | 33.00 | 28.00 |


પેજ 5






કઈ-કઈ વસ્તુ પર સરકારે કસ્ટમ ડ્યુટી ઘટાડી, માર્ચ 2029 સુધી છૂટ

ઈરાને ખામેનેઈના ઘરનો વીડિયો જાહેર કર્યો, દિવંગત નેતાના ઘરનો વીડિયો




પેજ 10


**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 76741.82 | ▲ | 238.22 |
| નિફ્ટી | 23962.80 | ▲ | 80.75 |
| સોનું | 145077.00 | ▲ | 1366.0 |
| ચાંદી | 226397.00 | ▲ | 2960.0 |

# મહારાષ્ટ્રમાં પૂરથી 3000 LPG સિલિન્ડર તણાયા

## MPમાં યુવક નદીમાં તણાયો, ઉત્તરાખંડના ઉત્તરકાશી-ટિહરીમાં ભૂસ્ખલન; ઘર પડ્યું

(એજન્સી) મુંબઈ | તા. 09

મહારાષ્ટ્રના રાયગઢમાં વરસાદ બાદ 3,000 LPG સિલિન્ડર પાતાળગંગા નદીમાં તણાઈ ગયા. પનવેલના LPG બોટલિંગ પ્લાન્ટમાં પૂર આવ્યા બાદ સિલિન્ડર તણાયા. પ્રશાસને લોકોને અપીલ કરી છે કે જો ક્યાંય સિલિન્ડર મળે તો તેને સ્પર્શ ન કરે અને ઘરે ન લઈ જાય.

મધ્ય પ્રદેશમાં બુધવારે 27થી વધુ જિલ્લાઓમાં વરસાદ થયો. સૌથી વધુ દમોહમાં 1.75 ઈંચ વરસાદ નોંધાયો. ખરગોનમાં રૂપારેલ નદીના પાણીમાં એક યુવક તણાઈ ગયો હતો.

ઉત્તરાખંડના ઉત્તરકાશીમાં નાલુપાની અને યમુનોત્રી નેશનલ હાઈવે પર ભૂસ્ખલન થયું. જ્યારે, ટિહરીમાં બુધવારે NH-707A પર દુકાનો પાસે ભૂસ્ખલનમાં એક મકાન ધરાશાયી થયું. આસપાસના બે થી ત્રણ મકાનો ગમે ત્યારે પડી શકે છે.

રાજસ્થાનના અજમેર જિલ્લાના કિશનગઢમાં બુધવારે રાત્રે વરસાદને કારણે એક મકાન ધરાશાયી થયું. આ દુર્ઘટનામાં પતિ-પત્ની સહિત ત્રણ લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. ત્રણેયને બચાવીને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અલવરમાં વરસાદને કારણે બજારમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા.

દિલ્હીમાં આજે સવારથી વરસાદ પડી રહ્યો છે. રેલવે સ્ટેશન, મુનિરકા અને ઘણા વિસ્તારોમાં રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા. હવામાન વિભાગે આજે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. બુધવારે રોહિણીમાં એક નિર્માણાધીન ઈમારત ધરાશાયી થતાં ત્રણ લોકોના મોત થયા.

સુરતમાં સતત ત્રણ દિવસથી વરસી રહેલા વરસાદને કારણે પૂર જેવી સ્થિતિ સર્જાઈ છે. પૂરમાં ત્રણ દિવસમાં 19 લોકોના મોત થયા છે. જ્યારે, મહારાષ્ટ્રના પુણેમાં ભારે વરસાદને કારણે કચરાનો પહાડ ત્રણ માળની ઈમારત પર પડ્યો, જેના કારણે ઈમારત ધરાશાયી થઈ.

મુંબઈમાં BMCએ જોખમી વૃક્ષોની ઓળખ માટે ચેતવણી આપતા પોસ્ટર લગાવ્યા છે. માટુંગા, કિંગ્સ સર્કલ, વડાલા અને આરે કોલોની સહિતના વિસ્તારોમાં પોસ્ટર લગાવવામાં આવ્યા છે, જ્યાં આવા વૃક્ષો વધુ છે.



**" દિલ્હી-એનસીઆર (NCR) વિસ્તારમાં સતત પડી રહેલા વરસાદ વચ્ચે, ગાઝિયાબાદના વસુંધરા વિસ્તારમાં અટલ ચોક નજીક રસ્તો બેસી ગયો હતો. આને કારણે થયેલા ખાડામાં એક કાર અને એક સ્કૂટર પડી ગયાં હતાં. ઘટના બાદ સ્થળ પર લોકોના ટોળાં ભેગા થઈ ગયાં હતાં. હાલમાં કોઈ જાનહાનિના સમાચાર નથી. દિલ્હીમાં આખીરાત થયેલા સતત વરસાદ પછી અક્ષરધામ મંદિર પાસે NH-24 પર લાંબો જામ થયો છે. ઘણી જગ્યાએ રસ્તાઓ પર પાણી ભરાઈ જવાથી વાહનોની ગતિ ધીમી પડી ગઈ અને લોકોને અવરજવરમાં મુશ્કેલી પડી. "**

# મણિપુરમાં હવે નગા-કુકી સંઘર્ષ, 5 મહિનામાં 25 મોત

## આસામ રાઇફલ્સ નિશાન બની; બે શહીદ જવાનોને રાજકીય સન્માન, પાર્થિવ દેહ ઘરે મોકલવામાં આવ્યા



(એજન્સી) ઇમ્ફાલ | તા. 09

મે 2023 થી મણિપુરમાં ચાલી રહેલી મૈતેઈ-કુકી વંશીય હિંસા વચ્ચે એક નવો મોરચો ખુલ્યો છે. રાજ્યમાં ચાલી રહેલી હિંસા હવે નગા અને કુકી સમુદાયો વચ્ચે ફેરવાઈ ગઈ છે. ઉખરુલ તેનું હોટસ્પોટ બની ગયું છે.

આ વર્ષે ફેબ્રુઆરીથી શરૂ થયેલા સંઘર્ષમાં અત્યાર સુધીમાં 25 લોકોના મોત થયા છે. ભારત-મ્યાનમાર સરહદ પર નજર રાખતી આસામ રાઈફલ્સના કાફલા પર સોમવારે થયેલો હુમલો પણ તેનું જ પરિણામ હોવાનું કહેવાય છે. આ હુમલામાં ઉત્તરાખંડના બે જવાનો શહીદ થયા હતા.

બંને શહીદ જવાનોને ગુરુવારે સંપૂર્ણ રાજકીય સન્માન સાથે અંતિમ વિદાય આપવામાં આવી હતી. ઈમ્ફાલ એરપોર્ટ પર રાજ્યપાલ અજય કુમાર ભલ્લાએ બંને શહીદોને શ્રદ્ધાંજલિ આપી હતી. આ પછી તેમના પાર્થિવ દેહને અંતિમ સંસ્કાર માટે તેમના વતન ગામ મોકલી દેવામાં આવ્યો હતો.

### આસામ રાઇફલ્સ પર કુકી સમુદાય પ્રત્યે નરમાઈનો આરોપ

**હકીકતમાં, નગાનો આરોપ છે કે આસામ રાઇફલ્સ ભારત-મ્યાનમારની 398 કિમી લાંબી આંતરરાષ્ટ્રીય સરહદને સુરક્ષિત રાખવામાં નિષ્ફળ રહી છે. નગા સમુદાયના લોકો આસામ રાઇફલ્સ પર કુકી સમુદાયને લઈને નરમાઈનો આરોપ લગાવતા રહ્યા છે. તેમનું કહેવું છે કે મ્યાનમાર તરફથી હથિયારબંધ જૂથ 'કુકી નેશનલ આર્મી (બર્મા)' સતત સરહદ પાર કરીને નગા ગામો પર હુમલા કરી રહ્યું છે. આ નારાજગી છ અપહૃત નગા લોકોના ક્ષત-વિક્ષત મૃતદેહો 10 જૂને મળ્યા પછી અને કામજોંગ જિલ્લામાં નગા ગામોને સળગાવવામાં આવ્યા પછી વધુ વધી ગઈ.**

### છેલ્લા 14 દિવસમાં થયેલી કડક કાર્યવાહીથી હતાશામાં ઉગ્રવાદીઓ

**આસામ રાઇફલ્સે કાફલા પરના હુમલાને ઉગ્રવાદી જૂથોની હતાશા ગણાવી. વાસ્તવમાં, આસામ રાઇફલ્સ સતત આક્રમક વલણ અપનાવી રહી છે. ચાર દિવસ પહેલા જ થોચી અને જાલેનબુંગ ગામોમાં ઉગ્રવાદીઓના બે મોટા બંકરોનો નાશ કરવામાં આવ્યો હતો. 28 જૂનથી 4 જુલાઈ સુધીના સંયુક્ત અભિયાનમાં સેનાએ મોટી માત્રામાં દારૂગોળો જપ્ત કર્યો હતો અને ત્રણ ઉગ્રવાદીઓની ધરપકડ કરી હતી. પરિસ્થિતિને સંભાળવા માટે ઘણા બફર ઝોન બનાવવામાં આવ્યા છે. આસામ રાઇફલ્સના કાફલા પર હુમલા બાદ સેનાએ સમગ્ર વિસ્તારમાં મોટું સર્ચ ઓપરેશન હાથ ધર્યું છે. સેના અને પોલીસ અધિકારીઓએ સ્પષ્ટ કર્યું છે કે જવાનો પર હુમલો કરનારા ઉગ્રવાદી નેટવર્કને ખતમ કર્યા પછી જ તેઓ શાંતિ લેશે. સુરક્ષા દળોની કાર્યવાહીમાં અવરોધ ઉભો કરનારાઓ, ખાસ કરીને મહિલાઓને આગળ કરીને રસ્તો રોકનારાઓ સાથે હવે કડકાઈથી કાર્યવાહી કરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં નિયંત્રણ સ્થાપિત કરવા માટે ઇમ્ફાલ ખીણ અને પહાડી જિલ્લાઓમાં 113 નાકાબંધી બનાવવામાં આવી છે.**

# પહલગામ હુમલાનો આરોપી તોયબાનો કમાન્ડર શોપિયાંના ઓપરેશનમાં ઠાર

શ્રીનગર : જમ્મુ કાશ્મીરના શોપિંયામાં સુરક્ષાદળો દ્વારા બુધવારે મોટુ ઓપરેશન પાર પાડવામાં આવ્યું હતું. જેમાં લશ્કર-એ-તોયબાનો ટોચનો કમાન્ડર ઝાકિર ગની અને તેનો સાથી આતંકી બન્ને ઠાર મરાયા છે. માર્યો ગયેલો આતંકી ગની પહલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં સામેલ હતો, આ હુમલામાં ૨૬ જેટલા ભારતીય પર્યટકો માર્યા ગયા હતા જેનો એક વર્ષ બાદ આખરે સૈન્ય દ્વારા બદલો લેવામાં આવ્યો હતો. માર્યા ગયેલા તોયબાના કમાન્ડરનો મૃતદેહ ઠાર કરાયો તેના ચાર દિવસ બાદ મળ્યો હતો. ગયા વર્ષે એપ્રીલ મહિનામાં જમ્મુ કાશ્મીરના પહલગામમાં આતંકી હુમલો થયો હતો, લોકોને તેમના ધર્મ પૂછી પૂછીને હિન્દુઓને ખાસ નિશાન બનાવીને અનેકની માથામાં ગોળીઓ મારીને હત્યા કરાઈ હતી. આ ઘટનાને અંજામ આપવામાં સામેલ લશ્કર-એ-તોયબાનો ટોચનો કમાન્ડર ઝાકિર ગની શોપિયાંમાં બુધવારે હાથ ધરાયેલા ઓપરેશનમા માર્યો ગયો હતો. ગની અને તેનો સાથીદાર સીસીટીવી કેમેરામાં જોવા મળ્યા હતા જે બાદથી જ સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લીધો હતો. સૈન્યના રાષ્ટ્રીય રાઈફલ્સ, સીઆરપીએફ અને એસઓજી દ્વારા સંયુક્ત ઓપરેશન પાર પડાયું હતું અને બે આતંકીઓને ઠાર માર્યા હતા. પોલીસે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ કરીને કહ્યું હતું કે તમે ભાગી તો શકો પણ છુપાઈ નહીં શકો. સુરક્ષાદળોએ જણાવ્યું હતું કે શોપિયાંમાં અંતરિયાળ વિસ્તારોમાં આતંકીઓને ઘેરી લેવામાં આવ્યા હતા અને સરેન્ડર કરવા કહ્યું હતું જોકે આતંકીઓએ ગોળીબાર કરી દીધો બાદમાં વળતા જવાબમાં બન્ને આતંકીઓ પણ માર્યા ગયા હતા.

# યુપીમાં નિવૃત્ત ARTOના ઘરે 13 કિલો સોનું, 9 કિલો ચાંદી

## વિજિલન્સના દરોડામાં હીરા પણ મળ્યા; દિવાલો-પેકેટોમાં 1.62 કરોડ રોકડા છુપાવ્યા હતા

(એજન્સી) લખનઉ | તા. 09

યુપીમાં નિવૃત્ત આસિસ્ટન્ટ વિભાગીય પરિવહન અધિકારી (ARTO- Assistant Regional Transport Officer.) લલિત કુમારના લખનઉ ખાતેના ઘરે વિજિલન્સે દરોડો પાડ્યો હતો. લગભગ 26 કલાક ચાલેલી દરોડાની કાર્યવાહીમાં લલિત કુમારના ઘરમાંથી 13 કિલો સોનું, 9 કિલો ચાંદી અને હીરાના આભૂષણો મળી આવ્યા છે. જેની કિંમત 20 કરોડ રૂપિયા આંકવામાં આવી છે.તપાસ દરમિયાન ટીમને લગભગ 1.62 કરોડ રૂપિયા રોકડા પણ મળ્યા, જે તેણે પેકેટોમાં દીવાલ અને અલગ-અલગ રૂમમાં છુપાવીને રાખ્યા હતા. 15 જગ્યાઓ પર મકાન, ફ્લેટ અને ખેતીની જમીનોના દસ્તાવેજો પણ મળ્યા છે. વિજિલન્સે જપ્ત કરાયેલી સંપત્તિની કુલ કિંમત લગભગ 35 કરોડ રૂપિયા જણાવી છે.



### આગ્રામાં તહેનાતીના સમયે કેસ નોંધાયો હતો

**આરોપી લલિત કુમાર મૂળભૂત રીતે રાયબરેલીમાં સેંગહો કોઠીના રહેવાસી છે. વિજિલન્સ વિભાગ અનુસાર, લલિત કુમાર વિરુદ્ધ 2024માં કાનપુરમાં તહેનાતી દરમિયાન ભ્રષ્ટાચારની ફરિયાદ કરવામાં આવી હતી. તે સમયે તેઓ આરટીઓ ઓફિસમાં સંભાગીય નિરીક્ષક (પ્રાવિધિક) એટલે કે રિજનલ ઇન્સ્પેક્ટર ટેકનિકલ હતા. ફરિયાદના આધારે ટ્રાન્સપોર્ટ કમિશનરે 11 સપ્ટેમ્બર, 2024ના રોજ ભ્રષ્ટાચાર નિવારણ સંગઠનને તપાસની મંજૂરી આપી. આ પછી તેમની આવક અને સંપત્તિના સ્ત્રોતોની વિસ્તૃત તપાસ શરૂ કરવામાં આવી હતી.**

### કમાણી કરતાં 73.6 ટકા વધુ ખર્ચ, જવાબ આપી શક્યા નહીં

**તપાસમાં સામે આવ્યું કે લલિત કુમારની કુલ કમાણી 93.26 લાખ રૂપિયા હતી, જ્યારે જંગમ અને સ્થાવર સંપત્તિઓની ખરીદી, જાળવણી અને અન્ય ખર્ચાઓ પર તેમનો કુલ ખર્ચ 1.61 કરોડ રૂપિયા જોવા મળ્યો. આ રીતે તેમણે પોતાની કાયદેસરની કમાણીથી 68.66 લાખ રૂપિયા, એટલે કે લગભગ 73.6 ટકા વધુ ખર્ચ કર્યો. તપાસ એજન્સી અનુસાર, આ વધારાના ખર્ચ અને સંપત્તિના સંબંધમાં લલિત કુમાર કોઈ સંતોષકારક સ્પષ્ટતા આપી શક્યા નહીં. ત્યારબાદ તેમને આવક કરતાં વધુ સંપત્તિના કેસમાં દોષિત માનીને તેમની સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી.**

# શરદ પવારના NDAમાં જોડાવાની અટકળો

## અહેવાલો પાયાવિહોણા, વિપક્ષને નબળો પાડવાનું ષડયંત્ર; એક દિવસ પહેલા પવાર-શિંદેની મુલાકાત થઈ હતી

(એજન્સી) મુંબઈ | તા. 09

મહારાષ્ટ્રના રાજકારણમાં NCP (શરદચંદ્ર પવાર)ના NDAમાં જોડાવા અથવા કોંગ્રેસમાં વિલય થવાની અટકળો તેજ બની છે. જોકે, પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ શશિકાંત શિંદેએ આ તમામ ચર્ચાઓને અફવા ગણાવી છે.

ખરેખર, આ અટકળોને ત્યારે વધુ વેગ મળ્યો, જ્યારે શરદ પવારે મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા વિવાદ પર 8 જુલાઈએ મુંબઈમાં વિધાન ભવનમાં યોજાયેલી બેઠક બાદ નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદેના રૂમમાં પોતાની પાર્ટીના ધારાસભ્યો સાથે મુલાકાત કરી.

મહારાષ્ટ્ર-કર્ણાટક સીમા વિવાદ પર રાજ્ય સરકારની ઉચ્ચસ્તરીય સમિતિની 8 જુલાઈના રોજ થયેલી બેઠકમાં શરદ પવાર 28 વર્ષ પછી સામેલ થયા. બેઠક પછી તેમણે નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે સાથે તેમના કક્ષમાં શિષ્ટાચાર મુલાકાત કરી અને ત્યાં જ પોતાની પાર્ટીના ધારાસભ્યોને પણ મળ્યા. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ વિનોદ તાવડે અને NCP (શરદ પવાર જૂથ)ના વરિષ્ઠ નેતા જયંત પાટીલની મંગળવારે મુંબઈની એક હોટલમાં મુલાકાત થઈ.



**પાટીલે સ્પષ્ટતા કરી :** જોકે, આ સમગ્ર ઘટનાક્રમ પર જયંત પાટીલે કહ્યું કે શિંદેના રૂમમાં શરદ પવારનું પાર્ટીના ધારાસભ્યોને મળવું સંપૂર્ણપણે વ્યવહારિક કારણોસર લેવાયેલો નિર્ણય હતો. ધારાસભ્યો વિધાનસભા ભવનથી રવાના થતા પહેલા શરદ પવારને મળવા માંગતા હતા. પરંતુ પવારની ઉંમર અને સ્વાસ્થ્યને જોતા તેમને લાંબા અંતર સુધી ચલાવવું યોગ્ય ન હતું.

**પાર્ટીમાં વિરોધના સમાચાર :** કેટલાક મીડિયા રિપોર્ટ્સમાં દાવો કરવામાં આવ્યો છે કે NDAમાં સામેલ થવાની સંભાવનાને લઈને NCP (SP) પાર્ટીમાં મતભેદ છે. માહિતી અનુસાર, ધારાસભ્ય રોહિત પવાર આવા કોઈ પણ નિર્ણયની તરફેણમાં નથી અને મહાવિકાસ આઘાડી સાથે રહેવાના સમર્થક હોવાનું કહેવાય છે.

**શિવસેના (UBT) અને NCP (SP) આમને-સામને :** શિંદેની ઓફિસમાં પવારના પોતાની પાર્ટીના ધારાસભ્યોને મળવાના મુદ્દે મહાવિકાસ આઘાડી (MVA)ના બે સહયોગી પક્ષો આમને-સામને આવી ગયા છે. શિવસેના (UBT)ના નેતા અને રાજ્યસભા સાંસદ સંજય રાઉતે તેને 'ગદ્દારોનું મહિમામંડન' ગણાવ્યું, જ્યારે NCP (SP)એ તેને બંધારણીય પદ પર બેઠેલા નેતા સાથેની સૌજન્ય મુલાકાત ગણાવીને રાઉત પર બેવડા ધોરણો અપનાવવાનો આરોપ લગાવ્યો. રાઉતે કહ્યું કે તેઓ આ મુદ્દે શરદ પવાર સાથે વાત કરશે, જોકે તેમને પૂરો વિશ્વાસ છે કે પવાર NDAમાં સામેલ નહીં થાય. રાઉતની ટિપ્પણી પર NCP (SP)ના પ્રવક્તા અમોલ માટેલેએ કહ્યું કે 50 વર્ષથી વધુનો રાજકીય અનુભવ ધરાવતા શરદ પવારને રાજકારણ શીખવવાની જરૂર નથી. તેમના મતે, એક બંધારણીય પદ પર બેઠેલા નાયબ મુખ્યમંત્રી સાથે રાજ્યના સીમા વિવાદ, દુષ્કાળ, અનામત અને વિકાસ જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવી સ્વાભાવિક છે.

# રામમંદિરના દાન ચોરી-આરોપીઓના ઘરેથી 10 લાખના દાગીના મળ્યા

## સગાં-સંબંધીઓના 30 બેંક ખાતા ફ્રીઝ; ચોરીની રકમ વ્યાજ પર આપી, શેરબજારમાં રોકણ કર્યું

(એજન્સી) અયોધ્યા | તા. 09

અયોધ્યા રામ મંદિરના ચઢાવાની ચોરીના કેસમાં પોલીસે આરોપી અનુકલ્પ મિશ્રા, તેના બનેવી લવકુશ અને કરુણેશ પાંડે પાસેથી સોનાના દાગીના (કાનની બુટ્ટીઓ, લોકેટ) અને 2 લાખ રોકડા જપ્ત કર્યા છે. દાગીનાની કિંમત લગભગ 10 લાખ છે. જોકે, પોલીસે હજુ સુધી ખુલાસો કર્યો નથી કે કેટલા રોકડા અને સામાન કોના ઘરેથી મળ્યા છે?પોલીસે અનુકલ્પની સ્વિફ્ટ કાર પણ જપ્ત કરી છે. પોલીસ અનુકલ્પ મિશ્રાને ગુરુવારે સવારે 9 વાગ્યે તેના ઘરે લઈ ગઈ હતી. ત્યાં લગભગ 20 મિનિટ સુધી તલાશી લીધી. ઘરના સભ્યોની પણ પૂછપરછ કરી.આ પહેલા, બુધવારે પોલીસે લવકુશ મિશ્રા અને કરુણેશ પાંડેને પણ તેમના ઘરે લઈ ગઈ હતી. તેમના ઘરોની પણ તલાશી લીધી હતી.

### હાઈકોર્ટે નિરીક્ષણ માટે વિશેષ અધિકારી નિયુક્ત કર્યા, મોટા ખર્ચ પર રોક

# મમતા TMCના બેંક ખાતાઓમાંથી મર્યાદિત વ્યવહારો કરી શકશે

(એજન્સી) કોલકાતા | તા. 09

કલકત્તા હાઈકોર્ટે ગુરુવારે તૃણમૂલ કોંગ્રેસ (TMC) ના મમતા બેનર્જી જૂથને પક્ષના ફ્રીઝ કરાયેલા ત્રણ બેંક ખાતાઓમાંથી મર્યાદિત વ્યવહારો કરવાની મંજૂરી આપી. જોકે, ખાતાઓમાંથી માત્ર રોજિંદા ખર્ચ અને કાનૂની બાબતો સંબંધિત ખર્ચ જ કરી શકાશે. ખાતાઓના ચુકવણી પર દેખરેખ રાખવા માટે હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધીશ જસ્ટિસ સુબ્રત તાલુકદારની નિમણૂક કરી છે. તેઓ 30 સપ્ટેમ્બર સુધી કામ કરશે.જસ્ટિસ સૌગત ભટ્ટાચાર્યની સિંગલ બેન્ચે આ આદેશ આપ્યો. પક્ષના ત્રણેય ખાતાઓમાંથી કોઈપણ ચુકવણી માટે અધિકૃત હસ્તાક્ષર કરનારાઓમાંથી કોઈપણ બેના હસ્તાક્ષરવાળા ચેક વિશેષ અધિકારી સમક્ષ રજૂ કરવામાં આવશે.





**ખાતા શા માટે ફ્રીઝ કરવામાં આવ્યા? :** 18 જૂને બિધાનનગર પોલીસ કમિશનરેટના સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે TMCના એક ખાનગી બેંકમાં રહેલા ત્રણ ખાતા ગુનાની કમાણી રાખવા માટે ઉપયોગમાં લેવાયા છે.


Nippon India Mutual Fund

Mutual Fund Investor Awareness Program

To increase awareness about Mutual Funds, we conduct Investor Awareness Programmes (IAPs) across the country. The schedule of upcoming IAPs is as mentioned below

| Date | Time | Location |
|---|---|---|
| 11 July, 2026 | 6:30 PM | Ahmedabad |

Venue : Hotel G Express, Nr Siddhivinayak Circle, 5, Beside Kankaria Road, Maninagar, Ahmedabad 380008

Name : Mitresh Joshi | 8976892945

Nippon Life India Asset Management Limited | CIN : L65910MH1995PLC220793

Mutual Fund Investments are subject to market risks, read all scheme related documents carefully.

# છોટાઉદેપુરમાં 'આપ' ની રણનીતિ: ૨૦૨૭ની ચૂંટણી માટે સંગઠન નિર્માણનું અભિયાન શરૂ

અમદાવાદ : આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે આજે છોટા ઉદેપુર લોકસભાના પદાધિકારીઓ સાથે સંગઠન વિસ્તાર મુદ્દે બેઠક કરી. આ બેઠકમાં પ્રદેશ પ્રભારી ગોપાલ રાયની સાથે સાથે પ્રદેશ સંગઠન મંત્રી નિરંજન વસાવા સહિત પ્રદેશના પદાધિકારીઓ, વિધાનસભાના હોદ્દેદારો સહિત સ્થાનિક કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમ મુદ્દે પ્રભારી ગોપાલ રાયે પોતાની વાત કરતા જણાવ્યું હતું કે, સ્થાનિક ચૂંટણીઓ બાદ હવે આમ આદમી પાર્ટી 2027ની વિધાનસભા ચૂંટણીઓની તૈયારીઓ શરૂ કરી દીધી છે, એના માટે સમગ્ર ગુજરાતમાં સંગઠન વિસ્તારના કાર્યક્રમો થઈ રહ્યા છે. તે અંતર્ગત અમે ઉપપ્રમુખો, પ્રદેશ સંગઠન મંત્રીઓ, વિધાનસભા સ્તરે વિધાનસભા સંગઠન મંત્રીઓની નિયુક્તિઓ કરી છે અને તેમના માધ્યમથી અમે તમામ વિધાનસભાઓ તથા તાલુકાઓની સીટોથી લઈને ગ્રામ્ય સ્તર પર હાલ સંગઠન નિર્માણનું




કામ કરી રહ્યા છીએ.વધુમાં પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે જણાવ્યું હતું કે, આજે છોટાઉદેપુર લોકસભાની નાંદોદ વિધાનસભા ખાતે અમે સ્થાનિક પદાધિકારીઓ સાથે મળીને સંગઠન નિર્માણનું કામ આગળ વધાર્યું અને આ કામ મુદ્દે જ આજે સમીક્ષા બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સાથે સાથે છોટા ઉદેપુર લોકસભામાં લોકોની કઈ કઈ સમસ્યાઓ છે જેનું સમાધાન ભાજપના છેલ્લા 30 વર્ષના શાસનમાં આવ્યું નથી તેને લઈને અમે અમારું અભિયાન આગળ વધારીશું. હાલમાં જ આપણે જોયું કે ભાજપે આદિવાસી સમાજની લડાઈ લડવાવાળા આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાને ખોટા કેસમાં ફસાવીને જેલમાં બંધ કર્યા છે. સમગ્ર આદિવાસી સમાજની સાથે સાથે આખા ગુજરાતમાં આ મુદ્દે વિરોધ થઈ રહ્યો છે. સરકાર જે લોકોનો અવાજ દબાવવાની કોશિશ કરી રહી છે તેના વિરુદ્ધ અભિયાન ચલાવવાની રણનીતિ પણ આજની બેઠકમાં તૈયાર કરવામાં આવી.

# એક્ટિવા સ્લીપ થતાં ચાલકનું મોત : અડાલજ કેનાલ બ્રિજ પાસે પુરપાટ ઝડપે જતા સમયે બની ઘટના

ગાંધીનગર | ગાંધીનગરના અડાલજથી ઝુંડાલ તરફ જતા નર્મદા કેનાલ બ્રિજ પાસે પુરપાટ ઝડપે જઈ રહેલું એક્ટિવા સ્લીપ થવાથી ગંભીર ઈજાગ્રસ્ત ચાલકનું એક દિવસની સારવાર પછી મોત નીપજ્યું છે. આ મામલે અડાલજ પોલીસ સ્ટેશનમાં મૃતકની પત્ની દ્વારા જ પોતાના મૃતક પતિ વિરુદ્ધ ગફલતભરી રીતે વાહન ચલાવી અકસ્માત સર્જવા બદલ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મૂળ મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના વસઈ ગામના વતની અને હાલ અમદાવાદના અસારવા વિસ્તારમાં આવેલી નીલકંઠ મહાદેવની અગિયાર ઓરડીઓમાં રહેતા દક્ષાબા રાઠોડે આ મામલે ફરિયાદ નોંધાવી છે. તેમના 34 વર્ષીય પતિ દિલીપસિંહ કનુજી રાઠોડ અમદાવાદના વિજય ચાર રસ્તા ખાતે આવેલી ફિનબોક્સ ફાઈનાન્સની ઓફિસમાં પટાવાળા તરીકે નોકરી કરતા હતા. તેઓ નોકરીએ અપડાઉન કરવા માટે તેમની ઓફિસના એક્ટિવાનો ઉપયોગ કરતા હતા. 30 જૂનના રોજ દિલીપસિંહ અને તેમની પત્ની દક્ષાબા બંને માસીજીની પુણ્યતિથિ નિમિત્તે પોતાના વતન વસઈ ડાભલા ખાતે ગયા હતા. રાત્રે જમી પરવારીને દિલીપસિંહ એકલા જ અમદાવાદ પોતાના ઘરે પરત ફરવાનું કહીને એક્ટિવા લઈને નીકળ્યા હતા. બીજા દિવસે એટલે કે 1 જુલાઈના રોજ વહેલી સવારે પાંચેક વાગ્યાની આસપાસ અડાલજથી ઝુંડાલ તરફ જતા નર્મદા કેનાલ બ્રિજ ચઢતા પહેલાં રોડ ઉપર તેમનું એક્ટિવા અચાનક સ્લીપ થઈ ગયું હતું.

# સુરત મહાનગરપાલિકાનું 'ડિઝાસ્ટર મેનેજમેન્ટ' નિષ્ફળ: સમીક્ષા બેઠકોના નામે માત્ર સીન-સપાટા

સુરત : સુરત મહાનગરપાલિકાના પૂર્વ વિપક્ષ નેતા પાયલ સાકરીયાએ સત્તા પક્ષને આડેહાથ લેતા જણાવ્યું હતું કે, દર વર્ષે ચોમાસામાં સુરતની આ જ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય છે. દર વર્ષે ખાડીમાં પૂર આવે છે અને કોઈને કોઈ વ્યક્તિ પોતાનો જીવ ગુમાવે છે. કોઈ પોતાનું બાળક તો કોઈ પોતાના પિતા ગુમાવે છે. આ પરિસ્થિતિ દર વર્ષે સર્જાય છે. દરેક જગ્યાએ પાણી ભરાઈ જવાના કારણે સુરતના અનેક લોકોના વાહનો ખરાબ થઈ જાય છે, ઘરોમાં પાણી ઘૂસી જવાથી ઘરવખરીનું ભારે નુકસાન થાય છે અને દુકાનોમાં પાણી ભરાવાને કારણે વેપારીઓનો લાખો-કરોડોનો માલસામાન બગડી જાય છે. તેમણે વધુમાં ઉમેર્યું કે, દર વર્ષે આવી પરિસ્થિતિ સર્જાય છે અને દર વર્ષે ભાજપના શાસકો બધો દોષ કુદરત પર ઢોળી દે છે કે આ વર્ષે વધારે વરસાદ પડ્યો! જો દર વર્ષે ચોમાસા પહેલાં 'પ્રી-મોન્સૂન' કામગીરી કરવામાં આવતી હોય, તો એ કામગીરી માત્ર કાગળ પર જ કેમ દેખાય છે? એ બાબતે ભાજપના નેતાઓ તંત્રને સવાલ કેમ નથી પૂછતા? કે પછી આમાં કોઈ મિલીભગત છે? દર વર્ષે ચોમાસા પહેલાં તંત્રની ત્રણ-ત્રણ સમીક્ષા બેઠકો થાય છે. આ બેઠકોની અંદર ભાજપના ધારાસભ્યો શું કામગીરી કરે છે? કેમ કોઈ ધારાસભ્ય આ બાબતે નક્કર કામગીરી કરાવતા નથી? અને જો ધારાસભ્યોથી કામ ન થતું હોય, તો તેમણે ખરેખર રાજીનામું આપી દેવું જોઈએ, કારણ કે



સત્તા પર બેસીને પણ તેઓ તંત્ર પાસે કામ કરાવી શકતા નથી. કોર્પોરેશનની અંદર પણ સમીક્ષા બેઠકો અને ડિઝાસ્ટર મેનેજમેન્ટની મિટિંગો થાય છે. આ તમામ મિટિંગોમાં કોર્પોરેટર, મેયર અને તમામ પદાધિકારીઓ આખરે કરે છે શું? આ દર વર્ષની પરિસ્થિતિ છે, કોઈ એક વર્ષની વાત નથી. જો એકાદ વર્ષ આવું થયું હોત તો સમજી શકાય કે વરસાદ ઘણો વધારે હતો, પણ દર વર્ષે જો આ જ પરિસ્થિતિનું નિર્માણ થતું હોય તો ખરેખર શાસકોએ શરમ અનુભવવી જોઈએ. આ તો પાણીમાં ડૂબી મરવા જેવી સ્થિતિ છે! સમીક્ષા બેઠકોના નામે માત્ર ને માત્ર સીન-સપાટા કરવા, ફોટા પડાવવા અને નાસ્તો કરીને છૂટા પડી જવું - આ જ કામ છે ભાજપના નેતાઓનું! અને છેલ્લે આ બધી બેદરકારીની ભરપાઈ સુરતની જનતાએ જ કરવી પડે છે. આ એ જ સુરત મહાનગરપાલિકા છે જે દેશની ખૂબ સમૃદ્ધ મહાનગરપાલિકા ગણાય છે. આ એ જ સુરત છે જેના નાગરિકો સરકારને કરોડો રૂપિયાનો ટેક્સ ભરે છે અને જેનું જીડીપી (GDP) ખૂબ ઊંચું છે. પરંતુ એના બદલામાં સુરતના લોકોને વળતરમાં શું મળે છે? આફતના સમયે સુરતના લોકો એકબીજાની મદદ કરીને, એકતા બતાવીને આ મુશ્કેલીમાંથી બહાર નીકળવાના તમામ પ્રયાસો જાતે જ કરી લે છે. તો પછી તંત્રની જવાબદારી શું? જ્યારે બેઝમેન્ટમાં પાણી ભરાઈ જાય છે, ત્યારે પણ લોકોએ પોતાના પૈસા ખર્ચીને પાણી કાઢવાના મશીનો મંગાવવા પડે છે. જો તંત્રની કોઈ જવાબદારી જ ન હોય, તો લોકો શા માટે વેરો ભરે અને નિયમો શા માટે પાળે?

## "આપ" એક પરિવાર છે, મુશ્કેલીના સમયે વધુ મજબૂતાઈથી લડીશું : ગોપાલ રાય

# "આપ" ના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે જેલમાં બંધ રજની વસાવા અને સર્જન વસાવાના પરિવારજનોની મુલાકાત લઈ સાંત્વના પાઠવી

**ભરૂચ લોકસભામાં આમ આદમી પાર્ટી વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે સંગઠન વિસ્તાર અંગે તમામ પાસાઓ પર ચર્ચાઓ થઈ : ગોપાલ રાય : ભાજપ સરકારનું દમનચક્ર, ધારાસભ્ય ચૈતર વસાવા, પિયુષ પટેલ, રજની વસાવા અને સર્જન વસાવાને જેલમાં પૂરી જનતાનો અવાજ દબાવવાનો પ્રયાસ : ગોપાલ રાય**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે ભાજપ સરકાર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું છે કે, ઝઘડિયા વિધાનસભાના પ્રભારી તથા જિલ્લા પંચાયત સભ્ય ભાઈ રજની વસાવાજી તેમજ ઝઘડિયા તાલુકા પ્રમુખ સર્જન વસાવાજી, જેઓ હંમેશા સામાન્ય જનતા સાથે થતા અન્યાય સામે ભાજપ સરકાર સામે મજબૂતાઈથી અવાજ ઉઠાવે છે, તેમને સરમુખત્યાર ભાજપ સરકારે જેલમાં પૂરીને જનતાનો અવાજ દબાવવાનો અસફળ પ્રયાસ કર્યો છે. આજે ગોપાલ રાયે જેલમાં બંધ રજનીભાઈ તેમજ સર્જનભાઈના પરિવારજનો સાથે રૂબરૂ મુલાકાત કરીને તેમને સાંત્વના આપી હતી અને ઝઘડિયા વિધાનસભાના હોદ્દેદારો સાથે એક અગત્યની બેઠક યોજી હતી. આ તકે તેમણે જુસ્સો વધારતા કહ્યું કે, આમ આદમી પાર્ટી એક પરિવાર છે અને જ્યારે પણ પરિવાર પર કોઈ મુશ્કેલી આવશે, ત્યારે આપણે સૌ સાથે મળીને વધુ મજબૂતાઈથી આ અન્યાય સામે લડીશું.

આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રભારી ગોપાલ રાયે વધુમાં જણાવ્યું હતું કે, આજે ભરૂચ લોકસભામાં આમ આદમી પાર્ટી વર્ષ ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણી માટે સંગઠન વિસ્તારનું વિશેષ અભિયાન ચલાવી રહી છે. આજની બેઠકમાં સંગઠન વિસ્તાર અંગે તમામ પાસાઓ પર ચર્ચાઓ થઈ કે આગામી સમયમાં સંગઠનને કેવી રીતે



મજબૂત કરવું અને ગામ સ્તર તથા બૂથ સ્તર સુધી કેવી રીતે પહોંચવું. આ સંગઠન સમીક્ષાની સાથે-સાથે આ લોકસભા વિસ્તારની અંદર આજે સરકારે જે આખું દમનચક્ર ચલાવી રાખ્યું છે, તે અંગે પણ વિસ્તૃત ચર્ચા થઈ છે. તેમણે ઉમેર્યું કે, આમ આદમી પાર્ટીના લોકપ્રિય ધારાસભ્ય ચૈતર વસાવાજીની સાથે અનેક સામાન્ય લોકોને ખોટી રીતે પકડીને, સજા આપીને જેલમાં ધકેલી દેવામાં આવ્યા છે. અમારા ભરૂચના જિલ્લા પ્રમુખ પિયુષ પટેલને પણ પકડીને જેલમાં પૂરી દેવાયા છે. આ ઉપરાંત ઝઘડિયા વિધાનસભાના આપણા હોદ્દેદાર અને જિલ્લા પંચાયતના ચૂંટાયેલા સભ્ય રજની વસાવાજી તેમજ સર્જન વસાવાજીને પણ જેલમાં પૂરી દેવામાં આવ્યા છે. જો આ તમામ લોકોને વહેલી તકે ન્યાય નહીં મળે, તો આગામી સોમવારે આમ આદમી પાર્ટીના તમામ કાર્યકરો અને આગેવાનો મોટી સંખ્યામાં જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચશે અને પોતાનું માંગપત્ર તથા આવેદનપત્ર સોંપીને સરકારના આ દમન અને અત્યાચાર સામેની લડાઈને વધુ તેજ બનાવશે.

# આમ આદમી પાર્ટી માત્ર એક રાજકીય પક્ષ નહીં પરંતુ એક પરિવાર છે : ગોપાલ રાય

**ડેડિયાપાડામાં ગોપાલ રાયે ધારાસભ્ય ચૈતર વસાવાના પરિવારની મુલાકાત લઈ ન્યાય માટે લડત ચાલુ રાખવાનો આપ્યો વિશ્વાસ : ચૈતર વસાવા સામેના ખોટા કેસોનો આમ આદમી પાર્ટીનો વિરોધ, ગોપાલ રાયે પરિવારને આપ્યો વિશ્વાસ**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના ગુજરાત પ્રદેશ પ્રભારી ગોપાલ રાયે ડેડિયાપાડાની મુલાકાત દરમિયાન ડેડિયાપાડાના લોકપ્રિય આદિવાસી નેતા અને આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ચૈતર વસાવાના પરિવારજનોની મુલાકાત લઈ તેમને સાંત્વના પાઠવી હતી. તેમણે પરિવારને વિશ્વાસ અપાવ્યો હતો કે આ મુશ્કેલ સમયમાં સમગ્ર આમ આદમી પાર્ટી પરિવાર તેમની સાથે મજબૂતાઈથી ઊભો છે. આ તકે ગોપાલ રાયે જણાવ્યું હતું કે ભાજપ સરકાર દ્વારા રાજકીય દ્વેષભાવના રાખીને ધારાસભ્ય ચૈતર વસાવા અને તેમના સાથીઓ સામે તદ્દન ખોટા કેસો કરીને તેમને જેલમાં મોકલવામાં આવ્યા છે. લોકશાહીમાં વિરોધના અવાજને દબાવવાનો આ પ્રયાસ અત્યંત નિંદનીય છે. તેમણે જણાવ્યું કે ચૈતર વસાવા વર્ષોથી ડેડિયાપાડા વિસ્તારના આદિવાસી સમાજના હકો, જળ-જંગલ-જમીનના પ્રશ્નો તેમજ સામાન્ય લોકોના અધિકારો માટે સતત સંઘર્ષ કરતા લોકપ્રિય જનપ્રતિનિધિ છે. તેમના અવાજને દબાવવા માટે કરવામાં આવતી રાજકીય કાર્યવાહીનો આમ આદમી પાર્ટી કડક વિરોધ કરે છે.

ગોપાલ રાયે ડેડિયાપાડા વિધાનસભાના હોદ્દેદારો અને કાર્યકરો સાથે બેઠક યોજી આગામી કાર્યક્રમો અંગે ચર્ચા કરી હતી. તેમણે જણાવ્યું કે આમ આદમી પાર્ટી માત્ર એક રાજકીય પક્ષ નહીં પરંતુ એક પરિવાર છે. પરિવારના કોઈપણ સભ્ય પર મુશ્કેલી આવે ત્યારે સમગ્ર પરિવાર એકજૂટ થઈને તેની સાથે ઊભો રહે છે અને ન્યાય માટેની લડત વધુ મજબૂતીથી લડે છે. આમ આદમી પાર્ટીએ ચૈતર વસાવા તથા તેમના સાથીઓને તાત્કાલિક ન્યાય મળે, તેમની સામેના ખોટા કેસો પરત ખેંચવામાં આવે અને લોકશાહી મૂલ્યોનું રક્ષણ કરવામાં આવે તેવી માંગ સરકાર સમક્ષ પુનરોચ્ચાર કરી છે.

# News Brief

## અમદાવાદ મંડળના કટોસણ રોડ-રણુજ રેલખંડ પર 9 થી 11 જુલાઈ દરમિયાન CRS દ્વારા સંરક્ષા નિરીક્ષણ



**પશ્ચિમ રેલવે | અમદાવાદ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ દ્વારા રેલવે અવસંરચનાના વિકાસની દિશામાં વધુ એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરવામાં આવી રહી છે. અમદાવાદ મંડળના કટોસણ રોડ-રણુજ (63 કિમી) રેલખંડનું રેલ સુરક્ષા આયુક્ત (Commission of Railway Safety - CRS) દ્વારા 9 થી 11 જુલાઈ, 2026 દરમિયાન સંરક્ષા નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ નિરીક્ષણ આ રેલખંડ પર મુસાફર ટ્રેન સેવાઓના પ્રારંભની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે.

નિરીક્ષણ કાર્યક્રમ મુજબ 9 અને 10 જુલાઈ, 2026ના રોજ મોટર ટ્રોલી દ્વારા રેલખંડનું વિગતવાર નિરીક્ષણ કરવામાં આવશે, જ્યારે 11 જુલાઈ, 2026ના રોજ આ રેલખંડ પર 120 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે એન્જિન સ્પીડ ટ્રાયલ હાથ ધરવામાં આવશે. નિરીક્ષણ દરમિયાન આ રેલખંડ પર ટ્રેનનું સંચાલન ઊચ્ચ ઝડપે કરવામાં આવશે.

નિરીક્ષણ ટીમમાં રેલ સંરક્ષા આયુક્ત (પશ્ચિમ સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ, અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશ, મુખ્ય વહીવટી અધિકારી (નિર્માણ) શ્રી પ્રદીપ ગુપ્તા, ગુજરાત રેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ (G-RIDE)ના ડાયરેક્ટર શ્રી રાજકુમાર, G-RIDEના જનરલ મેનેજર (સિવિલ) શ્રી શિવેન્દ્ર કુમાર, મુખ્ય ટ્રેક ઈજનેર, મુખ્ય પરિચાલન પ્રબંધક (જી) તેમજ નિર્માણ અને ઓપન લાઇન વિભાગોના વરિષ્ઠ અધિકારીઓનો સમાવેશ થાય છે.

રેલ સંરક્ષા આયુક્ત દ્વારા આ પરિવર્તિત બ્રોડગેજ રેલખંડને મુસાફર ટ્રાફિક માટે મંજૂરી આપતા પહેલાં ટ્રેકની ગુણવત્તા, સિગ્નલિંગ વ્યવસ્થા, પુલો, ઓવરહેડ ઈલેક્ટ્રિફિકેશન (OHE) સિસ્ટમ, ઈન્ટરલોકિંગ, ટ્રેક ફિટિંગ્સ, બેલાસ્ટ તેમજ OHEની ઊંચાઈ સહિતના તમામ સલામતી ધોરણોની વિસ્તૃત તપાસ કરવામાં આવશે. આ ઉપરાંત, રેલખંડ પર મહત્તમ સુરક્ષિત ગતિનું પણ પરીક્ષણ કરવામાં આવશે.

અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું હતું કે હાલમાં આ રેલખંડ પર માત્ર માલગાડીઓનું સંચાલન કરવામાં આવી રહ્યું છે. સીઆરએસનું સલામતી નિરીક્ષણ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદ આ માર્ગ પર મુસાફર ટ્રેન સેવાઓ શરૂ કરવાનો માર્ગ મોકળો બનશે. તેનાથી વિસ્તારના મુસાફરોને ઝડપી, સુરક્ષિત અને સુવિધાજનક રેલ મુસાફરી ઉપલબ્ધ થશે તેમજ ઉત્તર ગુજરાતના ગ્રામિણ અને ઔદ્યોગિક વિસ્તારોની રેલ કનેક્ટિવિટીને નવી મજબૂતી મળશે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે આ રેલખંડ હેઠળ બેચરાજી, ખાંભેલ અને ચાણસ્મા જેવા મહત્વપૂર્ણ સ્ટેશનો આવે છે, જે મહેસાણા અને પાટણ જિલ્લાના મુખ્ય કેન્દ્રો છે. મુસાફર ટ્રેન સેવાઓ શરૂ થતાં સ્થાનિક નાગરિકો, વિદ્યાર્થીઓ, નોકરીયાત લોકો તેમજ વેપારીઓને વધુ સારી અને કિફાયતી મુસાફરીની સુવિધા મળશે. ઉપરાંત, દેશના વિવિધ વિસ્તારોમાંથી પ્રસિદ્ધ બેચરાજી મંદિરમાં દર્શન કરવા અને મેળામાં ભાગ લેવા આવતા શ્રદ્ધાળુઓને પણ તેનો વિશેષ લાભ મળશે.

આ પરિયોજના ક્ષેત્રની કૃષિ, લઘુ ઉદ્યોગો અને વેપારિક પ્રવૃત્તિઓને નવી ગતિ આપશે. ખેડૂતોને તેમના કૃષિ ઉત્પાદનોને મોટા બજારો સુધી પહોંચાડવામાં વધુ સુવિધા મળશે, જેના પરિણામે સ્થાનિક અર્થતંત્રને મજબૂતી મળશે. સાથે જ, પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે રોજગારીની નવી તકોનું પણ સર્જન થશે.

આ સિદ્ધિ ભારતીય રેલવેની આધુનિક, સુરક્ષિત અને મુસાફર-કેન્દ્રિત કાર્યપદ્ધતિનું ઉત્તમ ઉદાહરણ છે, જે રાજ્યમાં વધુ સારી રેલ કનેક્ટિવિટી, લોજિસ્ટિક્સ ખર્ચમાં ઘટાડો તેમજ સર્વાંગી આર્થિક વિકાસને નવી દિશા આપશે.

આમ જનતા થી વિશેષ અપીલ : સંરક્ષાની દૃષ્ટિએ આમ નાગરિકોને અપીલ કરવામાં આવે છે કે 9 થી 11 જુલાઈ, 2026 દરમિયાન નિરીક્ષણ સમયગાળા દરમિયાન રેલવે પાટા અને તેની આસપાસના વિસ્તારોમાંથી સુરક્ષિત અંતર જાળવી રાખે તથા કોઈપણ પરિસ્થિતિમાં રેલવે લાઇન ઓળંગવાનો પ્રયાસ ન કરે. નિરીક્ષણ દરમિયાન આ રેલખંડ પર ટ્રેનનું સંચાલન ઉચ્ચ ઝડપે કરવામાં આવશે.

## વન વિભાગની નર્સરીઓમાંથી રોપા જોઈએ છે? માત્ર એક કૉલ કરી લીંક દ્વારા નર્સરીની તમામ વિગતો મળી જશે

ગાંધીનગર | તમે છોડ વાવવા માંગો છો પરંતુ નજીકની ગુજરાત વન વિભાગની નર્સરી શોધવામાં મુશ્કેલી પડી રહી છે? તો હવે તેનો એક સરળ ઉપાય છે. બસ 8320002000 મોબાઈલ નંબર પર ડાયલ કરો. આ કૉલ આપમેળે ડિસ્કનેક્ટ થઈ જશે અને તમારા મોબાઈલ ફોન પર એક લિંક સાથેનો SMS આવશે. આ લિંક ખોલવાથી વન વિભાગની તમામ નર્સરીઓની વિગતો મળી જશે. 'મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલનાં નેતૃત્વ હેઠળ, સમગ્ર ગુજરાતમાં લોકો વૃક્ષોવાવી રાજ્યને હરિત બનાવવા વન વિભાગ મક્કમ છે. નાગરિકોને તેમની આસપાસની વન વિભાગની નર્સરીઓમાંથી સરળતાથી રોપાઓ મળી રહે તે માટેની સરળ વ્યવસ્થા કરવામાં આવી છે. વન વિભાગની સામાજિક વનીકરણ વિંગ દ્વારા ૧૧.૮૦ કરોડ રોપાઓ નાગરિકોને આપવા માટે ઉછેરવામાં આવ્યા છે ,' વન અને પર્યાવરણ મંત્રી શ્રી અર્જુન મોઢવાડિયાએ જણાવ્યું. ગાંધીનગર* : તમે છોડ વાવવા માંગો છો પરંતુ નજીકની ગુજરાત વન વિભાગની નર્સરી શોધવામાં મુશ્કેલી પડી રહી છે? તો હવે તેનો એક સરળ ઉપાય છે. બસ 8320002000 મોબાઈલ નંબર પર ડાયલ કરો. આ કૉલ આપમેળે ડિસ્કનેક્ટ થઈ જશે અને તમારા મોબાઈલ ફોન પર એક લિંક સાથેનો SMS આવશે. આ લિંક ખોલવાથી તમારા વિસ્તારની વન વિભાગની સામાજિક વનીકરણ વિભાગની નર્સરીની સંપર્ક વિગતો, ગૂગલ મેપ્સ (Google Maps) પર તેનું લોકેશન અને સંબંધિત વન અધિકારીઓનાં મોબાઈલ નંબર સહિતની માહિતી મળી જશે. આ વ્યવસ્થા વ્યવસ્થાને કારણે લોકોને વન વિભાગની નર્સરીઓમાંથી રોપાઓ મેળવવામાં સરળતા રહેશે.

# એઆઈ (AI): ભારતીય રેલવે માટે ગેમ ચેન્જર



**લેખિકા, 2009 બેચની ભારતીય રેલવે ટ્રાફિક સેવા (IRTS)ની અધિકારી છે.**

આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આજે વિશ્વભરમાં કાર્ય કરવાની પદ્ધતિઓને ઝડપથી બદલી રહી છે. માર્કેટિંગ, ડેટા વિશ્લેષણ, ખરીદી પ્રક્રિયાથી લઈને દૈનિક કામગીરી સુધી લગભગ દરેક ક્ષેત્રમાં AIનો પ્રભાવ સ્પષ્ટપણે જોવા મળી રહ્યો છે. પુનરાવર્તિત કાર્યોને સ્વચાલિત બનાવીને, બિનજરૂરી પ્રક્રિયાઓને ઘટાડીને તેમજ ઝડપી અને સચોટ વિશ્લેષણ ઉપલબ્ધ કરાવીને AI સંસ્થાઓની કાર્યક્ષમતા, ઉત્પાદકતા અને સ્પર્ધાત્મક ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરી રહી છે.

વિશ્વના સૌથી મોટા રેલ નેટવર્ક્સમાંના એક ભારતીય રેલવે પણ AIના વ્યાપક ઉપયોગ દ્વારા પોતાની પરિચાલન, જાળવણી તથા વાણિજ્યિક પ્રવૃત્તિઓને નવી ઊંચાઈઓ સુધી પહોંચાડી શકે છે.રેલવેમાં AIનો સૌથી મહત્વપૂર્ણ ઉપયોગ પૂર્વાનુમાન આધારિત જાળવણી (Predictive Maintenance)ના ક્ષેત્રમાં થઈ શકે છે. અદ્યતન સેન્સર અને AI ટેકનોલોજીની મદદથી રેલવે પાટાઓમાં આવેલી તિરાડો, ટ્રેક ફિટિંગ્સની ખામીઓ, પુલોની માળખાકીય નબળાઈઓ, ખાસ કરીને એપ્રોચ વિસ્તારની સ્થિતિ તેમજ પાટાઓ અથવા અંડરપાસની આસપાસ વધી રહેલા જળસ્તર જેવી સંભવિત સમસ્યાઓની સમયસર ઓળખ કરી શકાય છે. આના કારણે કોઈપણ મોટી તકનીકી ખામી અથવા અકસ્માતની સંભાવનાને અગાઉથી ઘટાડી શકાય છે. AI માત્ર ખામીઓની ઓળખ સુધી મર્યાદિત નથી, પરંતુ તે ઉપલબ્ધ આંકડાઓનું વિશ્લેષણ કરીને જાળવણી કાર્યોનું વધુ સારી રીતે આયોજન કરવા, સ્પેર પાર્ટ્સ અને સામગ્રીના કાર્યક્ષમ સંચાલન, ખર્ચ નિયંત્રણ તેમજ સમયસર જરૂરી પગલાં સુનિશ્ચિત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. આથી ડેપોમાં નિરીક્ષણ અને જાળવણી માટે લાગતો સમય ઓછો થશે, વેગન અને કોચનો ટર્નઅરાઉન્ડ સમય ઘટશે તેમજ સમય ઉત્પાદકતામાં નોંધપાત્ર સુધારો થશે. AI રેલવે કર્મચારીઓ માટે એક અસરકારક જ્ઞાન ભંડાર (Knowledge Repository) તરીકે પણ કાર્ય કરી શકે છે. જાળવણી ડેપો તથા ટ્રેન સંચાલન સાથે જોડાયેલા કર્મચારીઓને વિવિધ તકનીકી ખામીઓના ઉકેલ, પ્રમાણભૂત પ્રક્રિયાઓ તેમજ અધિકૃત મેન્યુઅલ મુજબ ઝડપી માર્ગદર્શન ઉપલબ્ધ કરાવી શકાય છે, જેના પરિણામે નિર્ણય લેવાની ગતિ અને ગુણવત્તા બંનેમાં સુધારો થશે.ઊર્જા સંરક્ષણના ક્ષેત્રમાં પણ AI અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. તે લોકો પાઇલટોને સૌથી યોગ્ય થ્રોટલિંગ અને ઈંધણ ઉપયોગ સંબંધિત સૂચનો આપીને ઈંધણની ખપત ઘટાડવા, ઊર્જા કાર્યક્ષમતા વધારવા તેમજ ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડો લાવવામાં સહાય કરી શકે છે. આ ઉપરાંત, લોકોમોટિવ તથા મહત્વપૂર્ણ સ્થળોએ સ્થાપિત AI-સક્ષમ કેમેરા અને લેસર સ્કેનર ઓવરહેડ વિદ્યુત ઉપકરણોનું વાસ્તવિક સમય (રિયલ ટાઇમ)માં નિરીક્ષણ કરી શકે છે, માનવરહિત સમપાર ફાટકો અથવા લેવલ ક્રોસિંગ પર ટ્રેક અવરોધોની ઓળખ કરી શકે છે તેમજ વિદ્યુતીકૃત વિસ્તારોમાં અનધિકૃત પ્રવેશ અથવા માનવીય પ્રવૃત્તિઓની તાત્કાલિક જાણકારી સંબંધિત અધિકારીઓ સુધી પહોંચાડી શકે છે. મુસાફરો માટે પણ AI મુસાફરીના અનુભવને વધુ સરળ, સુરક્ષિત અને સુવિધાજનક બનાવી શકે છે. એકીકૃત AI આધારિત પ્લેટફોર્મના માધ્યમથી મુસાફરો પોતાના કોચ, પ્રતીક્ષાલય, વિશ્રામ ગૃહ, તબીબી સુવિધાઓ તેમજ ઓનબોર્ડ સ્ટાફની માહિતી સરળતાથી મેળવી શકશે. ડિજિટલ ઈમેજિંગ અને AIની મદદથી પ્લેટફોર્મ તથા ટ્રેનોમાં ભીડનું વાસ્તવિક સમય (રિયલ ટાઇમ)માં વિશ્લેષણ કરી અસરકારક ભીડ વ્યવસ્થાપન, સંસાધનોનું વધુ સારું આયોજન તેમજ ભવિષ્યના અવસંરચનાત્મક વિકાસમાં સહાય મળશે.જોકે ભારતીય રેલવે એ પોતાની સંપત્તિઓના આધુનિકીકરણની દિશામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, તેમ છતાં વૈશ્વિક સ્તરના કાર્યક્ષમ, અસરકારક અને કિફાયતી રેલ તંત્રના લક્ષ્ય સુધી પહોંચવા માટે હજુ લાંબી સફર બાકી છે. આ ઉદ્દેશ્યની પ્રાપ્તિ માટે રેલ પરિચાલનની મુખ્યધારામાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)નું સુનિયોજિત અને વ્યાપક એકીકરણ અત્યંત જરૂરી છે. AIનો વિવેકપૂર્ણ અને અસરકારક ઉપયોગ ભારતીય રેલવેને વધુ સુરક્ષિત, સ્માર્ટ, ટકાઉ તેમજ વાસ્તવિક અર્થમાં મુસાફર-કેન્દ્રિત બનાવી શકે છે, જેના પરિણામે તે ભવિષ્યના પડકારોનો સફળતાપૂર્વક સામનો કરવા માટે સંપૂર્ણ રીતે તૈયાર થશે. AI માત્ર એક નવી ટેકનોલોજી નથી, પરંતુ ભારતીય રેલવેના ભવિષ્યને નવી દિશા આપનાર એક વાસ્તવિક 'ગેમ ચેન્જર' સાબિત થઈ શકે છે.

**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ ડિવિઝન**

**સી.સી.ટી.વી. કેમેરાઓ માટે વ્યાપક વાર્ષિક જાળવણી કરાર**

**ઈ-ટેન્ડર સૂચના નં.: DRM(M)ADI/5 /2026-27 તારીખ 08.07.26; પાત્ર અને લાયકાત ધરાવતા કોન્ટ્રાક્ટરો પાસેથી નીચે દર્શાવેલ કાર્ય માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરવામાં આવે છે.; કામનું નામ:** ICD-KKF ખાતે જાળવવામાં આવતા કોચોમાં સ્થાપિત CCTV કેમેરાઓ માટે બે (2) વર્ષના ગાળાનો વ્યાપક વાર્ષિક જાળવણી કરાર (CAMC); **ટેન્ડર નં.:** M 442/19/AMC/CCTV/KKF/1/2026-27; **કામની અંદાજિત કિંમત:** ₹ 55,50,299.52/- (રૂપિયા પંચાવન લાખ પચાસ હજાર બ સો નવ્વાણું અને બાવન પૈસા માત્ર); **બિડ સિક્યુરિટી:** ₹ 1,11,000/- (રૂપિયા એક લાખ અગિયાર હજાર માત્ર); **ટેન્ડર બંધ થવાની તથા ખુલવાની તારીખ અને સમય:** ટેન્ડર બંધ થવાનો સમય: તા. 30.07.2026 ના રોજ 15:00 કલાકે અને ટેન્ડર ખુલવાનો સમય: તા. 30.07.2026 ના રોજ 15:30 કલાકે; **વેબસાઇટ તથા સંપૂર્ણ વિગતો ઉપલબ્ધ સ્થળ: ટેન્ડરની સંપૂર્ણ વિગતો, સૂચના તથા અન્ય માહિતી નીચે દર્શાવેલ વેબસાઇટ પર ઉપલબ્ધ છે: https://www.ireps.gov.in;** ટેન્ડર આમંત્રિત કરનાર સત્તાધિકારીનું કાર્યાલય: વરિષ્ઠ કોચિંગ ડેપો અધિકારી, કોચિંગ ડેપો – કાંકરિયા, ગોમતીપુર રેલવે યાર્ડ, નગરી મિલ નજીક, અમદાવાદ (પશ્ચિમ રેલવે) – 380021. **ADI – 097**

અમને લાઈક કરો: facebook.com/WesternRly

# બેચરાજી સ્ટેશન પર સાંસદ તથા રેલવે અધિકારીઓનું સ્થાનિક નાગરિકો દ્વારા ઉષ્માભર્યું સ્વાગત

**પશ્ચિમ રેલવે અમદાવાદ**

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ હેઠળના કટોસણ રોડ-રણુજ રેલખંડ પર મુસાફર રેલ સેવાઓ શરૂ કરવાની દિશામાં એક અત્યંત મહત્વપૂર્ણ તબક્કા રૂપે, રેલવે સંરક્ષા આયુક્ત (CRS) દ્વારા ત્રણ દિવસીય સંરક્ષા નિરીક્ષણનો પ્રારંભ કરવામાં આવ્યો છે. નિરીક્ષણના પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી સુધીના આશરે 25 કિલોમીટર લાંબા રેલખંડનું સઘન અને વિગતવાર નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ અવસરે બેચરાજી સ્ટેશન પર મહેસાણાના માનનીય સાંસદ શ્રી હરિભાઈ પટેલ, રેલવે સંરક્ષા આયુક્ત (વેસ્ટર્ન સર્કલ) શ્રી ઈ. શ્રીનિવાસ અને અમદાવાદના મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશનું સ્થાનિક નાગરિકો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. ક્ષેત્રવાસીઓની લાંબા સમયથી પ્રતીક્ષિત માંગ પૂર્ણ કરવાની દિશામાં આગળ વધેલા મહત્વપૂર્ણ પગલાં : માનનીય મહેસાણા સાંસદ શ્રી હરિભાઈ પટેલે જણાવ્યું કે, બેચરાજી અને આસપાસના વિસ્તારોના લોકો લાંબા સમયથી રેલ સેવાની માંગ કરી રહ્યા હતા, જેમાં કટોસણ, બેચરાજી અને ચાણસ્મા થઈને રણુજ સુધી જતો સર્ક્યુલર રૂટ પણ સામેલ છે. સ્થાનિક લોકોની માંગને ધ્યાનમાં રાખીને અમે રેલ મંત્રી શ્રી



અશ્વિની વૈષ્ણવ સમક્ષ અનેક વખત તેમજ કમિટીમાં પણ આ મુદ્દો ઉઠાવ્યો છે. અમે આ માંગને પ્રાથમિકતા આપવા માટે વિનંતી કરી હતી, ત્યારબાદ અમને જાણ થઈ કે તેનું CRS નિરીક્ષણ થવાનું છે. આ બાબત ઉડ્ડયન મંત્રાલયના અંતર્ગત આવે છે, તેથી અમે સંબંધિત અધિકારીઓ અને રેલ મંત્રીનો સંપર્ક કર્યો હતો. ગુજરાતના રેલવે નેટવર્ક અને મારુતિના નેટવર્કને એકસાથે જોડવા માટે અમે અનેક વિભાગો સાથે મળીને પ્રયાસો કર્યા છે. આજે અમારા માટે શુભ દિવસ છે, કારણ કે આનું નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. આ નિરીક્ષણ પૂર્ણ થયા બાદ બેચરાજીથી લઈને ચાણસ્મા અને રણુજ સુધીના રેલવે માર્ગની તમામ તપાસ પૂર્ણ થઈ જશે અને જો કોઈ ખામી જણાશે તો તેને દૂર કરવા માટે જરૂરી આદેશો આપવામાં આવશે, જેથી કાર્ય પૂર્ણ થઈ શકે. પરિયોજનાની મુખ્ય વિશેષતાઓ : આ અવસરે અમદાવાદના મંડળ રેલ પ્રબંધક શ્રી વેદ પ્રકાશે જણાવ્યું કે, આ રેલખંડ પર લાંબા સમયથી સ્થાનિક જનપ્રતિનિધિઓ અને ક્ષેત્રવાસીઓ દ્વારા મુસાફર રેલ સેવા શરૂ કરવાની માંગ કરવામાં આવી રહી હતી. કોઈપણ નવા રેલખંડ પર મુસાફર ટ્રેનોનું સંચાલન શરૂ કરતા પહેલાં રેલવે સંરક્ષા આયુક્તની મંજૂરી મેળવવી અનિવાર્ય હોય છે. આ જ પ્રક્રિયાના ભાગરૂપે પશ્ચિમ રેલવેના રેલવે સંરક્ષા આયુક્ત દ્વારા આ રેલખંડનું વિસ્તૃત નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.તેમણે જણાવ્યું કે, આશરે 63 કિલોમીટર લાંબા આ રેલખંડના ગેજ પરિવર્તન પ્રોજેક્ટને વર્ષ 2017માં મંજૂરી આપવામાં આવી હતી. આશરે 1000 કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ જી-રાઇડ (G-RIDE) સંયુક્ત ઉપક્રમ અંતર્ગત વિકસાવવામાં આવ્યો છે, જેમાં ભારતીય રેલવે, મારુતિ અને ગુજરાત સરકારની ભાગીદારી છે. આ રેલખંડ પર કુલ 14 સ્ટેશનો વિકસાવવામાં આવ્યા છે.ડીઆરએમે જણાવ્યું કે, આ પરિયોજના એન્જિનિયરિંગની દૃષ્ટિએ અત્યંત પડકારજનક રહી છે. નિરીક્ષણ દરમિયાન 10 મુખ્ય વળાંકો (કર્વ), 20 મોટા પુલો, આશરે 100 નાના પુલો તેમજ 47 લેવલ ક્રોસિંગના સ્થાનો પર નિર્મિત રોડ અંડર બ્રિજ (RUB) સહિત વિવિધ માળખાઓનું સઘન પરીક્ષણ કરવામાં આવી રહ્યું છે.આ ઉપરાંત પ્લેટફોર્મની લંબાઈ, પીવાના પાણીની સુવિધા, મુસાફર સુવિધાઓ, ટ્રેક, સિગ્નલિંગ અને અન્ય સંરક્ષા ધોરણોની પણ વિસ્તૃત તપાસ કરવામાં આવી રહી છે, જેથી ભવિષ્યમાં સુરક્ષિત અને સુચારુ રેલ સંચાલન સુનિશ્ચિત કરી શકાય.તેમણે જણાવ્યું કે, નિરીક્ષણના પ્રથમ દિવસે કટોસણ રોડથી બેચરાજી સુધીનું નિરીક્ષણ પૂર્ણ કરવામાં આવ્યું છે. બીજા દિવસે બેચરાજીથી ચાણસ્મા અને ત્રીજા દિવસે ચાણસ્માથી રણુજ સુધીનું નિરીક્ષણ કરવામાં આવશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

## લક્ઝરી બસમાં ભીષણ આગ, સદનસીબે મોટી જાનહાનિ ટળી

# વડોદરામાં પાર્ક કરેલી લક્ઝરી બસ બની આગનો ગોળો

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરાના આજવા રોડ વિસ્તારમાં આજે પરોઢિયે એક લક્ઝરી બસમાં અચાનક લાગેલી આગને પગલે આસપાસના રહીશો અને વાહનચાલકોમાં ભારે દહેશત ફેલાઈ ગઈ હતી. સરદાર એસ્ટેટ પાસે પાર્ક કરેલી આ બસમાંથી ધુમાડા નીકળતા જોઈ સ્થાનિકોએ તાત્કાલિક ફાયર વિભાગને જાણ કરી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ પ્રકારની જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ બસ સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે.

### પરોઢિયે મચેલી અફરાતફરી

ઘટનાની વિગત મુજબ, વડોદરાના આજવા રોડ પર આવેલ સરદાર એસ્ટેટ પાસે એક લક્ઝરી બસ પાર્ક કરેલી હતી. પરોઢિયે અચાનક જ આ બસના એન્જિનના ભાગેથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું અને ક્ષણવારમાં જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું.

અચાનક ભડકેલી આગની જ્વાળાઓ અને કાળા ડિબાંગ ધુમાડાને લીધે ત્યાંથી પસાર થતા વાહનચાલકોમાં ગભરાટ ફેલાઈ ગયો હતો. વહેલી સવારના સમયે થયેલા આ બનાવને કારણે આસપાસના લોકોમાં પણ દોડધામ મચી ગઈ હતી.





ઘટનાની જાણ થતા જ પાણીગેટ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનોએ ભારે જહેમત ઉઠાવીને અડધા કલાકની અંદર આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લીધો હતો.

આગ એટલી તીવ્ર હતી કે બસનો મોટાભાગનો ભાગ બળીને રાખ થઈ ગયો હતો. ફાયર ફાઈટરોની સમયસૂચકતાને કારણે આગ આસપાસના વાહનો કે અન્ય મિલકત સુધી પહોંચતી અટકી ગઈ હતી.

### પોલીસ તપાસનો ધમધમાટ

બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસનો કાફલો પણ ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે બસના માલિકની ઓળખ મેળવવાની તજવીજ હાથ ધરી છે અને આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ શરૂ કરી છે. હાલમાં, આગ શોર્ટ-સર્કિટને કારણે લાગી હતી કે અન્ય કોઈ કારણસર, તે સ્પષ્ટ થઈ શક્યું નથી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે પાર્ક કરેલી બસમાં કોઈ મુસાફરો કે ડ્રાઈવર ન હોવાને કારણે મોટી જાનહાનિ ટળી ગઈ છે.

વડોદરાના વ્યસ્ત ગણાતા આજવા રોડ પર થયેલી આ ઘટનાએ વાહનચાલકોની સુરક્ષા અંગે પણ સવાલો ઉભા કર્યા છે. જાહેર માર્ગો પર લાંબા સમય સુધી વાહનો પાર્ક કરવા અને તેની જાળવણીના અભાવ અંગે લોકોમાં ચર્ચા જોવા મળી રહી છે. ફાયર વિભાગે આસપાસના લોકોમાં ફેલાયેલી દહેશતને દૂર કરી પરિસ્થિતિને નિયંત્રણમાં લીધી છે, પરંતુ આવી ઘટનાઓ ફરી ન બને તે માટે કડક સુરક્ષા તપાસની જરૂરિયાત પણ અનુભવાય છે.

પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આગામી દિવસોમાં આ મામલે વિસ્તૃત તપાસ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે, ત્યારબાદ જ બસમાં આગ લાગવાની સાચી હકીકત સામે આવશે. અત્યાર પૂરતું તો આ ઘટનામાં માત્ર મિલકતનું નુકસાન થયું છે અને લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

## વડોદરાના તાંદળજામાં મસમોટો ભૂવો પડતા વાહનચાલકો પરેશાન



વડોદરા | વડોદરા શહેરના તાંદળજા વિસ્તારમાં આવેલી આશિયાના સોસાયટી નજીક મુખ્ય માર્ગ પર આજે એક વિશાળ ભૂવો પડી જતા વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. માર્ગની વચ્ચે પડેલા આ ઊંડા ખાડાને કારણે વાહનવ્યવહાર ખોરવાયો છે. માર્ગ પર પડેલા આ વિશાળ ભૂવામાંથી સતત ડ્રેનેજનું દૂષિત પાણી બહાર આવી રહ્યું છે. સ્થાનિકોનું માનવું છે કે ભૂગર્ભ ગટરની લાઈનમાં લીકેજને કારણે જમીનનું ધોવાણ થયું છે, જેના પરિણામે આ આખું રોડનું સ્ટ્રક્ચર નબળું પડ્યું છે. આ ભૂવો વધુ મોટો થવાની અને નજીકના વિસ્તાર સુધી રસ્તો ધસી જવાની પૂરેપૂરી આશંકા છે. કોઈ મોટો અકસ્માત ન સર્જાય તે માટે સ્થાનિક રહીશોએ તાત્કાલિક સાવચેતીના પગલાં ભર્યા હતા. રસ્તાની એક તરફનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવ્યો છે. આમ છતાં, મુખ્ય માર્ગ હોવાને કારણે અહીં ભારે ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ છે, જેનાથી સ્કૂલના વાહનો અને નોકરિયાત વર્ગને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

## બાપોદમાં માત્ર એક મહિનામાં નવો રસ્તો તૂટતા વિવાદ, નબળી કામગીરી સામે લોકોનો રોષ



વડોદરા | શહેરના બાપોદ વિસ્તારમાં દશાલાડ ભવન નજીક બનાવવામાં આવેલો રસ્તો માત્ર એક મહિનામાં જ તૂટી પડતા મ્યુનિસિપલ કોર્પોરેશનની કામગીરી પર ગંભીર સવાલો ઉભા થયા છે. વરસાદી ગટર અને પાણીની લાઇન માટે કરાયેલા ખોદકામ બાદ રસ્તાનું જે રીતે રિસ્ટોરેશન કરવામાં આવ્યું છે, તેમાં નબળી ગુણવત્તાના કારણે માર્ગ પર ઠેરઠેર તિરાડો અને ગાબડાં જોવા મળી રહ્યા છે. દશાલાડ ભવનથી હાઈવે તરફના માર્ગ પર વરસાદી ગટરની લાઈન અને સામેની તરફ પાણીની લાઈન નાખવાની કામગીરી બાદ રસ્તો બનાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત, એમજીવીસીએલ દ્વારા પણ એપ્રોચ રોડ પર ખોદકામ કરવામાં આવતા પરિસ્થિતિ વધુ વણસી છે. માત્ર એક જ મહિનામાં રસ્તો ઉબડખાબડ બની જતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકો માટે અહીંથી પસાર થવું જોખમી બની ગયું છે. સ્થાનિક સામાજિક કાર્યકરે આ બાબતે આકરા પાણીએ વિરોધ દર્શાવતા જણાવ્યું છે કે, નબળી ગુણવત્તાના કામના કારણે પ્રજાના ટેક્સના પૈસાનો બેફામ વેડફાટ થઈ રહ્યો છે. તેમણે કામગીરી કરનાર 'રાજકમલ બિલ્ડર્સ'ને તાત્કાલિક બ્લેકલિસ્ટ કરવાની માંગ કરી છે, જેથી ભવિષ્યમાં અન્ય કોન્ટ્રાક્ટરો પણ આવી બેદરકારી દાખવતા ડરે.

## રાજકોટમાં રોકાણના નામે 80 લાખની મોટી ઠગાઈ, વળતરની લાલચે છેતરાયા

(એજન્સી) રાજકોટ । તા. 09

શહેરના શિતલ પાર્ક સર્કલ પાસે આવેલી 'જાડેજા બ્રધર્સ ગેઈન સર્વિસ' નામની ઓફિસ દ્વારા રોકાણકારોને ઊંચા વળતરની લાલચ આપી રૂા.૮૦ લાખની છેતરપિંડી આચરવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં નિવૃત્ત પ્રિન્સિપાલ જાગૃતિબેન જોષી સહિત છ રોકાણકારોએ કંપનીના ડિરેક્ટર રાજદીપસિંહ જાડેજા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા ચકચાર મચી ગઈ છે.

### ઠગાઈનો કારસો અને વિશ્વાસ સંપાદન

આરોપી રાજદીપસિંહ જાડેજાએ રોકાણકારોને દર મહિને ૩ ટકા જેટલું ઊંચું વળતર આપવાનું આશ્વાસન આપ્યું હતું. શરૂઆતમાં ફરિયાદીઓને સમયસર વળતર ચૂકવીને આરોપીએ તેમનો વિશ્વાસ જીતી લીધો હતો, જેથી રોકાણકારોએ વધુ રકમનું રોકાણ કર્યું હતું. જોકે, ૨૦૨૫ના ઓક્ટોબર માસથી આ કંપનીએ વળતર ચૂકવવાનું બંધ કરી દીધું અને ઓફિસને તાળા મારી આરોપી ફરાર થઈ ગયો હતો.

આ છેતરપિંડીમાં નિવૃત્ત પ્રિન્સિપાલ જાગૃતિબેન જોષી અને તેમના પરિવારના સભ્યોના કુલ રૂા.૨૯ લાખ ડૂબી ગયા છે. આ ઉપરાંત અન્ય રોકાણકારોમાં દામીનીબેન પ્રજાપતિ (૧૫ લાખ), પ્રકાશભાઈ વણજારા (૩ લાખ), સપનાબેન વણજારા (૩ લાખ), અજયભાઈ સોલંકી (૫ લાખ) અને શૈલેષભાઈ ખેર (૨૫ લાખ) નો સમાવેશ થાય છે. આમ, કુલ ૮૦ લાખ રૂપિયાની રકમ આ ઠગબાજે પડાવી લીધી છે.

### પોલીસ તપાસ અને વધુ ખુલાસાની શક્યતા

ફરિયાદના આધારે ગાંધીગ્રામ-૨ પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસનું માનવું છે કે, આ છેતરપિંડીનો આંકડો આવનારા દિવસોમાં હજુ વધી શકે છે, કારણ કે અન્ય ઘણા રોકાણકારો પણ સંપર્કમાં આવી શકે છે. આરોપીએ ૧ હજાર કરોડનું રોકાણ મેળવવાનું ખોટું સપનું બતાવીને લોકોની મૂડી સાથે ખેલ કર્યો છે.

## રાજકોટમાં લોહિયાળ ખેલ: બાઈક ચલાવવા બાબતે ફાયરિંગમાં ભત્રીજાનું મોત

(એજન્સી) રાજકોટ । તા. 09

શહેરના નાનામવા રોડ પર આવેલા મોકાજી સર્કલ નજીક બુધવારે સાંજે બાઈક ચલાવવા જેવી નજીવી બાબતે થયેલી તકરાર એક લોહિયાળ જંગમાં ફેરવાઈ ગઈ હતી. આ અથડામણમાં કરવામાં આવેલા ફાયરિંગમાં કૃષ્ણદીપસિંહ નામના યુવાનનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું, જ્યારે તેમના કાકા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

પ્રાથમિક તપાસ મુજબ, મવડીના નવલનગરમાં રહેતા રણજીત વાળા અને તેમના બે પુત્રો રાજવીર વાળા અને અભી વાળા સાથે કૃષ્ણદીપસિંહની બાઈક ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થઈ હતી. આ માથાકૂટ એટલી હદે વધી ગઈ કે આરોપીઓએ ઉશ્કેરાઈને પોતાના પિતાને હથિયારો સાથે ઘટનાસ્થળે બોલાવી લીધા હતા.

ઘટનાસ્થળે પહોંચેલા આરોપીઓએ કોઈ પણ વિચાર કર્યા વગર સીધું જ રિવોલ્વર જેવા હથિયારથી ફાયરિંગ શરૂ કર્યું હતું. આ સાથે જ તીક્ષ્ણ હથિયારો વડે પણ કાકા-ભત્રીજા પર ઘાતક હુમલો કરવામાં આવ્યો હતો. ભત્રીજા કૃષ્ણદીપસિંહને ગોળી વાગતા તેમનું સ્થળ પર જ કરૂણ મોત થયું હતું, જ્યારે કાકા અત્યારે ગંભીર હાલતમાં હોસ્પિટલમાં જિંદગી અને મોત વચ્ચે ઝોલા ખાઈ રહ્યા છે.

### પોલીસ તપાસ અને આરોપીઓની શોધખોળ

આ ઘટના બાદ વિસ્તારમાં ભારે અરેરાટી વ્યાપી ગઈ છે. આ હુમલામાં ૭ થી ૮ શખસો સામેલ હોવાની આશંકા સેવાઈ રહી છે. પોલીસે આ મામલે ગુનો નોંધીને આરોપીઓને પકડવા માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. ગુનેગારોની આ હિંમત જોઈને સ્થાનિકોમાં કાયદો અને વ્યવસ્થા અંગે ભારે રોષ જોવા મળી રહ્યો છે.

આ ઘટના સાબિત કરે છે કે રાજકોટમાં સામાન્ય વાતમાં પણ હથિયારો કાઢી લેવાનું પ્રમાણ વધી રહ્યું છે, જે ચિંતાજનક છે. પોલીસ આ કેસમાં કડક કાર્યવાહી કરશે તેવી આશા છે.

## મોરબીમાં અરેરાટીભર્યા સાત મોતથી પંથક હચમચી, આત્મહત્યા અને અપમૃત્યુની વણઝાર

(એજન્સી) મોરબી । તા. 09

મોરબી જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં એકસાથે સાત વ્યક્તિઓના મૃત્યુના સમાચાર સામે આવતા સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. આ ઘટનાઓમાં નર્સના આપઘાતથી લઈને બાળકીના શ્વાસ રૂંધાવા સુધીના વિવિધ કારણો સામે આવ્યા છે. આટલી મોટી સંખ્યામાં અપમૃત્યુના બનાવો બનતા પોલીસ તંત્ર પણ હરકતમાં આવ્યું છે.

### હોસ્પિટલની હોસ્ટેલમાં નર્સનો આપઘાત

ઘટનાક્રમની શરૂઆત મોરબીની ક્રિષ્ના હોસ્પિટલની હોસ્ટેલથી થાય છે. દાહોદની વતની ૨૦ વર્ષીય નર્સ પ્રિયંકા રમેશભાઈ નિસરતાએ પોતાની જાતે જ ઈન્જેક્શન લગાવી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. તેને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી, પરંતુ સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. પોલીસે આ યુવતીના મોબાઈલ ડેટા મેળવવાની તજવીજ હાથ ધરી છે જેથી આપઘાતનું ચોક્કસ કારણ જાણી શકાય. જિલ્લામાં નોંધાયેલી અન્ય ઘટનાઓમાં રાજપર ચાચાપર રોડ પર કમલેશ મંડલોઈ (૨૪) નામના યુવાને ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. જ્યારે હળવદના ઈંગોરાળા ગામે ઈતાબેન રાઠવા (૩૨) નામની પરિણીતાએ ઝેરી દવા પી લેતા રાજકોટમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. આ ઉપરાંત, મહેન્દ્રનગર ગામે રહેતા ધુરવીબેન વરમોરા (૨૨) નું ઘરે જ મોત થયું હતું.

### બાળકી અને અજાણ્યા વ્યક્તિનું મોત

અપમૃત્યુના અન્ય કિસ્સાઓમાં લક્ષ્મીનગર ગામે રહેતી ૭ વર્ષીય પીન્કી રવિભાઈ દુડવેને ઉલટી થતા શ્વાસ રૂંધાઈ ગયો હતો અને તેનું મોત થયું હતું. ટીકર ગામની સીમમાં મજૂરી કરતા સંજય ભીલ (૧૮)ને કોઈ ઝેરી જીવજંતુ કરડતા તેમનું મોત થયું હતું. જ્યારે ચોટીલા હાઈવે પરથી એક અજાણ્યા ૫૫ વર્ષીય પુરુષ બેભાન હાલતમાં મળી આવ્યા હતા, જેમને હોસ્પિટલમાં મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

## ટેક્સટાઈલ માર્કેટમાં જળબંબાકાર

# સુરતની ટેક્સટાઈલ માર્કેટમાં વરસાદનું તાંડવ



(એજન્સી) સુરત । તા. 09

સુરત શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ખાબકેલા અંદાજે ૧૮ ઈંચ જેટલા મુશળધાર વરસાદે જનજીવનને ખોરવી નાખ્યું છે. આ આકાશી આફતની સૌથી ગંભીર અને આર્થિક રીતે વિનાશક અસર એશિયાના સૌથી મોટા કાપડના હબ ગણાતી સુરતની ટેક્સટાઈલ માર્કેટ પર પડી છે. જે માર્કેટમાં દરરોજ ૧૫૦ કરોડ રૂપિયાથી વધુનો વેપાર ધમધમતો હોય છે, ત્યાં આજે માત્ર પાણી અને કાદવનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. વેપારીઓ માટે આ સ્થિતિ આર્થિક કમર તોડી નાખનારી સાબિત થઈ છે.

સુરતના રિંગરોડ, બોમ્બે માર્કેટ, પરવત ગામ અને સારોલી જેવા કાપડ વેપારના મુખ્ય વિસ્તારોમાં આવેલી મોટાભાગની માર્કેટોમાં પાણી ઘૂસી ગયા છે. ખાસ કરીને માર્કેટોના બેઝમેન્ટમાં (ભોંયરામાં) આવેલા શો-રૂમ અને દુકાનો સૌથી વધુ પ્રભાવિત થયા છે. પાણીનો પ્રવાહ એટલો ઝડપી હતો કે વેપારીઓને તેમનો કરોડો રૂપિયાનો સામાન સુરક્ષિત સ્થળે ખસેડવાનો સમય પણ મળ્યો નહોતો. પરિણામે, લક્ઝુરિયસ સાડીઓ, ડ્રેસ મટીરીયલ્સ અને કાપડનો મોટો જથ્થો પલળીને બરબાદ થઈ ગયો છે.

બુધવારે સવારે મેઘરાજાએ વિરામ લેતા જ ચિંતાતુર વેપારીઓ પોતાની દુકાનોએ પહોંચ્યા હતા. દ્રશ્યો એટલા હૃદયદ્રાવક હતા કે દુકાનોમાં કાદવ-કીચડ ભરાઈ ગયો હતો અને સામાન કાદવમાં ખરડાયેલો પડ્યો હતો. વેપારીઓ વહેલી સવારથી જ ગંદા પાણીને બહાર કાઢવા અને જે માલ બચી શક્યો છે તેને સાફ કરવામાં ભારે જહેમત ઉઠાવતા જોવા મળ્યા હતા. ઘણી જગ્યાએ માર્કેટની બહાર કાપડ સુકવવાની ફરજ પડી હતી, જે દર્શાવે છે કે નુકસાનનું પ્રમાણ કેટલું વ્યાપક છે.

### આર્થિક માર અને અનિશ્ચિતતા

સુરતની આ ટેક્સટાઈલ માર્કેટ દેશના કાપડ ઉદ્યોગનું હૃદય ગણાય છે. દૈનિક ૧૫૦ કરોડનો વેપાર ઠપ થઈ જતાં માત્ર વેપારીઓને જ નહીં, પરંતુ તેમની સાથે જોડાયેલા હજારો કારીગરો અને મજૂરોને પણ મોટી અસર પહોંચી છે. વેપારીઓના મતે, માલનું નુકસાન તો થયું જ છે, પરંતુ માર્કેટમાં ગ્રાહકોની અવરજવર પણ આગામી કેટલાક દિવસો સુધી બંધ રહેવાની સંભાવના છે. આ સ્થિતિમાંથી બેઠા થતા વેપારીઓને હવે લાંબો સમય અને આર્થિક મદદની જરૂર પડશે.

### તંત્ર અને વેપારીઓ વચ્ચેની સ્થિતિ

ભારે વરસાદને કારણે ડ્રેનેજ સિસ્ટમ પર પણ દબાણ વધ્યું હતું, જેના કારણે કાપડ બજારના વિસ્તારોમાં પાણીનો નિકાલ ધીમો રહ્યો હતો. વેપારીઓ હવે વહીવટીતંત્ર પાસે વધુ સારી વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાની માંગ કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં આવી સ્થિતિ ફરી ન સર્જાય. હાલમાં પ્રાથમિકતા સાફ-સફાઈ અને નુકસાનનો અંદાજ કાઢવાની છે, પરંતુ કાપડ બજારને જે ફટકો પડ્યો છે તે આગામી કેટલાક મહિનાઓ સુધી અનુભવાશે તે નક્કી છે.

## 22 નિર્દોષોને યાદ કરતા પરિવાર, નરસિંહપુરાના યુવાનની લાશ હજુ લાપતા

# ગંભીરા બ્રિજ દુર્ઘટનાને 1 વર્ષ પૂર્ણ, પરિવાર હજી પણ શોકમાં

(એજન્સી) વડોદરા । તા. 09

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના મુજપુર પાસે મહી નદી પરના ગંભીરા બ્રિજની દુર્ઘટનાને આજે એક વર્ષ પૂર્ણ થયું છે. ૯ જુલાઈ ૨૦૨૫ના રોજ સર્જાયેલી આ ભયાનક હોનારતમાં ૨૨ નિર્દોષ નાગરિકોએ જીવ ગુમાવ્યા હતા. એક વર્ષ વીતી ગયા છતાં, આ દુર્ઘટનાના ઘા પરિવારજનો માટે હજુ પણ તાજા છે, ખાસ કરીને એવા પરિવારો માટે જેમણે પોતાના પ્રિયજનોને કાયમ માટે ગુમાવી દીધા છે.

આ કમનસીબ ઘટનામાં સૌથી વધુ પીડાદાયક કિસ્સો પાદરાના નરસિંહપુરા ગામના યુવાન વિક્રમ પઢિયારનો છે. ઘટનાના એક વર્ષ પછી પણ વિક્રમનો પત્તો ન મળતા પરિવાર આઘાતમાં છે. વિક્રમના પિતાએ ભારે હૈયે જણાવ્યું હતું કે તે દિવસ ક્યારેય ભૂલી શકાય તેમ નથી. વિક્રમ અને તેના પિતરાઈ ભાઈ રાજેશ ચાવડા એક જ કંપનીમાં નોકરી કરતા હતા અને તે દિવસે સાથે જ કામ પર નીકળ્યા હતા. રાજેશના મૃતદેહની ઓળખ થઈ ગઈ હતી, પરંતુ વિક્રમ આજે પણ લાપતા છે. વિક્રમની નવ માસની પુત્રી અને તેનો પરિવાર હવે સરકારી નિયમ મુજબ ડેથ સર્ટિફિકેટ મળે તેની રાહ જોઈ રહ્યા છે, જેથી તેઓ આ દુઃખદ પ્રકરણને કાયદાકીય રીતે પૂર્ણ કરી શકે.

### ખખડધજ બ્રિજની લાપરવાહી

ગંભીરા બ્રિજની દુર્ઘટનાએ સમગ્ર રાજ્યને હચમચાવી દીધું હતું. બ્રિજની જર્જરિત હાલત હોવા છતાં તેને ભારે વાહનો માટે બંધ ન કરવામાં આવ્યો, જે વહીવટીતંત્રની ગંભીર લાપરવાહી સાબિત થઈ હતી. સવારના સમયે જ્યારે લોકો નોકરી અને ધંધાર્થે જઈ રહ્યા હતા, ત્યારે બ્રિજ તૂટી પડતા અનેક વાહનો નદીના ઊંડા પાણીમાં ખાબક્યા હતા. આ ઘટનામાં ૨૨ નિર્દોષ



લોકોના મોત નીપજ્યા હતા, જે સુરક્ષા વ્યવસ્થા સામે મોટા પ્રશ્નો ઉભા કરી ગયા હતા.

દુર્ઘટના બાદ વહીવટીતંત્ર હરકતમાં આવ્યું હતું અને મહી નદી પર ૨૧૨ કરોડના ખર્ચે નવો બ્રિજ બનાવવાનું કામ શરૂ કરવામાં આવ્યું હતું. મંગલમ બિલ્ડકોન નામની એજન્સી દ્વારા નિર્માણાધીન આ બ્રિજનું ૯૦ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ગયું હોવાનો તંત્ર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. જોકે, બ્રિજ સંપૂર્ણ રીતે તૈયાર થાય તે પહેલાં જ વાહનોની અવરજવર શરૂ થાય તેવો ટાર્ગેટ રાખવામાં આવ્યો છે. આ બ્રિજ વડોદરા અને આણંદ જિલ્લાને જોડવા માટે ખૂબ જ મહત્વનો છે.

ગંભીરા બ્રિજની આ પ્રથમ વરસી માત્ર એક તારીખ નથી, પરંતુ અનેક પરિવારો માટે એક કાળી યાદ છે. એક વર્ષ પછી પણ લાપતા યુવાનની શોધ અને પરિવારનું દર્દ એ વાતની સાક્ષી પૂરે છે કે આવી હોનારતો માત્ર માનવજાતને જ નહીં, પરંતુ સમગ્ર સમાજને ઊંડો ઘા આપે છે. ભલે તંત્ર નવો બ્રિજ બનાવી રહ્યું હોય, પણ આ ઘટનામાં જેમણે પોતાના સ્વજનો ગુમાવ્યા છે, તેમની ખોટ ક્યારેય પૂરી શકાય તેમ નથી. આજે સમગ્ર વિસ્તારમાં આ ઘટનાના પીડિતોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી રહી છે.

## લોકોની સતર્કતાથી ચોર ઝડપાયો

# નિઝામપુરામાં ચોરી કરવા ઘુસેલો ચોર લોકોએ ઝડપ્યો

(એજન્સી) વડોદરા । તા. 09

શહેરના પોશ ગણાતા નિઝામપુરા વિસ્તારમાં ધોળે દિવસે ચોરીનો પ્રયાસ કરનાર એક શખ્સ સ્થાનિક લોકોની સમયસૂચકતા અને સતર્કતાને કારણે પોલીસના સકંજામાં આવી ગયો છે. એલજી નગરમાં રહેતા અનિલભાઈ ક્રિશ્નનના મકાનને નિશાન બનાવનાર ચોરને લોકોએ પૂરી દઈ પોલીસને હવાલે કર્યો હતો.

ગઈકાલે બપોરે આશરે ૪:૦૦ વાગ્યાના સુમારે, જ્યારે ઘરમાં કોઈ નહોતું ત્યારે પંકજ વિજયભાઈ મારવાડા નામનો શખ્સ ચોરી કરવાના ઈરાદે ઘરમાં ઘૂસી ગયો હતો. આ ઘટના પર નજીકમાં રહેતા અનિલભાઈના એક પરિચિતની નજર પડી ગઈ હતી. પરિસ્થિતિની ગંભીરતા સમજીને લોકોએ તાત્કાલિક એકઠા થઈને ઘરનો મુખ્ય દરવાજો બહારથી બંધ કરી દીધો હતો અને પોલીસને તુરંત જાણ કરી હતી.

ઘટનાની જાણ થતાં જ પોલીસની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. પોલીસે મકાનનો દરવાજો ખોલી અંદર તપાસ કરતા ચોર બાથરૂમમાં છુપાયેલો હોવાનું માલૂમ પડ્યું હતું. પંકજે પોતાની ધરપકડથી બચવા માટે બાથરૂમનો દરવાજો અંદરથી બંધ કરી દીધો હતો, પરંતુ પોલીસે તેને બહાર કાઢીને સબક શીખવ્યો હતો. પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા શખ્સનું નામ પંકજ વિજયભાઈ મારવાડા હોવાનું અને તે વારસિયા વિસ્તારનો રહેવાસી હોવાનું સામે આવ્યું છે.

આ કિસ્સો દર્શાવે છે કે જો લોકો પોતાના વિસ્તારમાં સતર્ક રહે, તો ગુનાખોરી પર અંકુશ મેળવવો સરળ બને છે. સ્થાનિકોએ બતાવેલી આ સતર્કતાને કારણે મકાન માલિકને થનારું મોટું નુકસાન અટકી ગયું છે. પોલીસે હવે પંકજની આકરી પૂછપરછ શરૂ કરી છે જેથી તે અગાઉ પણ કોઈ ચોરીની ઘટનામાં સંડોવાયેલો છે કે કેમ, તે અંગે વધુ વિગતો જાણી શકાય.

આ ઘટના બાદ નિઝામપુરા વિસ્તારમાં રહીશોને વધુ સાવધ રહેવા માટે સૂચના આપવામાં આવી છે. ચોરની ધરપકડથી લોકોમાં હાશકારો જોવા મળ્યો છે.

## 12 શાળાઓ ડિમોલિશનની પ્રક્રિયામાં

# શાળાઓના ડિમોલિશનથી વિદ્યાર્થીઓ અને વાલીઓ મુશ્કેલીમાં

(એજન્સી) વડોદરા । તા. 09

ખંડેરાવ માર્કેટ ખાતે મ્યુનિસિપલ કોર્પોરેશનની વડી કચેરીમાં મેયરની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષણ સમિતિના અધિકારીઓ અને હોદ્દેદારો સાથે મળીને શાળાના ડિમોલિશન અને નવા બાંધકામની પ્રક્રિયા અંગે ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. હાલમાં ૧૨ શાળાઓ ડિમોલિશનની પ્રક્રિયા હેઠળ હોવાથી વિદ્યાર્થીઓના સ્થળાંતરનો પ્રશ્ન જટિલ બન્યો છે. શહેરની ૧૨ જેટલી શાળાઓ હાલ ડિમોલિશન હેઠળ છે. જ્યાં નવી ઈમારતોનું બાંધકામ ચાલી રહ્યું છે ત્યાંના વિદ્યાર્થીઓને નજીકની અન્ય શાળાઓમાં ખસેડવામાં આવ્યા છે. આ સ્થળાંતરની પ્રક્રિયાના કારણે વાલીઓ, વિદ્યાર્થીઓ અને શિક્ષકોને દૈનિક મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. શિક્ષણનું આયોજન ખોરવાતા વાલીઓમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે.

આ બેઠકમાં ફતેગંજની મહારાણા પ્રતાપ અને તાંદળજાની સુભાષચંદ્ર બોઝ એમ બે ઈમારતોમાં ચાલતી ચાર શાળાઓને મળેલી જર્જરિતની નોટિસો પર પણ ખાસ ચર્ચા થઈ હતી. મેયરે સ્પષ્ટ સૂચના આપી છે કે, જે શાળાઓમાં સમારકામ શક્ય હોય ત્યાં તાત્કાલિક રિપેરિંગ કામ શરૂ કરવામાં આવે, જ્યારે જે ઈમારતો અત્યંત જોખમી જણાય તેને તુરંત ડિમોલિશન કરીને વિદ્યાર્થીઓની સુરક્ષા સુનિશ્ચિત કરવામાં આવે. કોર્પોરેશન અને શિક્ષણ સમિતિ વચ્ચેના સંકલનના અભાવે થતી સમસ્યાઓને દૂર કરવા માટે હવે એક નવી માર્ગદર્શિકા તૈયાર કરવામાં આવશે. આ માર્ગદર્શિકાના માધ્યમથી ભવિષ્યમાં બાંધકામ અને ડિમોલિશનની કામગીરી વધુ ઝડપી અને પારદર્શક બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે.

તંત્ર દ્વારા લેવાયેલા આ નિર્ણયો ભવિષ્યમાં બાળકોને સુવિધાયુક્ત અને સુરક્ષિત શાળાકીય ઈમારતો આપવા માટે લેવામાં આવ્યા છે, પરંતુ જ્યાં સુધી નવા બાંધકામો પૂર્ણ ન થાય ત્યાં સુધીની વૈકલ્પિક વ્યવસ્થા વધુ મજબૂત હોવી અત્યંત જરૂરી છે.

## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**
આજે સ્વાસ્થ્ય બરાબર રહેશે. જૂની શિલ્પકૃતિઓ તથા ઘરેણાંમાં રોકાણ લાભ તથા સમૃદ્ધિ લાવશે. તમારી પત્ની પરનો કામનો બોજ ઘટાડવા ઘરના કામકાજમાં તેની મદદ કરજો. આ બાબત શૅરિંગ તથા આનંદની લાગણીને પ્રોત્સાહિત કરશે.

**વૃષભ : બ. વ. ઉ.**
બાળકો તમારી પસંદગી મુજબનું વર્તન નહીં કરે- જે તમારો ગુસ્સો વધારી મુકશે. તમારે તમારી જાતને રોકવી જોઈએ, કેમ કે નિરંકુશ ગુસ્સો સૌને નુકસાન કરે છે અને ખાસ કરીને જે વ્યક્તિ ગુસ્સામાં છે તેને સૌથી વધુ નુકસાન કરે છે.

**મિથુન : ક. છ. ઘ.**
જો તમે યાત્રા પર જવાવાળા હો તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે ચોરી થવા ની શક્યતા છે, ખાસ કરીને પર્સ નું ધ્યાન રાખો તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**કર્ક : ડ. હ.**
તમારા મિત્રો અથવા પરિવારના સભ્યો સાથેની મજા માટેની ટ્રીપ તમને નિરાંતવા બનાવશે. બૅન્કને લગતા કાર્યો ખૂબ જ તકેદારીપૂર્વક પાર પાડવાની જરૂર પડશે. બાળકો વધુ ધ્યાનની માગ કરશે.

**સિંહ : મ. ટ.**
તમે તમારા હકારાત્મક અભિગમ તથા આત્મવિશ્વાસ દ્વારા તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરો એવી શક્યતા છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે.

**કન્યા : પ. ઠ. ણ.**
જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો.

**તુલા : ર. ત.**
આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. આજે ઘરના કેટલાક સંવેદનશીલ મુદ્દા ઉકેલવા તમારે તમારૂં બુદ્ધિચાર્તુય તથા ધાક અજમાવવાની જરૂર પડશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો.

**વૃશ્ચિક : ન. ય.**
માનસિક શાંતિ માટે તમારી જાતને કોઈ દાન કે સખાવતી પ્રવૃત્તિમાં સાંકળો. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે.

**ધન : ભ. ધ. ફ. ઢ.**
પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂ છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પ ર ા ધ ી ન ત ા આવી શકે છે.

**મકર : ખ. જ.**
માનસિક તથા મૂલ્ય શિક્ષણની સાથે શારીરિક શિક્ષણ લેશો તો જ તમારો સંપૂર્ણ વિકાસ શક્યા બનશે. યાદ રાખો એક સ્વસ્થ શરીરમાં જ એક સ્વસ્થ મગજ વસે છે. પોતાનું ધન સંચય કેવી રીતે કરવું છે તે હુનર તમે આજે શીખી શકો છો.

**કુંભ : ગ. સ. શ. ષ.**
તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. લાંબા ગાળાથી આવવાના બાકી નાણાં અથવા કોઈને ઉછીની આપેલી રકમ પરત આખરે પરત મળશે. તમારા પરિવારના સભ્યો રાઈનો પહાડ બનાવી મુકે એવી શક્યતા છે.

**મીન : દ. ચ. ઝ. થ.**
શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. પરિવારના સભ્યો તથા જીવનસાથી કેટલીક સમસ્યા સર્જશે.

# જુનાગઢ જિલ્લામાં પ્રથમ વખત: માત્ર ૧ મહિનાના નવજાત શિશુ 'રામ' પર લેપ્રોસ્કોપિક હર્નિયા સર્જરી સફળતાપૂર્વક સંપન્ન

નરેન્દ્ર દવે જૂનાગઢ

જી.એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ (સિવિલ હોસ્પિટલ), જુનાગઢ ખાતે તબીબી ક્ષેત્રે એક સુવર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ હાંસલ થઈ છે. હોસ્પિટલ ખાતે સારવાર મેળવી રહેલા દર્દી નીમુબેન અને શૈલેષભાઈ અત્રોલિયાના માત્ર ૧ મહિનાના નવજાત પુત્ર 'રામ' ને જમણી બાજુના જન્મજાત સારણ ગાંઠ (Congenital Inguinal Hernia) હોવાનું નિદાન થયું હતું. આ અત્યંત સંવેદનશીલ કિસ્સામાં હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમ દ્વારા આધુનિક લેપ્રોસ્કોપિક (દૂરબીન) પદ્ધતિથી સફળ સર્જરી કરવામાં આવી છે, જે જુનાગઢ જિલ્લામાં આ પ્રકાર ની પ્રથમ અને ઐતિહાસિક સર્જરી છે. આ ઓપરેશન ખાનગી હોસ્પિટલ માં કરાવવામાં આવે તો એક લાખથી પણ વધારે ખર્ચો થતો હોય છે અને આવી લેપ્રોસ્કોપિક સર્જરી માટે દર્દી ને રાજકોટ સુધી જવું પડતું હોય છે. પ્રસૂતિથી લઈને નિદાન અને સારવાર સુધીની સેવા એક જ છત્ર નીચે બાળક 'રામ' ના માતા-પિતા માટે આ હોસ્પિટલ આશીર્વાદરૂપ સાબિત થઈ છે. બાળકની પ્રસૂતિ (delivery) થી લઈને તેના જન્મજાત રોગના ચોક્કસ નિદાન (diagnose) સુધીની તમામ જટિલ પ્રક્રિયાઓ કોઈ પણ



ખાનગી હોસ્પિટલમાં ગયા વિના, માત્ર જી. એમ.ઈ.આર.એસ. જનરલ હોસ્પિટલ ખાતે જ અત્યંત કાળજીપૂર્વક અને વિનામૂલ્યે પૂર્ણ કરવામાં આવી હતી.

પડકારજનક સર્જરી અને તબીબોનું કૌશલ્ય આ નાજુક સર્જરી હોસ્પિટલના લેપ્રોસ્કોપિક સર્જન ડૉ. કુલદીપ વાણવી અને ડૉ.રૈયા ગરચર દ્વારા ભારે જહેમત અને કૌશલ્યપૂર્વક કરવામાં આવી હતી. તબીબી નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, માત્ર એક મહિનાના અત્યંત નાના નવજાત શિશુ પર લેપ્રોસ્કોપિક પદ્ધતિથી ઓપરેશન કરવું ખૂબ જ પડકારજનક અને અત્યંત નાજુક ગણાય છે. આ સફળતાએ જુનાગઢ જિલ્લાના સરકારી આરોગ્ય ક્ષેત્રે સારવારની ગુણવત્તાનો એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. ૨૪ કલાકમાં રજા અને સફળ ટીમ વર્ક આ આધુનિક પદ્ધતિથી થયેલી સર્જરી બાદ બાળકની તબિયતમાં ઝડપી સુધારો જોવા મળ્યો હતો.

ઓપરેશન ના માત્ર ૨૪ કલાકમાં જ કોઈપણ પ્રકારની શારીરિક જટિલતા વગર બાળક રામને સ્વસ્થ અવસ્થામાં હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.આ ભગીરથ સફળતા પાછળ હોસ્પિટલના: એનેસ્થેસિયા વિભાગ, બાળરોગ વિભાગ (પીડિયાટ્રિક ડિપાર્ટમેન્ટ)ઓપરેશન થિયેટર (OT) નર્સિંગ સ્ટાફના તમામ સભ્યોએ એક ટીમ તરીકે શ્રેષ્ઠ અને સંકલિત સેવાઓ આપી હતી.

આ અભૂતપૂર્વ સિદ્ધિ બદલ જી.એમ.ઈ. આર.એસ. જનરલ હોસ્પિટલના મેડિકલ સુપ્રિટેન્ડન્ટ (MS) ડૉ.કૃતાર્થ બ્રહ્મભટ્ટે સમગ્ર ઓપરેશન ટીમ, એનેસ્થેસિયા અને નર્સિંગ સ્ટાફની ઉત્કૃષ્ટ કામગીરીને હૃદયપૂર્વક બિરદાવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'એક જ હોસ્પિટલ પરિસરમાં ડિલિવરીથી લઈને આટલી જટિલ સર્જરી સુધીની સારવાર સફળતાપૂર્વક પૂર્ણ થવી તે આપણી હોસ્પિટલની ઉચ્ચ ગુણવત્તાયુક્ત તબીબી સજ્જતા અને મજબૂત ટીમ વર્કનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. આ સિદ્ધિ ભવિષ્યમાં વધુ જટિલ કેસોની સારવાર માટે હોસ્પિટલના સ્ટાફને પ્રોત્સાહિત કરશે.

# જૂનાગઢ જિલ્લાના ચાર વિદ્યાર્થીઓના સપના થયા સાકાર કરતી સરકારની સંવેદનશીલ પહેલ

નરેન્દ્ર દવે જૂનાગઢ

ઉચ્ચ શિક્ષણ માત્ર ડિગ્રી મેળવવાનું સાધન નથી, પરંતુ ઉજ્જવળ ભવિષ્યના દ્વાર ખોલતી ચાવી છે. આર્થિક મુશ્કેલીઓના કારણે કોઈપણ પ્રતિભાશાળી વિદ્યાર્થીનું વિદેશમાં અભ્યાસ કરવાનું સ્વપ્ન અધૂરું ન રહી જાય તે માટે ગુજરાત સરકારના સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા ડૉ. આંબેડકર વિદેશ અભ્યાસ સ્કોલરશીપ લોન યોજના અમલમાં મૂકવામાં આવી છે. અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ માટે આ યોજના આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. જૂનાગઢ ખાતે અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરી દ્વારા આ યોજનાનું અસરકારક અમલીકરણ કરવામાં આવી રહ્યું છે. શ્રી ચેતન ઈન્ચાર્જ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ, જૂનાગઢ જણાવે છે કે સરકાર દ્વારા આ યોજના હેઠળ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છુક અનુસૂચિત જાતિના વિદ્યાર્થી ઓને રૂ.૧૫ લાખ સુધીની લોન માત્ર ચાર ટકાના મામૂલી વ્યાજદરે આપવામાં આવે છે. વિદ્યાર્થી પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને સ્થાયી થાય ત્યારબાદ આ રકમ પરત કરવાની હોય છે, જેના કારણે અભ્યાસ દરમિયાન આર્થિક બોજ અનુભવવો પડતો નથી. તેઓ વધુમાં જણાવે છે કે વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન જૂનાગઢ જિલ્લામાંથી ચાર વિદ્યાર્થીઓને આ યોજના હેઠળ વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે લાભ અપાવવામાં આવ્યો છે. અગાઉ પણ અનેક વિદ્યાર્થીઓએ આ યોજનાનો લાભ મેળવી વિદેશમાં ઉચ્ચ શિક્ષણ પૂર્ણ કરીને પોતાની સફળ કારકિર્દીનું નિર્માણ કર્યું છે.

આજે તેઓ અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે અને સરકારની આ યોજનાની સફળતાનો જીવંત પુરાવો રજૂ કરે છે.આ યોજનાથી લાભાન્વિત થયેલા જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકાના ભાલા ગામના વિદ્યાર્થી જયદીપભાઈ વાઢેર પોતાની લાગણી વ્યક્ત કરતાં કહે છે કે ડિપ્લોમા પૂર્ણ કર્યા બાદ તેમની વિદેશમાં ઉચ્ચ અભ્યાસ કરવાની પ્રબળ ઈચ્છા હતી. વિદેશની યુનિવર્સિટીમાંથી તેમને પ્રવેશ માટે ઓફર લેટર પણ મળી ગયો હતો. પરંતુ પરિવારની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાથી સ્વપ્ન સાકાર કરવું મુશ્કેલ લાગતું હતું.તે દરમિયાન તેમને ગુજરાત સરકારની ડૉ.આંબેડકર વિદેશ ઉચ્ચ અભ્યાસ સ્કોલરશીપ લોન યોજના વિશે માહિતી મળી. ત્યારબાદ તેમણે જૂનાગઢ અનુસૂચિત જાતિ કલ્યાણ કચેરીનો સંપર્ક કર્યો. કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓના માર્ગદર્શન તથા સહયોગથી અરજી પ્રક્રિયા પૂર્ણ કરી અને ખૂબ જ ટૂંકા સમયમાં ગાંધીનગર કચેરી દ્વારા તેમની લોન મંજૂર કરવામાં આવી. પરિણામે વિદેશમાં અભ્યાસ કરવાનું તેમનું સ્વપ્ન સાકાર થવાના માર્ગે આગળ વધ્યું.

# જૂનાગઢ ખાતે તા.૧૦ જુલાઈએ રોજગાર ભરતી મેળો યોજાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ જિલ્લાના રોજગારવાંચ્છુ ઉમેદવારોને આર્થિક રીતે પગભર કરવા અને ખાનગી ક્ષેત્રમાં રોજગારીની ઉત્કૃષ્ટ તકો પૂરી પાડવાના હેતુથી જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા આગામી તારીખ ૧૦/૦૭/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળો જિલ્લા રોજગાર કચેરી, "બી" વિંગ, પ્રથમ માળ, બહુમાળી ભવન, જૂનાગઢ ખાતે યોજાશે. આ મેળામાં ખ્યાતનામ નોકરીદાતાઓ જેવા કે મધર ડેરી, સ્ટાર હેલ્થ એન્ડ એલાઈડ ઈન્સ્યુરન્સ કંપની તેમજ કાસ્ટેક ફાઉન્ડ્રી-જૂનાગઢ ઉપસ્થિત રહીને ઉમેદવારોની સીધી પસંદગી કરશે. આ ઈન્ટરવ્યુ પ્રક્રિયામાં સ્નાતક (Graduate), ડિપ્લોમા કે આઈ.ટી.આઈ. (ITI) ની શૈક્ષણિક લાયકાત ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની વયજૂથના તમામ લાયક ઉમેદવારો ભાગ લઈ શકશે.

# જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ૪૬ વિદ્યાર્થીઓ ની પ્રતિષ્ઠિત 'SHODH' ફેલોશીપ માટે પસંદગી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી એ શૈક્ષણિક અને સંશોધન ક્ષેત્રે વધુ એક ગૌરવપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા સંશોધનને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરાયેલી 'SHODH' (Scheme of Developing High-quality Research) યોજના અંતર્ગત યુનિવર્સિટીના વિવિધ વિદ્યાશાખાના ૪૬ પીએચ.ડી. (Ph.D.) સંશોધક વિદ્યાર્થીઓની આ પ્રતિષ્ઠિત ફેલોશીપ માટે પસંદગી કરવામાં આવી છે. કૃષિ ક્ષેત્રે નૂતન અને ગુણવત્તાસભર સંશોધનો કરતા વિદ્યાર્થીઓ માટે આ એક મોટી પ્રોત્સાહક સિદ્ધિ છે. આ યોજના અંતર્ગત પસંદગી પામેલા વિદ્યાર્થીઓને પીએચ. ડી.ના સંશોધન કાર્ય માટે સરકાર તરફથી નિયત માસિક સ્ટાઈપેન્ડ આપવામાં આવે છે. આ ઉપરાંત, સંશોધન સામગ્રી અને અન્ય ખર્ચ માટે વાર્ષિક કન્ટીજન્સી ગ્રાન્ટ પણ મળવાપાત્ર રહે છે. આ આર્થિક સહાયને કારણે વિદ્યાર્થીઓ કોઈપણ નાણાકીય ચિંતા વગર પોતાના સંશોધન પર ધ્યાન કેન્દ્રિત કરી વૈશ્વિક સ્તરનું કામ કરી શકશે. આ અભૂતપૂર્વ સફળતા બદલ જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી, સંશોધન નિયામકશ્રી તેમજ અનુસ્નાતક વિદ્યા શાખાના ડીનશ્રી ,વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કુલસચિવશ્રી તથા વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિઓના નિયામકશ્રી દ્વારા તમામ ૪૬ વિદ્યાર્થીઓ અને તેમના માર્ગદર્શક પ્રોફેસરોને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે. આ ફેલોશીપ વિદ્યાર્થીઓને કૃષિ ક્ષેત્રે એવા પ્રયોગો અને સંશોધનો કરવા માટે પ્રેરિત કરશે, જેનો સીધો લાભ રાજ્યના અને દેશના ખેડૂતોને મળશે. આ સફળતા યુનિવર્સિટીના ઉચ્ચ શૈક્ષણિક સ્તરને દર્શાવે છે. પસંદગી પામેલા વિદ્યાર્થીઓ કૃષિ, બાગાયત, કૃષિ ઈજનેરી વગેરે જેવા મહત્વના વિષયો પર ઊંડાણપૂર્વક સંશોધન કરી રહ્યા છે. આ સંશોધનો આગામી સમયમાં ખેતીના આધુનિકીકરણ, પાક ઉત્પાદકતામાં વધારો અને ખેડૂતોની આવક વધારવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે, તેમ એક યાદીમાં જણાવાયું છે.

# જૂનાગઢ શહેરના વિવિધ સહાય યોજનાના લાભાર્થીઓએ ૮ દિવસમાં હયાતીની ખરાઈ (KYC) કરાવવી ફરજિયાત

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ શહેર મામલતદાર કચેરી હેઠળ સરકારશ્રીની નિરાધાર વૃદ્ધ સહાય યોજના, ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃદ્ધ સહાય યોજના, તેમજ ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય) નો લાભ મેળવતા તમામ લાભાર્થીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલ BSA (Beneficiary Satyapan Application) અંતર્ગત લાભાર્થીઓની હયાતીની ખરાઈ કરવાની ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેથી જૂનાગઢ (શહેર) તાલુકાના આ યોજનાઓનો લાભ લેતા તમામ લાભાર્થીઓએ પોતાની હયાતીની ખરાઈ (KYC) કરાવવી ફરજિયાત છે. તમામ લાભાર્થીઓએ હયાતીની ખરાઈ (KYC) કરાવવા માટે મામલતદાર કચેરી, જૂનાગઢ (શહેર), સહાય શાખા, ગ્રાઉન્ડ ફ્લોર, રૂમ નં. ૧૫, તાલુકા સેવાસદન, જૂનાગઢ ખાતે અથવા સમાજ સુરક્ષા કચેરી, બહુમાળી ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર બાગ, જૂનાગઢ ની કચેરી ખાતે રૂબરૂ હાજર રહેવાનું રહેશે. લાભાર્થીઓએ પોતાની સાથે આધાર કાર્ડ તથા ઓ.ટી.પી. (OTP) માટે મોબાઈલ ફોન અવશ્ય લાવવાનો રહેશે. આ કામગીરી કચેરીના કામકાજના દિવસો દરમિયાન આગામી દિન-૦૮ (આઠ) માં પૂર્ણ કરવાની રહેશે. નિયત સમયમર્યાદામાં હયાતીની ખરાઈ (KYC) ન કરાવવાના કિસ્સામાં લાભાર્થીઓ નું પેન્શન બંધ થવાની શક્યતા રહેશે. એમ જૂનાગઢ મામલતદાર (શહેર) ની યાદીમાં જણાવવામાં આવ્યુ છે.

# જૂનાગઢ શહેરમાં ૧૫૦ જેટલા યોગ ક્લાસ કાર્યરત : લોકો યોગમય જીવનશૈલી તરફ પ્રેરાયા

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢવાસીઓ હવે યોગમય જીવનશૈલી તરફ વળ્યા છે. શહેરમાં આશરે ૧૫૦ જેટલા યોગ ક્લાસ કાર્યરત છે, જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા છે અને યોગને રોજિંદા જીવનનો ભાગ બનાવ્યો છે. ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે જોડાયેલા અને ઝોન કો-ઓર્ડિનેટર ચેતનાબેન ગજેરા એ જણાવ્યું હતું કે, આજના ભાગદોડ અને તણાવભર્યા જીવનના કારણે લોકોનો યોગ તરફ ઝુકાવ વધ્યો છે. ઉપરાંત ડાયાબિટીસ, સ્થૂળતા, પેટના દર્દો સહિતના અન્ય રોગોથી લોકો પરેશાન જોવા મળે છે. આ સ્થિતિમાં લોકો યોગને વિકલ્પ તરીકે પસંદ કરી રહ્યા છે.તેમણે જણાવ્યું કે, યોગ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે તો ફાયદારૂપ છે જ, સાથે જ મેદસ્વિતા ઘટાડવામાં પણ કારગર છે. જૂનાગઢ શહેરમાં આજે ૧૫૦ જેટલા યોગ ક્લાસ કાર્યરત છે. આ યોગ ક્લાસ શહેરના દરેક વોર્ડમાં આવેલા છે. અહીં તાલીમબદ્ધ યોગ કોચ કે ટ્રેનર દ્વારા નિયમિત રીતે યોગાસન અને પ્રાણાયામ કરાવવાની સાથે આરોગ્યપ્રદ જીવનશૈલી માટે માર્ગદર્શન પણ આપવામાં આવે છે. ઉપરાંત, સમયાંતરે નેચરોપેથી, ધ્યાન યોગ શિબિર વગેરેનું પણ આયોજન કરવામાં આવે છે. જૂનાગઢ મહાનગરપાલિકાના કો-ઓર્ડિનેટર વૈશાલીબેન ચુડાસમા દ્વારા શહેરમાં ચાલતા યોગ ક્લાસનું જરૂરી સંકલન કરવામાં આવી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી ગુજરાત સરકારે સ્વસ્થ ગુજરાત, મેદસ્વિતા મુક્ત અભિયાન શરૂ કર્યું છે. ખાસ કરીને લોકોમાં બેઠાડુ જીવનશૈલીના પરિણામે મેદસ્વિતાનું પ્રમાણ વધ્યું છે અને તેના કારણે ગંભીર બીમારીઓનું પ્રમાણ પણ વધ્યું છે. ત્યારે લોકો સ્વાસ્થ્યપ્રદ જીવનશૈલી અપનાવે તે માટે જનજાગૃતિ કેળવવાની સાથે લોકો યોગ અપનાવે તે માટે પણ જરૂરી પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

# આયુષ હોસ્પિટલમાં અત્યાધુનિક 'રોબોટિક ની જોઈન્ટ રિપ્લેસમેન્ટ' સુવિધાનો ભવ્ય પ્રારંભ

નરેન્દ્ર દવે જૂનાગઢ

સૌરાષ્ટ્રના આરોગ્ય ક્ષેત્રે એક અત્યંત મહત્વપૂર્ણ અને ગૌરવશાળી પ્રકરણ ઉમેરાયું છે. જૂનાગઢ, ગીર સોમનાથ અને આસપાસના ગ્રામીણ પંથકના લાખો દર્દીઓને ગોઠણ તથા સાંધાના અસહ્ય દુખાવામાંથી મુક્તિ અપાવવા માટે તબીબી વિજ્ઞાનની સર્વોચ્ચ ટેકનોલોજી હવે સોરઠની ધરતી પર આવી પહોંચી છે. જૂનાગઢ સ્થિત જાણીતી આયુષ હોસ્પિટલ (Ayush Hospital, Junagadh) ખાતે ગત તારીખ ૫ જુલાઈ, ૨૦૨૬ને રવિવારના રોજ ગોઠણના સાંધા બદલવાની (Robotic Knee Joint Replacement) અદ્યતન સારવાર પદ્ધતિને સામાન્ય અને મધ્યમવર્ગીય દર્દીઓ માટે વધુ સુલભ બનાવવાના હેતુથી અદ્યતન 'રોબોટિક સર્જરી



સિસ્ટમ' નું ભવ્ય અને શાસ્ત્રોક્ત અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ તકનીકી અપગ્રેડેશન સાથે જ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના તબીબી ઈતિહાસમાં પ્રથમ વખત સ્થાનિક કક્ષાએ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરીની વિશ્વસ્તરીય સુવિધા સત્તાવાર રીતે ઉપલબ્ધ બની છે. આયુષ હોસ્પિટલ ખાતે આયોજિત આ ભવ્ય ટેકનોલોજી લોન્ચિંગ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ વિશેષ (Chief Guest) તરીકે જૂનાગઢ જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી ચંદુભાઈ મકવાણા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પોતાના હસ્તે રિબન કાપીને અને દીપ પ્રાગટ્ય કરીને અદ્યતન સર્જિકલ રોબોટનું વિધિવત્ અનાવરણ કર્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા શ્રી ચંદુભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, જૂનાગઢ જેવા અર્ધ-શહેરી અને ગ્રામીણ વસ્તી ધરાવતા વિસ્તારમાં આવી મેટ્રો સિટી લેવલની ટેકનોલોજી લાવીને આયુષ હોસ્પિટલે દર્દીઓની બહુ મોટી સેવા કરી છે. તેમણે આ લોકઉપયોગી અદ્યતન સેવા શરૂ કરવા બદલ હોસ્પિટલના તમામ ડિરેક્ટર્સ અને તબીબોની ટીમને હૃદયપૂર્વક અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

કાર્યક્રમ દરમિયાન દર્દીઓમાં રહેલી વિવિધ ભ્રાંતિઓ અને ડરને દૂર કરવા માટે આયુષ હોસ્પિટલ ગ્રુપ ઓફ હોસ્પિટલ્સના ગ્રુપ ડિરેક્ટર તથા જાણીતા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ઓર્થોપેડિક સર્જન ડૉ. રાજદીપસિંહ ચૌહાણ અને હેડ ઓર્થોપેડિક સર્જન ડૉ. રાકેશ જોગરાજિયા દ્વારા ઉપસ્થિત તમામ દર્દીઓને ડિજિટલ પ્રેઝન્ટેશનના માધ્યમથી રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી વિશે અત્યંત વિસ્તૃત અને વૈજ્ઞાનિક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.

## પુનઃમિલન

# પતિના વ્યસનથી વ્યથિત મહિલા રસ્તો ભૂલી મંદિર રોકાઈ હતી

વલસાડ : વલસાડ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં 181 મહિલા અભયમ હેલ્પલાઈનની મદદથી એક મહિલા અને તેના નાના બાળકનું પરિવાર સાથે સુરક્ષિત પુનઃમિલન કરાવવામાં આવ્યું છે. પતિના વ્યસનથી વ્યથિત મહિલા રસ્તો ભૂલી જતાં આ ઘટના બની હતી. પ્રાપ્ત માહિતી અનુસાર, એક જાગૃત નાગરિકે 181 મહિલા અભયમ હેલ્પલાઈનને જાણ કરી હતી કે એક મહિલા પોતાના નાના બાળક સાથે લાંબા સમયથી મંદિર પરિસરમાં મૂંઝવણભરી સ્થિતિમાં બેઠી છે. મહિલા પોતાની ઓળખ અને સરનામું સ્પષ્ટ જણાવી શકતી ન હોવાથી અભયમની રેસ્ક્યૂ ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી. અભયમ ટીમે મહિલાનું સંવેદનશીલ રીતે કાઉન્સેલિંગ કરતાં જાણવા મળ્યું કે પતિના વ્યસન અને તેના કારણે થતી હેરાનગતિથી કંટાળી મહિલા પિયર ગઈ હતી. ત્યાંથી પરત ફરતી વખતે રાત્રિ થઈ જતાં તે રસ્તો ભૂલી ગઈ હતી, જેના કારણે બાળક સાથે મંદિર ખાતે રોકાવાની ફરજ પડી હતી. આ પછી, અભયમ ટીમે મહિલાના પરિવારનો સંપર્ક કર્યો અને બંને પક્ષોનું વિસ્તૃત કાઉન્સેલિંગ કર્યું. પતિને વ્યસનના દુષ્પરિણામો, દાંપત્ય જીવનમાં પરસ્પર સન્માન, મહિલાના અધિકારો અને બાળકના હિત અંગે સમજાવવામાં આવ્યું. કાઉન્સેલિંગ બાદ પતિએ પોતાની ભૂલ સ્વીકારી ભવિષ્યમાં પત્નીને કોઈપણ પ્રકારની હેરાનગતિ નહીં કરવાની તેમજ પરિવાર પ્રત્યે જવાબદારીપૂર્વક વર્તવાની ખાતરી આપી. મહિલાની સંમતિ મળ્યા બાદ 181 મહિલા અભયમ હેલ્પલાઈનની ટીમે મહિલા અને બાળકનું સુરક્ષિત રીતે પરિવાર સાથે પુનઃમિલન કરાવ્યું. પરિવારજનોએ અભયમ ટીમની ત્વરિત કામગીરી, સંવેદનશીલ કાઉન્સેલિંગ અને માનવતાભર્યા અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો.

# નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેનનો વિરોધ પક્ષના ચૂંટાયેલા ડિરેક્ટરોને પડકાર

પાટણ : પાટણ નાગરિક સહકારી બેંક લિમિટેડની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં પ્રગતિશીલ પેનલે બહુમતી મેળવી વિજય હાસલ કર્યો છે. વિરોધી પરિવર્તનશીલ પેનલ દ્વારા ચૂંટણી પ્રચાર દરમિયાન બેંકમાં ભ્રષ્ટાચાર અને કૌભાંડના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા હતા. ત્યારે હવે હવે નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન મહેન્દ્ર પટેલે વિરોધ પક્ષના ચૂંટાયેલા ડિરેક્ટરોને પડકાર ફેંક્યો છે કે, તેઓ આગામી સમયમાં બેંકમાં થયેલા કૌભાંડો શોધીને સાબિત કરે અથવા પ્રજાની માફી માંગે. આ કસાકસી ભરી ચૂંટણી 5 જુલાઈ, 2026ના રોજ યોજાઈ હતી. પરિવર્તનશીલ પેનલના ઉમેદવારોના વિરોધ અને અવિશ્વાસના વાતાવરણ વચ્ચે મતગણતરી મૂલતવી રહી હતી, જે આખરે 7 જુલાઈના રોજ પૂર્ણ કરવામાં આવી હતી. મતગણતરીના પરિણામોમાં પ્રગતિશીલ પેનલના 9 ઉમેદવારો અને પરિવર્તનશીલ પેનલના 6 ઉમેદવારો વિજયી બન્યા હતા. બેંકના સભાસદોએ ફરી એકવાર પ્રગતિશીલ પેનલ પર વિશ્વાસ મૂકીને સત્તાના સૂત્રો સોંપ્યા છે. નાગરિક સહકારી બેંકના પૂર્વ ચેરમેન મહેન્દ્ર પટેલે જણાવ્યું કે, ચૂંટણી દરમિયાન પરિવર્તનશીલ પેનલના ઉમેદવારો, તેમના નેતાઓ અને ટેકેદારો દ્વારા વ્યાપક અપપ્રચાર કરવામાં આવ્યો હતો. ખોટા ભ્રષ્ટાચારના આક્ષેપો, કૌભાંડો અને ચોરીના દાવાઓ જેવો નકારાત્મક પ્રચાર કરીને પાટીદાર સમાજના યુવાનો તેમજ અન્ય સભાસદોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરાયો હતો. જોકે, પ્રજા અને સભાસદોએ આ જુઠ્ઠાણાંને નકારી કાઢીને બેંકની તમામ થાપણો અને લોકરમાં રહેલા દાગીના પ્રગતિશીલ પેનલના સુરક્ષિત હાથોમાં સલામત હોવાની મહોર મારી દીધી છે.

# કેશોદના ૩ વર્ષના ભાગ્યવીરની અમદાવાદ સિવિલમાં હૃદયની સફળ સર્જરી

નરેન્દ્ર દવે જૂનાગઢ

ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા બાળકોના તંદુરસ્ત ભવિષ્ય માટે ચલાવવામાં આવી રહેલી યોજનાઓ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારો માટે ખરા અર્થમાં સંજીવની સાબિત થઈ રહી છે. આવો જ એક હૃદયસ્પર્શી અને પ્રેરણાદાયી કિસ્સો જૂનાગઢ જિલ્લાના કેશોદ પંથકમાંથી સામે આવ્યો છે, જ્યાં સરકારી યોજનાના સમયસરના હસ્તક્ષેપને કારણે એક ૩ વર્ષના નિર્દોષ બાળકને નવજીવન પ્રાપ્ત થયું છે. કેશોદ તાલુકાના અંતરિયાળ ગણાતા માનેકવાડા ગામના રહેવાસી અક્ષય ગઢવીના ૩ વર્ષીય પુત્ર ભાગ્યવીર ગઢવીને જન્મજાત હૃદયરોગ (Congenital Heart Disease) હોવાનું તબીબી નિદાન થયું હતું. આ ગંભીર બીમારીના કારણે માસૂમ બાળકને સતત શ્વાસ ચડવો, સામાન્ય રમતમાં પણ અતિશય થાક લાગવો તથા અન્ય શારીરિક વિકાસને અવરોધતી આરોગ્ય સંબંધિત ગંભીર તકલીફો અનુભવાતી હતી. બાળકની આ સ્થિતિને કારણે તેનો સમગ્ર પરિવાર અત્યંત ચિંતા અને આર્થિક લાચારીના ગર્તામાં ડૂબેલો હતો.

આ કપરા સમયમાં સરકારનો રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) આ પરિવારની વહારે આવ્યો હતો. નિયમિત પ્રક્રિયાના ભાગરૂપે માનેકવાડા વિસ્તારમાં ફરજ પર રહેલી આરોગ્ય વિભાગની આરબીએસકે (RBSK) ની તબીબી ટીમ દ્વારા સ્થાનિક સ્તરે બાળકોની આરોગ્ય તપાસણી હાથ ધરવામાં આવી હતી. આ સ્ક્રીનિંગ પ્રક્રિયા દરમિયાન ડોક્ટરોની ટીમે બાળક ભાગ્યવીરના હૃદયના ધબકારા અને શારીરિક લક્ષણો પરથી તેનામાં જન્મજાત હૃદયની ગંભીર ખામી હોવાની આશંકા વ્યક્ત કરી હતી અને ઝીણવટભરી તપાસ બાદ તેનું ચોક્કસ નિદાન કર્યું હતું.

# છતડિયા રોડ પર ભ્રષ્ટાચારના આક્ષેપ સાથે સદસ્ય ભરતભાઈ જાનીની ધારાસભ્યને કડક રજૂઆત

કિશોર સોલંકી

અમરેલી જિલ્લાના રાજુલા શહેરમાં માળખાગત સુવિધાઓ અને સરકારી કામોમાં કોન્ટ્રાક્ટરોની મનમાની તેમજ ઢીલી નીતિ સામે સ્થાનિક જનપ્રતિનિધિએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાજુલા નગરપાલિકાના વોર્ડ નંબર ૬ ના જાગૃત અને સક્રિય સદસ્ય શ્રી ભરતભાઈ જે. જાની દ્વારા રાજુલાથી છતડિયા તરફ જતા મુખ્ય માર્ગની બિસ્માર હાલત અને પાણીની લાઈન નાખ્યા બાદ રસ્તાનું કામ અધૂરું છોડી દેવા બદલ ધારાસભ્યને એક સત્તાવાર લેખિત રજૂઆત કરવામાં આવી છે. ભારે વરસાદ બાદ આ માર્ગ પર સર્જાયેલી દયનીય સ્થિતિને કારણે ગમે ત્યારે મોટો અકસ્માત સર્જાવાનો ભય તોળાઈ રહ્યો છે. જેના પગલે જનહિતમાં ત્વરિત પગલાં ભરવા માટે નગરપાલિકા સભ્યે પોતાના સત્તાવાર લેટર પેડ પર રાજુલા-



જાફરાબાદ-ખાંભા વિસ્તારના લોકપ્રિય ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકીને લેખિત પત્ર પાઠવીને રસ્તાનું કામ તાકીદે શરૂ કરાવવા ધારદાર માંગ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજુલાના મહત્વના ગણાતા વર્કશોપ વિસ્તારથી લઈને આર.કે. સ્કૂલ સુધીનો આખો છતડિયા રોડ હાલમાં ધૂળ અને ખાડાઓથી ખદબદ થઈ ગયો છે. તાજેતરમાં પડેલા ભારે વરસાદના કારણે આ માર્ગ પર ઠેર-ઠેર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. આ રોડની ભૌગોલિક અને સામાજિક અગત્યતા એ છે કે, આ વિસ્તારમાં ૧૦ થી વધુ નાની-મોટી શાળાઓ આવેલી છે. રોજ સવાર-સાંજ હજારો માસૂમ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ આ જ રસ્તેથી અવર-જવર કરે છે. હાલની સ્થિતિએ ખાડાઓમાં પાણી ભરાઈ જવાના કારણે રસ્તાની સપાટી દેખાતી નથી, જેથી વાહનચાલકો અને સાઈકલ સવાર બાળકો ગમે ત્યારે ખાડામાં ખાબકીને અકસ્માતનો ભોગ બની રહ્યા છે. આ રોડ છતડિયાથી રાજુલા આવવા-જવા માટેનો મુખ્ય શોર્ટકટ (ટૂંકો રસ્તો) હોવાથી સ્થાનિક રહીશો ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારના હજારો લોકો માટે જીવાદોરી સમાન છે. આશ્ચર્યની વાત એ છે કે, આ રોડ પ્રમાણમાં નવો હોવા છતાં કોન્ટ્રાક્ટરની નબળી ગુણવત્તાના કારણે ટૂંક સમયમાં જ સંપૂર્ણપણે તૂટી ગયો છે.

# કાઠી ગામમાં બંધ મકાનમાંથી રૂ. 1.61 લાખની ચોરી

પાટણ : પાટણ જિલ્લાના હારીજ તાલુકાના કાઠી ગામે એક બંધ મકાનને નિશાન બનાવી તસ્કરોએ રૂ. 1,61,500 ની કિંમતના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી છે. આ અંગે એસ.આર. પી.એફ.માં ફરજ બજાવતા ગૃહસ્વામીએ હારીજ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ચોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે, જેના આધારે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કાઠી ગામના રહેવાસી અને એસ.આર.પી. એફ. ગ્રુપ-03 મડાણા ખાતે નોકરી કરતા વિનોદજી ચંદુજી ઠાકોર 8 જુલાઈ, 2026 ના રોજ પરિવાર સાથે ઘર બંધ કરીને બહેનના ઘરે તોરણીપુર ગયા હતા. આ દરમિયાન સવારે 10:30 થી બપોરના 12:30 વાગ્યાના સમયગાળામાં અજાણ્યા ચોર ઈસમે બંધ મકાનના રૂમના દરવાજાનું તાળું તોડી પ્રવેશ કર્યો હતો. ચોરે રૂમમાં રાખેલી લોખંડની તિજોરીનો લોક તોડી કિંમતી દાગીના ચોરી ફરાર થઈ ગયો હતો.

# વધતા ડિજિટલ પ્રભાવ વચ્ચે બાળકોની વાંચન સંસ્કૃતિ માટે અમદાવાદ એક ઉભરતું કેન્દ્ર બની રહ્યું છે

(એજન્સી) અમદાવાદ | તા 09

બાળકોમાં ડિજિટલ માધ્યમોનો વધતો ઉપયોગ અને ઝડપભરી જીવનશૈલી વચ્ચે અમદાવાદના માતા-પિતા બાળકોમાં વાંચનની આદત વિકસાવવા એવા વ્યવહારુ ઉપાયો શોધી રહ્યા છે, જે તેમના રોજિંદા પાલનપોષણની જવાબદારીઓમાં વધુ બોજ ઉમેરે નહીં. બાળકોની ઉંમરને અનુરૂપ પુસ્તકો પસંદ કરવાથી લઈને ખર્ચ, સંગ્રહ અને બાળકોની વધતી ઉંમર સાથે બદલાતી પુસ્તકોની જરૂરિયાત સુધી, પરિવારો હવે બાળકોને પુસ્તકો સાથે જોડાયેલા રાખવા માટે વધુ અનુકૂળ અને ટકાઉ વિકલ્પો અપનાવી રહ્યા છે. આ બદલાતા વલણને કારણે ક્યુરેટેડ રીડિંગ મોડલ્સ પ્રત્યે રસ વધી રહ્યો છે, જેમાં માતા-પિતાને પુસ્તકો પસંદ કરવા માટે કલાકો ખર્ચવા પડતા નથી કે વારંવાર નવા પુસ્તકો ખરીદવાની જરૂર રહેતી નથી. સબ્સ્ક્રિપ્શન આધારિત બુક રીડિંગ સેવાઓ પરિવારોને વિવિધ પ્રકારના પુસ્તકો સુધી સરળ પહોંચ આપવાની સાથે વાંચનને બાળકોના દૈનિક જીવનનો વધુ નિયમિત ભાગ બનાવવામાં મદદરૂપ બની રહી છે. આ પરિવર્તનનો અનુભવ કરી રહેલા પ્લેટફોર્મ્સમાંનું એક છે નીઓન, જે બાળકો માટેની એપ આધારિત બુક રેન્ટલ સેવા છે અને ટેક્નોલોજીને ઍક્સેસ આધારિત મોડલ સાથે જોડે છે. આ પ્લેટફોર્મ પર માતા-પિતા પોતાના બાળકની ઉંમર અને રસને અનુરૂપ ક્યુરેટેડ પુસ્તક સંગ્રહમાંથી પસંદગી કરી શકે છે, ઘર સુધી પુસ્તકોની ડિલિવરી મેળવી શકે છે અને સમયાંતરે પોતાના વાંચનના વિકલ્પોને બદલવાની સુવિધા પણ મેળવી શકે છે. હાલમાં ગુજરાતમાં આશરે 500 પરિવારોને સેવા આપતી નીઓન માટે અમદાવાદ એક



મહત્વપૂર્ણ બજાર તરીકે ઉભરી આવ્યું છે, જ્યાં તેનું વિસ્તરણ મુખ્યત્વે માતા-પિતાની ઓર્ગેનિક ભલામણો દ્વારા થયું છે. નીઓનના સહ-સ્થાપક ક્રાંતિ ગઢાએ જણાવ્યું હતું કે, 'અમારા માટે અમદાવાદ ખરેખર એક સુખદ આશ્ચર્ય રહ્યું છે. માતા-પિતાની ઓર્ગેનિક ભલામણો દ્વારા પરિવારો નીઓન સુધી પહોંચી રહ્યા છે, તે દર્શાવે છે કે બાળકોમાં વાંચનની આદત વિકસાવવા માટે સરળ અને અર્થપૂર્ણ વિકલ્પોની વાસ્તવિક જરૂરિયાત છે. આજની વ્યસ્ત જીવનશૈલીમાં માતા-પિતા એવા ઉકેલો શોધી રહ્યા છે, જે તેમનો સમય બચાવે, વધુ સારી પસંદગી ઉપલબ્ધ કરાવે અને ગુણવત્તાયુક્ત પુસ્તકોને વધુ સરળતાથી ઉપલબ્ધ બનાવે, તે પણ તેમના પર વધારાનો બોજ મૂક્યા વગર.' ડિજિટલ પ્લેટફોર્મ્સના વધતા પ્રભાવને કારણે પરિવારો બાળકોના શિક્ષણ અને મનોરંજન તરફ કેવી રીતે આગળ વધે છે તેમાં પણ પરિવર્તન આવ્યું છે. ટેક્નોલોજી સાથે સ્પર્ધા કરવાને બદલે, નવી પેઢીના એપ આધારિત મોડલ્સ ડિજિટલ સુવિધાઓનો ઉપયોગ કરીને ઓફલાઈન વાંચનનો અનુભવ વધુ સરળ બનાવી રહ્યા છે. માતા-પિતા ડિજિટલ માધ્યમથી પુસ્તકો શોધી શકે છે, પોતાની પસંદગીઓ સંચાલિત કરી શકે છે અને ડિલિવરી ટ્રેક કરી શકે છે, જ્યારે બાળકો સ્ક્રીનથી દૂર રહીને પ્રિન્ટેડ પુસ્તકો સાથે જોડાયેલા રહે છે. અમદાવાદનું મજબૂત શૈક્ષણિક વાતાવરણ પણ વાંચન આધારિત પહેલોને પ્રોત્સાહન આપી રહ્યું છે. શાળાઓ અને માતા-પિતા હવે વાંચન યાદીઓ, ઉંમર આધારિત ભલામણો અને વિવિધ રીડિંગ ચેલેન્જ જેવી વ્યવસ્થિત પહેલો અપનાવી રહ્યા છે, જે બાળકોમાં લાંબા ગાળાની વાંચનની આદત વિકસાવવામાં મદદરૂપ બને છે. શહેરની બહુભાષી સંસ્કૃતિ પણ બાળકોના વાંચનની પસંદગીઓને પ્રભાવિત કરી રહી છે. પરિવારો અંગ્રેજી, ગુજરાતી અને દ્વિભાષી પુસ્તકો શોધી રહ્યા છે, જેથી બાળકો પોતાની ભાષા સાથે જોડાયેલી વાર્તાઓનો આનંદ માણી શકે. આ વધતી માંગને ધ્યાનમાં રાખીને નીઓન સ્થાનિક પ્રકાશકો અને લેખકો સાથે મળીને ગુજરાતી બાળપુસ્તકોનો સંગ્રહ વિસ્તારી રહ્યું છે. તાજેતરમાં જ પ્લેટફોર્મે આરજે ધ્વનિતનાં બાળકો માટેના 10 પુસ્તકો પોતાના સંગ્રહમાં ઉમેર્યા છે, જેથી પરિવારોને પોતાની ભાષા અને સંસ્કૃતિ સાથે જોડાયેલી વધુ સ્થાનિક વાર્તાઓ ઉપલબ્ધ થઈ શકે. સુવિધા ઉપરાંત, ક્યુરેટેડ બુક એક્સેસ સતત નવા પુસ્તકો ખરીદવાના વિકલ્પ કરતાં વધુ ટકાઉ મોડલ તરીકે પણ ઉભરી રહી છે. બાળકોની રસ-રુચિ અને વાંચન ક્ષમતા ઝડપથી બદલાતી હોવાથી પુસ્તકોને નિયમિત રીતે બદલવાની સુવિધા પરિવારોને વધુ વૈવિધ્યપૂર્ણ વાંચન અનુભવ આપવાની સાથે ઘરમાં બિનજરૂરી પુસ્તકોના સંગ્રહને પણ ઘટાડે છે. અમદાવાદમાં જોવા મળતો આ સકારાત્મક પ્રતિસાદ આધુનિક પેરેન્ટિંગમાં આવી રહેલા મોટા પરિવર્તનને દર્શાવે છે, જ્યાં પરિવારો એવી વ્યવહારુ અને અનુકૂળ સેવાઓ અપનાવી રહ્યા છે, જે આધુનિક જીવનશૈલી સાથે સુસંગત હોવા છતાં બાળકોના વાંચન જેવી અર્થપૂર્ણ બાળપણની આદતોને જાળવી રાખવામાં મદદ કરે છે. ક્યુરેટેડ પુસ્તક સંગ્રહ, વ્યક્તિગત ભલામણો, વાંચન પડકારો અને સમુદાય આધારિત પહેલો દ્વારા નીઓન એક આધુનિક રીડિંગ ઈકોસિસ્ટમનું નિર્માણ કરી રહ્યું છે, જે સુવિધા, સરળ ઉપલબ્ધતા અને પ્રિન્ટેડ પુસ્તકોના શાશ્વત મૂલ્યને એકસાથે જોડે છે.

## અમેરિકાની નવી ટેરિફ દરખાસ્તથી ભારતની ચાર અબજ ડોલરની નિકાસ સામે જોખમ

મુંબઈ : અમેરિકા દ્વારા નિશ્ચિત કરાયેલા શ્રમ ધોરણોનું પાલન નહીં કરનારા ભારત સહિત ૬૦ દેશો ખાતેથી આવતા માલસામાન પર વધારાની ટેરિફ લાગુ કરવાની અમેરિકાની આવી પડેલી દરખાસ્તને કારણે ભારતની ચાર અબજ ડોલરની નિકાસ સામે ભારે સ્પર્ધા ઊભી થવાનું ભારત સામે જોખમ ઊભુ થયું છે. ફોર્સ્ડ લેબરનો ઉપયોગ કરી માલસામાનના કરાતા ઉત્પાદનને અટકાવવામાં ભારત સહિત ૬૦ દેશો નિષ્ફળ રહ્યા હોવાનું અમેરિકાના ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ ઓફિસના અધિકારીઓને તપાસમાં જણાયું હતું. આ તપાસ બાદ અમેરિકાએ ફોર્સ્ડ લેબર એન્ફોર્સમેન્ટ માળખા હેઠળ રેસિપ્રોકલ ટેરિફ લાગુ કરવા દરખાસ્ત રજૂ કરી છે. આ દરખાસ્ત હેઠળ ૧૦ ટકા અથવા ૧૨.૫૦ ટકા ટેરિફ લાગુ થઈ શકે છે. ભારતના હરિફ દેશો જેમ કે પાકિસ્તાન, મલેશિયા, ઈન્ડોનેશિયા તથા બાંગલાદેશ પર ૧૦ ટકા જ્યારે ભારતના માલસામાન પર ૧૨.૫૦ ટકા વધારાની ટેરિફ લાગુ થઈ શકે છે. આવી સ્થિતિમાં ભારતે અમેરિકા ખાતે તેની નિકાસમાં હરિફ દેશો સામેથી સ્પર્ધા કરવાનો વારો આવી શકે છે, એમ વાણિજ્ય મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. આ દરખાસ્ત પર અમેરિકાએ જાહેર જનતા પાસેથી મંતવ્યો મંગાવ્યા છે.

# News Brief

## H1B વિઝાના ખેલમાં અમેરિકાની મોટી કાર્યવાહી, દિગ્ગજ ભારતીય IT કંપની પર લટકતી તલવાર

અમેરિકામાં H-1B અને પર્મ (PERM) વર્ક વિઝામાં ચાલી રહેલી કથિત વિઝા છેતરપિંડી અને કૌભાંડો સામે અમેરિકાની સરકારે એક મોટું સર્ચ ઓપરેશન અભિયાન શરૂ કર્યું છે. અમેરિકી શ્રમ વિભાગ (US Department of Labor)ના એક ટોચના અધિકારીના જણાવ્યાનુસાર, આ મોટા વિઝા કૌભાંડની તપાસમાં દિગ્ગજ આઈટી કંપની 'કોગ્નિઝન્ટ' (Cognizant) સહિત કેટલીય મોટી કંપનીઓ અમેરિકી એજન્સીઓના રડારમાં આવી ગઈ છે. વિઝા સાથે જોડાયેલા આ મોટા ગોરખધંધા અને ગેરરીતિઓ સામે આ કડક પગલું અમેરિકાના ઉપપ્રમુખ જે.ડી. વેન્સેની 'ટાસ્ક ફોર્સ ટુ એલિમિનેટ ફ્રોડ' (Task Force to Eliminate Fraud) અંતર્ગત ઉઠાવવામાં આવ્યું છે. અહેવાલો અનુસાર, અમેરિકી શ્રમ વિભાગ હેઠળ કામ કરતી સંસ્થા 'ઓફિસ ઓફ ધ ઈન્સ્પેક્ટર જનરલ' (OIG) દ્વારા આ આખા કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. OIGની તપાસમાં કેટલીક ચોંકાવનારી બાબતો સામે આવી છે: અમેરિકનોની નોકરીઓ છીનવાઈ: બજારમાં ઓછી મજૂરીવાળા વિદેશી કર્મચારીઓનો ભરાવો કરી દેવાયો હતો, જેના કારણે સ્થાનિક અમેરિકી લોકોને મોટું નુકસાન વેઠવું પડ્યું હતું અને તેમની નોકરીઓ છીનવાઈ ગઈ હતી. બુધવારે 'ફોક્સ બિઝનેસ' સાથેની વાતચીતમાં શ્રમ વિભાગના ઈન્સ્પેક્ટર જનરલ એન્થોની ડી એસ્પોસિટોએ આ કડક કાર્યવાહીની પુષ્ટિ કરી છે. તેમણે જણાવ્યું કે, 'અમે આ મામલે અત્યાર સુધીમાં ડઝનબંધ સમન્સ ઈસ્યુ કરી દીધા છે. અમે એ સુનિશ્ચિત કરીશું કે તપાસમાં મળેલા તમામ પુરાવા અને કડીઓના મૂળ સુધી પહોંચી શકાય.' IT સેક્ટરની જાણીતી કંપની કોગ્નિઝન્ટનો ઉલ્લેખ કરતા તેમણે ઉમેર્યું કે, 'અમારી પાસે એવા કેટલાક વ્હિસલબ્લોઅર્સ (બાતમીદારો) હાજર છે, જેઓ 'કોગ્નિઝન્ટ' જેવી મોટી કંપનીઓ વિશે મહત્ત્વની માહિતીઓ આપી રહ્યા છે. આ કંપનીઓ પર્મ અને H-1B વિઝા સાથે જોડાયેલા વિવાદોમાં પહેલાથી જ ચર્ચામાં રહી છે.' OIGના જણાવ્યાનુસાર, આવા છેતરપિંડી કરનારા તત્ત્વો તે શ્રમ કાર્યક્રમોની વિશ્વસનીયતા અને ગરિમાને નુકસાન પહોંચાડે છે જે દેશમાં વાસ્તવિક કુશળ કર્મચારીઓની અછતને પૂરી કરવા માટે બનાવવામાં આવ્યા છે. આ પ્રોગ્રામ્સનો હેતુ સ્થાનિક અમેરિકી નાગરિકોના ભોગે ભ્રષ્ટ લોકોના ગજવા ભરવાનો બિલકુલ નથી.

## ટ્રમ્પે યુદ્ધના દરવાજા ફરી ખોલતા શેરોમાં મંદીનું ઘોડાપૂર

મુંબઈ : ઈરાનમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈઝરાયેલના નેત્યાનયાહુ સામે પ્રજાએ તાજેતરમાં આક્રોશ ઠાલવીને બન્નેને મોતને ઘાટ ઉતારવાની ખુલ્લી ધમકી આપતાં અને હોર્મુઝમાં જહાજો પર ઈરાનના હુમલાથી ગિન્નાયેલા ટ્રમ્પે ઈરાન સાથે યુદ્ધ વિરામની સમજૂતી તોડીને ઈરાન યુદ્ધના દરવાજા ફરી ખોલી ઈરાન પર હુમલા શરૂ કરી દેતાં વિશ્વના ઈક્વિટી બજારોમાં ફરી મંદીનંઈ પૂર આવ્યું હતું. વૈશ્વિક મોરચે ક્રુડ ઓઈલનો પુરવઠો ફરી ખોરવાઈ જવાની ભીતિએ ક્રુડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુ ઉછાળો આવ્યા સાથે શેરોમાં જાતેજાતમાં કડાકો બોલાઈ ગયો હતો. ગભરાટમાં અનેક શેરોમાં હેમરિંગ થયું હતું. ભારતીય શેર બજારોમાં પણ તમામ ઔદ્યોગિક ક્ષેત્રોના શેરોમાં ફંડો વેચવાલ બન્યા હતા. ખાસ ઓટોમોબાઈલ, બેંકિંગ-ફાઈનાન્સ, કન્ઝયુમર ડયુરેબલ્સ, મેટલ-માઈનીંગ, ઓઈલ-ગેસ, આઈટી, ફાર્મા, એફએમસીજી શેરોમાં ધૂમ વેચવાલી થઈ હતી. સેન્સેક્સ એક તબક્કે ૧૯૨૧.૬૯ પોઈન્ટના કડાકે નીચામાં ૭૬૨૫૯.૦૩ સુધી ખાબકીને અંતે ૧૬૭૭.૧૨ પોઈન્ટ ગબડીને ૭૬૫૦૩.૬૦ બંધ રહ્યો હતો. જ્યારે નિફટી ૫૦ સ્પોટ ઈન્ડેક્સ એક તબક્કે ૫૯૩.૫૦ પોઈન્ટ દગબડીને નીચામાં ૨૩૮૦૫.૨૦ સુધી ખાબકી અંતે ૫૧૬.૬૫ પોઈન્ટ તૂટીને ૨૩૮૮૨.૦૫ બંધ રહ્યો હતો. ઈરાન-અમેરિકા યુદ્ધ ફરી શરૂ થતાં ક્રુડ ઓઈલના ભાવમાં ૬ ટકાથી વધુ ઉછાળાના કારણે પેટ્રોલ, ડિઝલના ભાવમાં ઘટાડાની શકયતા પર પાણી ફરી વળતાં ફંડોએ આજે ઓટોમોબાઈલ શેરોમાં ફરી કડાકો બોલાવી દેતી વેચવાલી કરી હતી. અશોક લેલેન્ડ રૂ.૮ તૂટીને રૂ.૧૫૬.૧૦, એમઆરએફ રૂ.૫૮૪૬ તૂટીને રૂ.૧,૩૨,૯૨૮, મારૂતી સુઝુકી રૂ.૫૯૮.૨૫ ગબડીને રૂ.૧૩,૯૪૩.૯૦, ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ રૂ.૧૦.૨૫ ઘટીને રૂ.૩૩૨.૧૫, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા રૂ.૯૦.૯૫ તૂટીને રૂ.૩૧૦૨.૯૫, હીરો મોટોકોર્પ રૂ.૯૭.૮૫ ઘટીને રૂ.૪૮૯૪.૯૫ રહ્યા હતા. બીએસઈ ઓટો ઈન્ડેક્સ ૧૩૬૦.૨૭ પોઈન્ટ તૂટીને ૫૯૦૨૨.૧૮ બંદ રહ્યો હતો. બેંકિંગ-ફાઈનાન્સ શેરોમાં પણ ફંડોએ આજે ધૂમ વેચવાલી કરી હતી. કેનેરા બેંક રૂ.૩.૯૫ ઘટીને રૂ.૧૨૧.૧૦, બેંક ઓફ બરોડા રૂ.૭.૩૦ ઘટીને રૂ.૨૪૦.૪૦, આઈસીઆઈસીઆઈ બેંક રૂ.૩૩.૪૫ ઘટીને રૂ.૧૩૮૧, એચડીએફસી બેંક રૂ.૧૮.૮૦ ઘટીને રૂ.૮૧૦.૪૫, એક્સિસ બેંક રૂ.૨૯.૧૫ ઘટીને રૂ.૧૩૧૧.૪૦, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા રૂ.૧૯.૭૫ ઘટીને રૂ.૧૦૧૮.૦૫ રહ્યા હતા. બીએસઈ બેંકેક્સ ઈન્ડેક્સ ૧૬૨૨.૨૧ પોઈન્ટ ગબડીને ૬૪૧૯૫.૭૭ બંધ રહ્યો હતો. ઈરાન પર અમેરિકાના હુમલા અને ઈરાન દ્વારા પણ વળતાં પ્રહારની ચેતવણી વચ્ચે યુદ્ધની પરિસ્થિતિ વકરતાં ક્રુડ ઓઈલના ભાવ ઉછળતાઓઈલ-ગેસ શેરોમાં સેલિંગ પ્રેશર વધ્યું હતું. એચપીસીએલ રૂ.૧૮.૬૫ તૂટીને રૂ.૩૮૭.૧૦, ઈન્ડિયન ઓઈલ કોર્પ રૂ.૫ ઘટીને રૂ.૧૩૭.૨૫, બીપીસીએલ રૂ.૧૦.૦૫ ઘટીને રૂ.૩૦૩.૮૦ રહ્યા હતા. બીએસઈ ઓઈલ-ગેસ ઈન્ડેક્સ ૫૧૮.૮૭ પોઈન્ટ તૂટીને ૨૫૯૩૧.૨૦ બંધ રહ્યો હતો.

## સ્વિચ મોબિલિટીએ પ્રવાસ 5.0માં સંપૂર્ણપણે નવી 9-મીટરની ઈલેક્ટ્રિક બસ EiV9 પ્રસ્તુત કરી

ગાંધીનગર : હિંદુજા ગ્રૂપની કંપની તથા ઈલેક્ટ્રિકલ બસો અને લાઈટ કમર્શિયલ વાહનોનાં ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય સ્તરે મોખરાનું સ્થાન ધરાવતી સ્વિચ મોબિલિટી લિમિટેડએ ભારતના મુખ્ય મલ્ટિમૉડલ ટ્રાન્સપોર્ટ પ્રદર્શન પ્રવાસ 5.0માં સંપૂર્ણપણે નવી સ્વિચ EiV9 બસને રજૂ કરી છે. શહેરમાં અવરજવર, કર્મચારીઓના પરિવહન અને સ્કૂલમાં બાળકોની અવરજવર માટે ખાસ બનાવેલી આ અત્યાધુનિક ઈલેક્ટ્રિક બસમાં આધુનિક ટેક્નોલૉજી, પ્રવાસીઓ માટે સુવિધાજનક પ્રવાસ અને કાર્યકારી કાર્યદક્ષતાનો સમન્વય થયો છે, જે પર્યાવરણને અનુકૂળ પરિવહનના ક્ષેત્રમાં નવો માપદંડ સ્થાપિત કરે છે.કાર્યદક્ષતા, વિશ્વસનિયતા અને માલિકીના કુલ ખર્ચ પર ધ્યાન કેન્દ્રિત કરીને ડિઝાઈન કરેલી સ્વિચ EiV9 બસોનો કાફલા ધરાવતાઑપરેટરોને પર્યાવરણને અનુકૂળ પરિવહન તરફ વધારે સરળતાપૂર્વક આગેકૂચ કરવામાં મદદ કરે છે. અત્યાધુનિક ટેક્નોલૉજી અને કાર્યકારી કાર્યદક્ષતાના સુમેળને કારણે વધારે નફાકારકતા પ્રદાન કરવાની સાથે પ્રવાસીઓને શ્રેષ્ઠ અનુભવ આપે છે તેમજ પર્યાવરણ પર થતી કાર્બનનાં ઉત્સર્જનની અસરને પણ ઘટાડે છે, જે ઈલેક્ટ્રિક પરિવહનને આધુનિક કાફલા માટે વ્યવહારિક અને વાણિજ્યિક રીતે વ્યવહારિક વિકલ્પ બનાવે છે.

'ચાલો કોલંબો, હાલો શ્રીલંકા'

## કનેક્ટિંગ ફ્લાઈટની ઝંઝટ ખતમ! અમદાવાદથી ફિસ્ટ એરની નોન-સ્ટોપ ફ્લાઈટ

અમદાવાદ

ફરવાના શોખીન ગુજરાતીઓ માટે આ વખતે વેકેશન કંઈક નવું બની શકે છે. અત્યાર સુધી દુબઈ અને સિંગાપોર તરફ વળતા અમદાવાદીઓ માટે હવે શ્રીલંકાના દ્વાર ખુલી ગયા છે. ફિસ્ટ એરની અમદાવાદ-કોલંબો ડાયરેક્ટ કનેક્ટિવિટીને કારણે શ્રીલંકા પ્રવાસનનું નવું હબ બની રહ્યું છે. કનેક્ટિંગ ફ્લાઈટની ઝંઝટ છોડીને હવે અમદાવાદીઓ સીધા જ 'રાવણની લંકા'માં લેન્ડિંગ કરી શકશે. પ્રવાસીઓ માટે હવે કોલંબો અને કેન્ડી જેવા સુંદર શહેરો એક્સપ્લોર કરવાના નવી તક મળી છે. અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી 19 જૂને શ્રીલંકાની FitsAir એરલાઈન્સની અમદાવાદ-કોલંબો વચ્ચેની પ્રથમ સીધી ફ્લાઈટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું. આ નવી એર કનેક્ટિવિટી ભારત અને શ્રીલંકા વચ્ચે પ્રવાસન, વેપારના સંબંધોને વધુ મજબૂત બનાવશે. આ નવી સુવિધાથી પ્રવાસનો સમય 8-12 કલાકથી ઘટીને માત્ર 3 કલાક 40 મિનિટ થઈ ગયો છે. લોટસ ટાવર- આ દક્ષિણ એશિયાનું સૌથી ઊંચું ફ્રી-સ્ટેન્ડિંગ સ્ટ્રક્ચર છે. તેનો આકાર કમળ જેવો છે. લોટસ ટાવરની ઊંચાઈ 356 મીટર છે. અહીંથી આખા કોલંબો શહેર અને સમુદ્રનો ૩૬૦-ડિગ્રી વ્યુ જોવા મળે છે. ગંગારામય મંદિર- અહીં શ્રીલંકન, થાઈ, ભારતીય અને ચાઈનીઝ આર્કિટેક્ચરનું મિશ્રણ જોવા મળે છે. અહીં ભગવાન બુદ્ધના અવશેષો અને અનેક કિંમતી મૂર્તિઓ રાખવામાં આવી છે. બેરા લેક (Beira Lake) પાસે આવેલું સીમા માલકા સ્ટેચ્યુ અહીંનું મુખ્ય આકર્ષણ છે.

## સ્માર્ટફોન-લેપટોપ સસ્તા થઈ શકે છે

(એજન્સી) નવી દિલ્હી | તા 09



કેન્દ્ર સરકારે દેશમાં સ્માર્ટફોન, લેપટોપ, વેરેબલ્સ (સ્માર્ટવોચ, ફિટનેસ બેન્ડ) અને સ્માર્ટ ટીવી જેવા ઈલેક્ટ્રોનિક ડિવાઈસ બનાવવા માટે ઉપયોગમાં લેવાતા સામાન પરથી બેઝિક કસ્ટમ ડ્યુટી (BCD) હટાવી દીધી છે.

હવે ડિસ્પ્લે એસેમ્બલી, લિથિયમ-આયન સેલ અને ઈન્ડક્ટર કોઈલ મોડ્યુલના મેન્યુફેક્ચરિંગમાં ઉપયોગમાં લેવાતા સામાન પર બેઝિક કસ્ટમ ડ્યુટી લાગશે નહીં. સરકારે ઘરેલું ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે આ પગલું ભર્યું છે.

સરકારનો આ નિર્ણય ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે ચાલી રહેલી પ્રોડક્શન લિંક્ડ ઈન્સેન્ટિવ એટલે કે PLI સ્કીમના ઉદ્દેશ્યો માટે યોગ્ય છે. હાલમાં, ભારતને ડિસ્પ્લે એસેમ્બલી અને લિથિયમ-આયન સેલ જેવી મુખ્ય વસ્તુઓ માટે મોટા પાયે અન્ય દેશો (ખાસ કરીને ચીન અને વિયેતનામ) પર નિર્ભર રહેવું પડે છે. આ ડ્યુટી છૂટ પછી સ્થાનિક સ્તરે ઉત્પાદન વધશે, જેનાથી વિદેશી દેશો પર ભારતની નિર્ભરતા ઘટશે.

ઉદ્યોગ નિષ્ણાતોનું માનવું છે કે ડિસ્પ્લે એસેમ્બલી અને લિથિયમ-આયન સેલ કોઈપણ સ્માર્ટફોન, લેપટોપ અથવા સ્માર્ટ ટીવીની કુલ કિંમતનો એક મોટો ભાગ હોય છે. તેના પરથી બેઝિક કસ્ટમ ડ્યુટી હટાવવાથી કંપનીઓને મેન્યુફેક્ચરિંગમાં મોટી રાહત મળશે. આવનારા સમયમાં કંપનીઓ તેનો ફાયદો ગ્રાહકોને આપી શકે છે, જેનાથી ભારતમાં બનેલા ઈલેક્ટ્રોનિક્સ ઉત્પાદનોની કિંમતો ઘટી શકે છે.

ડુંગળી-ટામેટાના ભાવ વધ્યા, જૂનમાં વેજ થાળી 5% મોંઘી

## નોનવેજ-થાળીની કિંમતોમાં પણ વધારો

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ઘરે તૈયાર થતી વેજ થાળીની સરેરાશ કિંમત દેશભરમાં 5% વધીને 28.4 રૂપિયા થઈ ગઈ છે. ગયા વર્ષે જુલાઈ-2025માં વેજ થાળીની કિંમત 28.1 રૂપિયા હતી. રેટિંગ એજન્સી ક્રિસિલે માસિક રિપોર્ટમાં જણાવ્યું કે, જૂન-2026માં ટામેટાં, ડુંગળી, ખાદ્ય તેલ અને રસોઈ ગેસ સિલિન્ડર મોંઘા થવાથી થાળીની કિંમત વધી છે.

મોંઘવારીથી બટાકાની કિંમતોમાં આવેલો ઘટાડાનો પ્રભાવ પણ સમાપ્ત થઈ ગયો. એજન્સીના રાઈસ રોટી રેટ (RRR) રિપોર્ટ મુજબ, ચિકનની સપ્લાય ઘટવાથી નોન-વેજ થાળીની કિંમત પણ જૂનમાં 6% મોંઘી થઈ છે. તેમજ, હવામાનની અસરને કારણે આવનારા દિવસોમાં કઠોળની કિંમત પણ વધી શકે છે. જો મહિના-દર-મહિના (મે 2026ની સરખામણીમાં જૂન 2026)ના આધારે જોઈએ, તો વેજ થાળી 4% અને નોન-વેજ થાળી 3% મોંઘી થઈ છે. આ સમયગાળા દરમિયાન માસિક ધોરણે ટામેટાંના ભાવ 17%, બટાકાના 5% અને ડુંગળીના ભાવ 8% વધ્યા છે, જેનાથી થાળીનો ખર્ચ વધ્યો છે. તેમજ ઓછી સપ્લાય વચ્ચે બ્રોઈલરની કિંમતોમાં પણ મહિના-દર-મહિનાના આધારે 2%નો વધારો અંદાજિત છે. ક્રિસિલ ઈન્ટેલિજન્સના ડિરેક્ટર પુષણ શર્માના મતે, મિડલ ઈસ્ટમાં અમેરિકા-ઈરાન વચ્ચે ચાલી રહેલા યુદ્ધને કારણે વૈશ્વિક સ્તરે સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. તેનાથી ખાદ્ય તેલ અને LPG સિલિન્ડરની કિંમતોમાં વાર્ષિક ધોરણે 10-10%નો વધારો થયો છે. તેનાથી બંને થાળીના ભાવ ઊંચા સ્તરે જળવાઈ રહ્યા છે. જૂન 2025માં જે ટામેટાં 32 પ્રતિ કિલો હતા, તે જૂન 2026માં 31% મોંઘા થઈને 42 પ્રતિ કિલો પર પહોંચી ગયા છે. ટામેટાં મોંઘા થવાનું કારણ ફેબ્રુઆરી-માર્ચમાં વધુ તાપમાનને કારણે ઉનાળાના પાકની વાવણીમાં વિલંબ અને ઓછું વાવેતર છે. બીજી તરફ, વધુ કિંમતવાળા રવિ પાકના સ્ટોક બજારમાં આવવાથી ડુંગળીના ભાવ પણ વાર્ષિક ધોરણે 2% વધ્યા છે. જોકે, નવા રવિ પાકના આગમનથી બટાકાના ભાવમાં 14%નો ઘટાડો થયો છે, જેનાથી થાળીની કિંમત ઘટાડવામાં મદદ મળી છે.

## CARE A-રેટિંગ મેળવ્યા પછી સોલ્ફિનની નજર ₹500-600 કરોડનું સંસ્થાગત ઋણ મેળવવા પર; ₹1,000 કરોડની મૂડીરોકાણની યોજનાનો લક્ષ્યાંક

(એજન્સી) નવી દિલ્હી | તા 09

ભારતમાં ઝડપથી વૃદ્ધિ કરતી ગ્રીન ફાઈનાન્સ NBFCs પૈકીની એક સોલ્ફિન સસ્ટેનેબલ ફાઈનાન્સ પ્રાઈવેટ લિમિટેડ ઈન્વેસ્ટમેન્ટ-ગ્રેડ CARE A-ક્રેડિટ રેટિંગ મેળવ્યા પછી સંસ્થાગત ઋણ સ્વરૂપે 500-600 કરોડનું ફંડ ઊભું કરવા સજ્જ છે. કંપની સમગ્ર ભારતમાં સ્વચ્છ ઊર્જાની કામગીરી માટે ધિરાણને વેગ આપવા આશરે 1,000 કરોડનું રોકાણ કરવાની યોજના બનાવી રહી છે. કંપનીએ તાજેતરમાં ઈક્વિટી મૂડી સ્વરૂપે 280 કરોડ મેળવ્યા પછી અને કામગીરીના પ્રથમ વર્ષમાં નફાકારકતા હાંસલ કર્યા પછી ઋણ સ્વરૂપે ફંડ ઊભું કરવાની આ યોજના બનાવી છે. આ કંપની માટે મહત્વપૂર્ણ સીમાચિહ્ન છે, કારણ કે તે સંસ્થાગત ટેકો ધરાવતું ગ્રીન ફાઈનાન્સ પ્લેટફૉર્મ બની રહી છે, જેને ભારતમાં ઝડપથી વૃદ્ધિ કરતી ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યૂએબલ એનર્જી ઈકોસિસ્ટમને સપોર્ટ કરવા માટે બનાવવામાં આવ્યું છે. ભારતે વર્ષ 2030 સુધીમાં બિન-અશ્મિભૂત ઈંધણમાંથી 500 GWની અક્ષય ઊર્જા ક્ષમતા ઊભી કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કર્યો હોવાથી દેશની સ્વચ્છ ઊર્જા તરફની આગેકૂચમાં સૌથી મહત્વપૂર્ણ પરિબળોમાંથી એક છે - સમયસર અને વિશેષ ધિરાણની ઉપલબ્ધિ. જ્યારે ટેકનોલૉજીકલ પ્રગતિ અને સાનુકૂળ નીતિગત પગલાં સૌર સ્વીકાર્યતાને વેગ આપી રહ્યાં છે, ત્યારે ઘર, MSMEs, વાણિજ્યિક ઉદ્યોગસાહસો અને ડેવલપર્સ કેટલી ઝડપથી ધિરાણ રિન્યૂએબ્લ એનર્જી સમાધાનો મેળવી શકશે એનું ચાવીરૂપ પરિબળ ધિરાણ જ છે. સોલ્ફિનની સ્થાપના જ ગ્રીન એસેટ સ્પેશ્યલાઈઝ ટેકનોલૉજી-ફર્સ્ટ ફાઈનાન્સિંગ પ્લેટફૉર્મ તૈયાર કરીને આ પડકારનું સમાધાન કરવા થઈ હતી. સોલ્ફિને શરૂઆતથી અત્યાર સુધી અલગ પ્રકારની ફાઈનાન્સિંગ ઈકોસિસ્ટમ બનાવી છે, જે પોતાનાં ખાસ અંડરરાઈટિંગ એન્જિન, ડેટા-આધારિત ધિરાણ મૂલ્યાંકન અને સંપૂર્ણપણે ડિજિટલ લોન પ્રોસેસ પર આધારિત છે. હાલ કંપની 1,350થી વધારે ઈકોસિસ્ટમ પાર્ટનર સાથે કામ કરે છે, જેમાં EPC કંપનીઓ, ડીલરો, OEMs અને વારી એનર્જીસ જેવી અગ્રણી ઉત્પાદક કંપનીઓ સામેલ છે, જે રહેણાક, વાણિજ્યિક અને ઔદ્યોગિક (C&I), ગ્રૂપ હાઉસિંગ સોસાયટીઓ, EPC અને ડીલર સેગમેન્ટ એમ તમામમાં ધિરાણ સમાધાનો આપે છે.

## એમજી ગ્રૂપે 'પ્રવાસ 2026' માં સ્ટાર્ઝનું અનાવરણ કર્યું, સુરક્ષિત, સ્માર્ટ અને ટકાઉ પેસેન્જર મોબિલિટી માટેની તેની પ્રતિબદ્ધતાને મજબૂત કરી

(એજન્સી) ગાંધીનગર | તા 09

ભારતના અગ્રણી બસ અને કોચ ઉત્પાદકોમાંના એક, એમજી ગ્રૂપે ગુરુવારે 'પ્રવાસ 2026' માં તેના નેક્સ્ટ જનરેશનના પ્રીમિયમ કોચ પ્લેટફોર્મ, 'સ્ટાર્ઝ'નું અનાવરણ કર્યું, જે એન્જિનિયરિંગ ઉત્કૃષ્ટતા, ઉન્નત સુરક્ષા, શ્રેષ્ઠ પેસેન્જર આરામ અને ટકાઉ ઉત્પાદન દ્વારા પેસેન્જર મોબિલિટીને આગળ વધારવા માટેની તેની પ્રતિબદ્ધતાને વધુ મજબૂત બનાવે છે.આ ત્રિ-દિવસીય પ્રદર્શનનું ઉદ્ઘાટન મુખ્ય અતિથિ શ્રીમતી મીરાબેન પટેલ, માનનીય મેયર, ગાંધીનગર અને શ્રી કૌશિક જૈન, માનનીય ધારાસભ્ય, દરિયાપુર, ગુજરાતની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું, જેમણે ગેસ્ટ ઓફ ઓનર તરીકે આ પ્રસંગની શોભા વધારી હતી. આ ઉદ્ઘાટન સાથે નવીનતા, ઉત્પાદન પ્રદર્શન, વ્યાપારી જોડાણ અને ઉદ્યોગ સહયોગના ત્રણ દિવસનો પ્રારંભ થયો.'સ્ટાર્ઝ'નું લોકાર્પણ એમજી ગ્રૂપની વિકાસ યાત્રામાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે અને ભવિષ્ય માટે તૈયાર મોબિલિટી સોલ્યુશન્સ વિકસાવવાના કંપનીના દ્રષ્ટિકોણને ખુબ સારી રીતે દર્શાવે છે, જે ફ્લીટ ઓપરેટર્સ, OEM ભાગીદારો અને



મુસાફરોની બદલાતી જરૂરિયાતોને પૂર્ણ કરે છે. વ્યાપક ગ્રાહક સંપર્ક અને બજારના અભ્યાસ દ્વારા વિકસિત, 'સ્ટાર્ઝ' પ્રીમિયમ કોચ સેગમેન્ટમાં નવા માપદંડો સ્થાપિત કરવા માટે આધુનિક ડિઝાઈન, અદ્યતન એન્જિનિયરિંગ અને ઓપરેશનલ કાર્યક્ષમતાનું સંયોજન કરે છે.એમજી ગ્રૂપના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી અનિલ મોહન કામતે જણાવ્યું હતું કે 'ભારતનું પેસેન્જર ટ્રાન્સપોર્ટેશન ક્ષેત્ર સુરક્ષા, આરામ, વિશ્વસનીયતા અને ટકાઉપણાની ઉચ્ચ અપેક્ષાઓને કારણે એક મોટા પરિવર્તનમાંથી પસાર થઈ રહ્યું છે. સ્ટાર્ઝ બજારની આ બદલાતી પરિસ્થિતિઓ પ્રત્યેનો અમારો પ્રતિભાવ છે. તે દાયકાઓની ઉત્પાદન કુશળતા, ગ્રાહકોની ઊંડી સમજ અને નવીનતા પરના સતત ધ્યાનને પ્રદર્શિત કરે છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, તે એવા મોબિલિટી સોલ્યૂશન્સ બનાવવા માટેની અમારી પ્રતિબદ્ધતા દર્શાવે છે જે ઓપરેટરો માટે લાંબા ગાળાનું મૂલ્ય પ્રદાન કરવાની સાથે મુસાફરો માટે પ્રવાસના અનુભવને વધુ ઉચ્ચ બનાવે છે.'બસ અને કોચ ઉત્પાદનમાં ત્રણ દાયકાથી વધુની કુશળતા સાથે, એમજી ગ્રૂપે અગ્રણી OEMs (ઓઈએમ), સ્ટેટ ટ્રાન્સપોર્ટ અંડરટેકિંગ્સ (STUs), ખાનગી ફ્લીટ ઓપરેટર્સ અને સંસ્થાકીય ગ્રાહકોને સેવા આપતા એક વિશ્વસનીય મોબિલિટી સોલ્યુશન્સ પ્રોવાઈડર તરીકે પોતાની ઓળખ સ્થાપિત કરી છે. આ ગ્રૂપ ઈકોનોમી, પ્રીમિયમ અને લક્ઝરી ટ્રાન્સપોર્ટેશન સેગમેન્ટ્સમાં પ્રોડક્ટ ડિઝાઈન, એન્જિનિયરિંગ, કમ્પોઝિટ્સ, ઉત્પાદન અને એન્ડ-ટુ-એન્ડ મોબિલિટી સોલ્યૂશન્સને આવરી લેતી સંકલિત ક્ષમતાઓ પ્રદાન કરે છે.

ક્લિનિશિયનો અને હેલ્થકેર અગ્રણીઓ ન્યુરોલોજીકલ મૂવમેન્ટ ડિસઓર્ડર્સ માટે એમઆર ગાઈડેડ ફોકસ્ડ અલ્ટ્રાસાઉન્ડ અને વિકસતા સારવાર માર્ગો પર ચર્ચા કરશે

## મૂવમેન્ટ ડિસઓર્ડર્સ (હલનચલન સંબંધી વિકૃતિઓ)ના વધતા કિસ્સાઓ વચ્ચે, વટ્ટીકુટી ફાઉન્ડેશને અદ્યતન થેરાપીઓ પર પ્રકાશ પાડ્યો જે દર્દીઓને સ્વતંત્રતા અને જીવનની ગુણવત્તા પુનઃપ્રાપ્ત કરવામાં મદદ કરે છે

અમદાવાદ: જેમ જેમ ભારતની વસ્તી વૃદ્ધ થઈ રહી છે અને ન્યુરોલોજીકલ ડિસઓર્ડર્સ (ચેતાતંત્ર સંબંધિત વિકૃતિઓ) સતત વધી રહ્યા છે, પાર્કિન્સન્સ ડિસીઝ અને એસેન્શિયલ ટ્રેમર (Essential Tremor) જેવા મૂવમેન્ટ ડિસઓર્ડર્સ દર્દીઓ, સંભાળ રાખનારાઓ અને હેલ્થકેર સિસ્ટમ્સ ત્રણેય પર સમાન રીતે બોજ વધારી રહ્યા છે. સામાન્ય રીતે ધ્રુજારી અને ક્ષતિગ્રસ્ત હલનચલન સાથે સંકળાયેલા હોવા છતાં, તેમની અસર તબીબી લક્ષણો કરતાં ઘણી વધારે વિસ્તરેલી છે, જે ઘણીવાર વ્યક્તિની કામ કરવાની, દૈનિક પ્રવૃત્તિઓ કરવાની, સામાજિક રીતે વ્યસ્ત રહેવાની અને સ્વતંત્ર રીતે જીવવાની ક્ષમતાને અસર કરે છે. ન્યુરોલોજીકલ કેરમાં પ્રગતિ થઈ હોવા છતાં, પરંપરાગત દવાઓથી પરની સારવારના વિકલ્પો વિશેની જાગૃતિ હજુ પણ મર્યાદિત છે, જેના કારણે ઘણા દર્દીઓ અને સંભાળ રાખનારાઓ એવા હસ્તક્ષેપો (ઈન્ટરવેન્શન્સ) થી અજાણ રહે છે જે લક્ષણોના નિયંત્રણ અને જીવનની ગુણવત્તા સુધારવામાં મદદ કરી શકે છે. દર્દીના શિક્ષણ અને જાગૃતિની વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા માટે, વટ્ટીકુટી ફાઉન્ડેશન 11 જુલાઈ, 2026ના રોજ અમદાવાદમાં ક્રાઉન પ્લાઝા અમદાવાદ



સિટી સેન્ટર, એસ જી રોડ ખાતે 'રીસ્ટોરીંગ લાઈફ વિથ ફોકસ્ડ અલ્ટ્રાસાઉન્ડ'ની થીમ હેઠળ ન્યુરોનેક્સ્ટ ફોરમનું આયોજન કરશે. દર્દીઓ અને સંભાળ રાખનારાઓ માટે એક જાહેર જાગૃતિ પહેલ તરીકે કલ્પના કરાયેલ આ ફોરમ નોન-ઈન્વેઝિવ બ્રેઈન થેરાપીઓમાં પ્રગતિ અને દર્દીના પરિણામોને સુધારવામાં તેમની ભૂમિકા વિશે ચર્ચા કરવા માટે ન્યુરોલોજિસ્ટ્સ, ન્યુરોસર્જનો અને હેલ્થકેર અગ્રણીઓને એકસાથે લાવશે. સહભાગીઓને નિષ્ણાતો સાથે સીધો સંવાદ કરવાની, ઉપલબ્ધ સારવાર વિકલ્પોની શોધ કરવાની અને ગતિશીલતા, સ્વતંત્રતા અને જીવનની ગુણવત્તામાં સુધારો કરી રહેલી નવીનતાઓ વિશે આંતરદૃષ્ટિ મેળવવાની તક મળશે. અમદાવાદની આ આવૃત્તિ આ વર્ષની શરૂઆતમાં ત્રણ શહેરોમાં ન્યુરોનેક્સ્ટ ફોરમની સફળતા પર આધારિત છે, જેમાં 200થી વધુ દર્દીઓ અને સંભાળ રાખનારાઓ તેમજ 50થી વધુ વર્ચ્યુઅલ સહભાગીઓ જોડાયા હતા. હેલ્થકેર પ્રોફેશનલ્સ, દર્દીઓ અને સંભાળ રાખનારાઓ માટે હાજરી મફત છે, જેના માટે અગાઉથી રજીસ્ટ્રેશન કરાવવું જરૂરી છે. રસ ધરાવતા સહભાગીઓ વટ્ટીકુટી ફાઉન્ડેશન ન્યુરોનેક્સ્ટ પર ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવી શકે છે અથવા સહાય માટે +91 9521781998 પર કોલ કરી શકે છે. જ્યારે મૂવમેન્ટ ડિસઓર્ડર્સની સારવાર માટે દવા એ પાયાનો પથ્થર છે, ત્યારે ઘણા દર્દીઓ એવા લક્ષણોનો અનુભવ કરવાનું ચાલુ રાખે છે જે દૈનિક જીવનને નોંધપાત્ર રીતે અસર કરે છે. એક અદ્યતન હસ્તક્ષેપ, એમઆરજીએફયુએસ (MRgFUS), એ એફડીએ (FDA) દ્વારા માન્ય, બિન-આક્રમક સારવાર છે જે કોઈ પણ કાપકૂપ (ઈન્સિઝન), રેડિયેશન અથવા ઈમ્પ્લાન્ટ વિના મગજના પ્રભાવિત વિસ્તારોને લક્ષ્ય બનાવવા માટે રીઅલ ટાઈમ એમઆરઆઈ (MRI) ઈમેજિંગ દ્વારા માર્ગદર્શન મેળવતા ફોકસ્ડ અલ્ટ્રાસાઉન્ડનો ઉપયોગ કરે છે. આ થેરાપી સર્જરી અથવા એનેસ્થેસિયાની જરૂરિયાત વિના લક્ષણોના નિયંત્રણ, ગતિશીલતા અને કાર્યાત્મક સ્વતંત્રતાને સુધારવામાં મદદ કરે છે.

## તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, જેઠ વદ - 11

# મોદીની ઓસ્ટ્રેલિયા વિઝીટ ટાણે નવી મુસીબત

ઓસ્ટ્રેલિયાએ ભારતીય 44 ફ્યુમીગેશન કંપનીઓના લાયસન્સ રદ કર્યા છે. વડાપ્રધાન મોદીની મુલાકાત સમયે આ નિર્ણયથી બાસમતી ચોખા સહિતના કૃષિ ઉત્પાદનોની નિકાસ પર અસર થશે. ઓસ્ટ્રેલિયાની બાયો સિક્યોરીટી એજન્સીએ ઓડિટ બાદ આ કાર્યવાહી કરી છે. આ નિર્ણયથી નિકાસ ખર્ચ વધશે અને માલની નિકાસ પ્રભાવિત થશે.ભારતની ૪૪ ફ્યુમીગેશન (કીટ નિરીક્ષક) સેવા આપનાર કંપનીઓને ઓસ્ટ્રેલિયાએ મોટો આંચકો આપ્યો છે. આ તમામ કંપનીઓના લાયસન્સ ઓસ્ટ્રેલિયાએ રદ કર્યા છે. આ નિર્ણય ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીની ઓસ્ટ્રેલિયા મુલાકાત ટાણે જ લેવામાં આવ્યો છે. આ નિર્ણયને કારણે ભારતથી ઓસ્ટ્રેલિયા મોકલનાર બાસમતી ચોખા અને બીજા કૃષિ ઉત્પાદનોની નિકાસ પર અસર પડી શકે છે. નિકાસનો ખર્ચ વધવાની સાથે માલની નિકાસ પણ પ્રભાવિત થઈ શકે છે. ઓસ્ટ્રેલિયાની બાયો સિક્યોરીટી એજન્સીએ ઓડિટ પછી આ કાર્યવાહી કરી છે. જે કંપનીઓ પર કાર્યવાહી કરવામાં આવી છે એમાં હરિયાણાની પાંચ અને પંજાબની ત્રણ કંપની છે. ઓસ્ટ્રેલિયાએ સ્પષ્ટ કર્યું છે કે જે નિકાસકારોએ ફ્યુમીગેશન આ રદ થયેલી કંપની પાસે કરાવ્યું હશે એમણે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા પછી ફરીથી ફ્યુમીગેશન કરાવવું પડશે.અયોધ્યાના રામ મંદિરમાં દાન ચોરીના આરોપો પછી મધ્યપ્રદેશના જાણીતા મા બગલામુખી મંદિર, નલખેડામાં દાન અને ચઢાવા બાબતે કહેવાતા નાણાકીય ગોટાળાની વાત બહાર આવવાથી રાજકારણ ગરમાયું છે. શ્રદ્ધાળુઓના રોકડ દાન, સોના-ચાંદીના આભુષણો અને ચઢાવાના હિસાબમાં ગરબડ થઈ હોવાની ફરિયાદ મળતા જીલ્લા વહીવટી તંત્રએ ત્રણ સભ્યોની તપાસ સમીતી બનાવી છે. ૭ દિવસની અંદર તપાસ સમીટીને રીપોર્ટ સોપી દેવા કહેવામાં આવ્યું છે. આ બાબતે કોગ્રેસે સરકાર પર પ્રહારો કર્યા છે. ધર્મ અને સંસ્કૃતિ મંત્રી ધર્મેન્દ્ર લોઢીએ તપાસ પછી જવાબદારો સામે કડક કાર્યવાહી કરવાનું વચન આપ્યું છે. આગર -માલવાના કલેક્ટર પ્રીતિ યાદવએ હમણા જ મા બગલામુખી મંદિરની અચાનક મુલાકાત લીધી હતી. એ વખતે દાન અને ચઢાવામાં થયેલી ગરબડ બહાર આવી હતી.રામ મંદિર દાન વિવાદમાં ચોરીના આરોપી રમાશંકર યાદવ ઉર્ફ ટીન્નુ યાદવને લઈને સમાજવાદી પાર્ટીના પ્રમુખ અખિલેશ યાદવ અને ભાજપના સાંસદ નીશિકાંત દુબે વચ્ચે રાજકીય વિવાદ થયો છે. અખિલેશ યાદવએ સપા પ્રદેશ પ્રમુખ કે કે પાલ દ્વારા નીશિકાંત દુબેને બદનક્ષીની નોટીસ મોકલી છે. સમાજવાદી પાર્ટીના નેતાઓએ ઈટાવાની ફ્રેન્ડ્સ કોલોનીના પોલીસ સ્ટેશનમાં દુબે અને બીજી વ્યક્તિઓ વિરુદ્ધ ફરિયાદ દાખલ કરી છે. આ ફરિયાદનો જવાબ આપતા દુબેએ કહ્યું હતું કે, 'ભારતીય ન્યાય સંહિતાના કાયદા પ્રમાણે ખુદ અખિલેશ યાદવે પોલીસ સ્ટેશને જઈને ફરિયાદ કરવી પડે. કાયદાનું પાલન કરો.' સાંસદે સોશ્યલ મીડિયા એક્સ પર પણ એક પોસ્ટ મૂકી છે. પોસ્ટમાં એમણે લખ્યું છે કે, 'અખિલેશજી વકીલો તમને આ રીતે બદનામ કરે છે. બદનક્ષી તમારી થઈ હોય તો નોટીસ પણ તમારે આપવી પડે. કાયદો તો એમ જ કહે છે. આ કાયદો બનાવનાર કમીટીમાં હું પણ સભ્ય હતો એટલે મને જાણકારી છે.'કેટલીક વખત એવી ઘટના બને છે કે, રાજકીય સમીકરણ સામાન્ય માણસની સમજમાં આવતા નથી. હમણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઈન્ડોનેશિયાના પ્રવાસે ગયા હતા. એ વખતે ઈન્ડોનેશિયાની સંસદમાં ત્યાના હાઉસ ઓફ રીપ્રેઝન્ટેટીવના સ્પિકર પુઆન મહારાણી સાથે એમની એક તસવીર પર કોંગ્રેસના એક્સ હેન્ડલ પરથી એક ટીપ્પણી કરવામાં આવી હતી. આ ટીપ્પણી મોદી પ્રત્યેની હોવા છતાં શિવસેના (ઉદ્ધવ ઠાકરે)ના નેતા પ્રિયંકા ચર્તુર્વેદી ભડકી ગયા હતા. તસવીરમાં મોદીની બીજી તરફ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવ સુબીઆંતો અને ત્યાના ઉપરાષ્ટ્રપતિ જીબ્રા રાકાબુમીંગ બેઠા હતા. જોકે કોંગ્રેસે જે વિડિયો શેર કર્યો હતો એમાં ફક્ત મહારાણી અને મોદી દેખાતા હતા. કેપ્શનમાં લખ્યું હતું કે, 'કંટ્રોલ ઉદય કંટ્રોલ' આ વાત પ્રિયંકા ચર્તુર્વેદીને ખૂંચી હતી. એમણે જવાબ આપ્યો હતો કે, 'કોંગ્રેસને આ શોભા આપતું નથી. ફક્ત મોદીને નિશાન બનાવવા માટે કોઈ મહિલાનો ઉપયોગ કરવાનું બંધ કરો.' એમ લાગે છે કે, ટૂંક સમયમાં કદાચ પ્રિયંકા ચતુર્વેદી ભાજપ સાથે સંબંધ બાંધે તો નવાઈ નહીં.સિંધુ જળ સમજૂતી બાબતે શરતોનું પાલન કરવા માટે એક વાર ફરીથી પાકિસ્તાનનું નિવેદન આવ્યું છે. કેન્દ્રીય જળ મંત્રી સી આર પાટીલએ ટીવી ચેનલને આપેલી એક મુલાકાતમાં કહ્યું હતું કે, પાકિસ્તાનને એક ટીપુ પણ પાણી મળશે નહીં. આ બાબતે પાકિસ્તાનના વિદેશમંત્રી નારાજ થયા હતા અને એમણે ભારત વિરુદ્ધ ટીપ્પણી કરી હતી.

# અખિલ કચ્છ હિંગોરા સમાજવાડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

જગદીશ પી. દવે | દેશલપર (ગુંતલી)



પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળું કચ્છ નિર્માણના શુભ આશય સાથે અખિલ કચ્છ હિંગોરા સમાજવાડી ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સૈયદ સલીમબાપુએ વિશેષ ઉપસ્થિતિ આપી વૃક્ષારોપણ કરી કાર્યક્રમને ગૌરવ અપાવ્યું હતું.આ સેવા કાર્યમાં હાજી જુનસ હાજી અબ્દુલ્લા (સાંધવ), હાજી ખાલક હાજી સીધીક, ઈલિયાસ હાજી મહોમદ, અલીમોહમદ હાજી સીધીક, અબ્દુલકાદર હાજી આમદ, દાદાભાઈ, ઈમરાન અબ્દુલ્લા, હાજી આમદ હાજી, અબ્દુલકરીમ હાજી આમદ, મુસ્તાક હાજી આમદ, ઝુલ્ફીકાર ઈશા, રઝાક હાજી આમદ, અલીમોહમદ ફોઝી, અનવર હાજી સીધીક, નઝીર ઈસ્માઈલ, અલ્તાફ ઈસ્માઈલ, સિકંદર આધમ, રફીક આધમ, સગીર મુસા, શરીફ ઈશા, અબ્દુલમજીદ જાફર, ઓસમાણગની ઈબ્રાહીમ અને રિયાજ સોઢા સહિત સમાજના અનેક આગેવાનો તથા યુવાનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. ઉપરાંત હાજી ઓસમાણ સાલેમામદ, અઝીઝ ઉમર, ઈસ્માઈલ જાફર, ઈશાક સાલેમામદ સહિત અન્ય ભાઈઓએ પણ પોતાની ઉપસ્થિતિ નોંધાવી હતી.કાર્યક્રમ દરમિયાન પર્યાવરણ જાળવણી, વધુમાં વધુ વૃક્ષારોપણ તથા વાવેલા વૃક્ષોના જતનની જરૂરિયાત અંગે સૌએ સંકલ્પ વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે માજી સરપંચ ખીરસરા (વિં.) હિંગોરા રજાકભાઈએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી સાહેબ નો અભિયાન માઁ ના નામ થી એક વૃક્ષ વાવો તે અભિયાન અંતર્ગત સમગ્ર સમાજ વતી થી બે હજાર વૃક્ષો વાવી ને વતન પ્રેમની એક અનુખો ઉદાહરણ પુરું પાડેલ છે 'વૃક્ષો પ્રકૃતિનું અમૂલ્ય વરદાન છે. પર્યાવરણનું જતન કરવું એ દરેક નાગરિકની નૈતિક જવાબદારી છે. વધુમાં વધુ વૃક્ષારોપણ કરવાની સાથે તેનું સંવર્ધન પણ એટલું જ જરૂરી છે. હરિયાળું કચ્છ અને હરિયાળું ભારત બનાવવા માટે સમાજના દરેક વ્યક્તિએ આવા સેવાકીય કાર્યક્રમોમાં સક્રિય સહભાગી બનવું જોઈએ.'

અંતે સૌએ અલ્લાહ તઆલાને દુઆ કરી કે આ સેવા કાર્ય કબૂલ ફરમાવે અને પર્યાવરણની રક્ષા માટે આવા સેવાકીય કાર્યો કરવાની તૌફીક હંમેશા અતા ફરમાવે.

# સંખેડામાં રૂપિયાની ઉઘરાણીના મામલે એક યુવક પર લોખંડની પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

સંખેડામાં રૂપિયાની ઉઘરાણીના મામલે એક યુવક પર લોખંડની પાઈપ વડે હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં તેને ગંભીર ઈજા થઈ હતી. આ ઘટનામાં અન્ય એક યુવકનું ગળું દબાવવામાં આવ્યું હતું. આ અંગે પિતા-પુત્ર સહિત ત્રણ વ્યક્તિઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાઈ છે.ફરિયાદ અનુસાર, યતીનકુમાર દિનેશભાઈ ખરાદીએ જણાવ્યું કે તેમના મિત્ર આકાશ સુથારે સલામતભાઈ મન્સૂરી કબા પાસેથી 40,000 રૂપિયા ઉછીના લીધા હતા. સલામતભાઈ આ પૈસાની ઉઘરાણી કરતા હતા અને આકાશને વેરાઈ માતાના મંદિર પાસે ચર્ચા કરવા બોલાવ્યો હતો. યતીનકુમાર પણ આકાશ સાથે ત્યાં ગયા હતા.મંદિર પાસે સલામતભાઈ, તેમનો પુત્ર અને અશ્વિન બારિયા હાજર હતા. સલામતભાઈએ આકાશને 40,000 રૂપિયા કેમ પાછા નથી આપતો તેમ પૂછ્યું હતું. આકાશે હાલ પૈસા ન હોવાનું અને સગવડ થતાં જ આપી દેવાનું જણાવ્યું હતું. આ સાંભળીને સલામતભાઈ ઉશ્કેરાઈ ગયા અને ગાળો આપવા લાગ્યા.યતીનકુમારે સવારે નિર્ણય લેવાનું સૂચવ્યું ત્યારે સલામતના પુત્ર અને અશ્વિને પૈસા બાબતે બહાના બનાવવા બદલ આકાશને ઠપકો આપ્યો. ત્યારબાદ સલામતભાઈએ તેમના હાથમાં રહેલી લોખંડની પાઈપ વડે યતીનકુમારના માથા પર પ્રહાર કર્યો, જે કપાળના ભાગે વાગ્યો. તે જ સમયે, અશ્વિને આકાશનું ગળું દબાવી પકડી લીધું.

આકાશે બૂમ પાડતા વિવેક અને સિદ્ધાર્થ ત્યાં આવી પહોંચ્યા હતા. આ જોઈને સલામતભાઈ, તેમનો પુત્ર અને અશ્વિન ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. ઈજાગ્રસ્ત યતીનકુમારને તાત્કાલિક સારવાર માટે સંખેડા રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# બહાદરપુર અને સંખેડા વચ્ચે ઓરસંગ નદી પરના નવા ડાયવર્ઝન પર લગાવવામાં આવેલી રેલિંગ પાણીમાં તણાઈ જવાનો ભય

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા



બહાદરપુર અને સંખેડા વચ્ચે ઓરસંગ નદી પરના નવા ડાયવર્ઝન પર લગાવવામાં આવેલી રેલિંગ પાણીમાં તણાઈ જવાનો ભય છે. ઉપરવાસમાં ભારે વરસાદને કારણે નદીમાં પાણીનું સ્તર વધતા લાખો રૂપિયાના ખર્ચે મુકાયેલી આ રેલિંગ જોખમમાં મુકાઈ શકે છે.

આ ડાયવર્ઝન બહાદરપુરથી સંખેડા નદી પર આશરે 2 કરોડના ખર્ચે બનાવવામાં આવ્યું છે. તેના બહાદરપુર તરફના રોડ પર લાખો રૂપિયાના ખર્ચે રેલિંગ સ્થાપિત કરવામાં આવી હતી.

ઉપરવાસમાં સતત વરસાદને કારણે ઓરસંગ નદીમાં પાણીની આવક વધી શકે છે, જેના પરિણામે રેલિંગ તણાઈ જવાની શક્યતા છે. જો આવું થશે તો સરકારને લાખો રૂપિયાનું નુકસાન થઈ શકે છે. હાલ ડાયવર્ઝન ચાલુ છે.

સ્થાનિકો દ્વારા એવી માંગ કરવામાં આવી છે કે, પ્રશાસન દ્વારા ડાયવર્ઝન બંધ કરતા પહેલા આ રેલિંગનો અન્ય કોઈ જગ્યાએ ઉપયોગ થાય તેવા પગલાં ભરવા જોઈએ. સંખેડા અને બહાદરપુરને જોડતો 12 કરોડના ખર્ચે તૈયાર થયેલો ઓરસંગ બ્રિજ (જેના પિલર અને પેરાફીટ મજબૂત કરાયા છે) ચાલુ થાય ત્યારે તેના પર વાહન વ્યવહાર શરૂ થાય. તંત્ર આ અંગે તાત્કાલિક નિર્ણય લે તેવી અપીલ કરવામાં આવી છે.

# દાહોદમાં 'પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્ર'નો પ્રારંભ: 'ફેમિલી ડોક્ટર'ની જેમ હવે નાગરિકો 'ફેમિલી ફાર્મર' સાથે જોડાઈ શકશે

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદના નાગરિકોના સ્વાસ્થ્યની સુખાકારી અને પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના આર્થિક ઉત્થાન માટે એક પ્રશંસનીય પહેલ કરવામાં આવી છે. જેમ આપણે સ્વાસ્થ્ય માટે 'ફેમિલી ડોક્ટર' રાખીએ છીએ, તેમ હવે શુદ્ધ ખોરાક માટે 'ફેમિલી ફાર્મર' સાથે જોડાવાનું નવું સરનામું એટલે 'પ્રાકૃતિક ખેત પેદાશ વેચાણ કેન્દ્ર.

દાહોદના ઐતિહાસિક સિદ્ધરાજ જયસિંહ છાબ તળાવ ખાતે રાજ્યકક્ષાના મંત્રી શ્રી રમેશભાઈ કટારાના વરદ હસ્તે આ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ઝાલોદ ધારાસભ્યશ્રી મહેશભાઈ ભુરીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.



આત્મા (ATMA) પ્રોજેક્ટ દ્વારા શરૂ કરવામાં આવેલા આ પ્રાકૃતિક કૃષિ વેચાણ કેન્દ્રનો મુખ્ય ઉદ્દેશ્ય પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને વચેટિયાઓ વિના સીધું જ બજાર પૂરું પાડવાનો છે. આ વ્યવસ્થાથી ખેડૂતો સીધા જ પોતાના ગ્રાહકો સુધી પહોંચી શકશે, જેથી તેમને પોતાની મહેનત અને પાકનું યોગ્ય વળતર તથા સારો ભાવ મળશે.

# દાહોદ જિલ્લામાં દિલ્હી-વડોદરા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વેના નિર્માણ કાર્યને ગતિ





દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદના ઝેરજીતગઢ પાસે હાઈવે કામગીરીની મુલાકાત લઇ સ્થળ નિરીક્ષણ કરતા કેબીનેટ મંત્રીશ્રી નીતિન ગડકરી

આજરોજ કેન્દ્રીય માર્ગ અને પરિવહન મંત્રીશ્રી નીતિન ગડકરીએ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકામાં આવેલ ઝેરજીતગઢ પાસે હાઈવેના ચાલી રહેલા ભારતમાલા પ્રોજેક્ટ હેઠળ કામગીરી સ્થળની મુલાકાત લઈને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું.

દાહોદ જિલ્લામાં ભારતમાલા પરિયોજના હેઠળ દિલ્હી-વડોદરા ગ્રીનફિલ્ડ એલાઈનમેન્ટ (NH-148N) ના EPC પેકેજ-૨૬ અંતર્ગત આઠ લેનના એક્સેસ-કન્ટ્રોલ્ડ એક્સપ્રેસ-વેનું નિર્માણ કાર્ય પ્રગતિમાં છે. આ પ્રોજેક્ટ હાથીયાવણ ગામ નજીક હડફ નદીના પુલ પછીથી શરૂ થઈ અંદાજે ૩૨.૮૩૫ કિમી સુધી વિસ્તરેલો છે.

પ્રોજેક્ટની કુલ અંદાજિત કિંમત રૂ. ૧,૦૩૮.૯૯ કરોડ છે. આ પ્રોજેક્ટનું નિર્માણ એટલાસ કન્સ્ટ્રક્શન્સ પ્રા. લિ. અને એન.કે.સી. પ્રોજેક્ટ્સ પ્રા. લિ. (જોઈન્ટ વેન્ચર) દ્વારા હાથ ધરવામાં આવી રહ્યું છે.

આ દરમ્યાન દાહોદ જિલ્લા કલેકટરશ્રી સુરભી ગૌતમ, દેવગઢ બારિયા નાયબ વન સંરક્ષકશ્રી, નાયબ પોલીસ અધિક્ષકશ્રીઓ, પ્રાંતશ્રી લીમખેડા, મામલતદારશ્રી લીમખેડા, નેશનલ હાઈવે સ્ટાફ સહિત સંલગ્ન તમામ અધિકારીશ્રી-કર્મચારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.આ એક્સપ્રેસ-વેના નિર્માણથી દાહોદ સહિત પૂર્વ ગુજરાતમાં ઝડપી અને સુરક્ષિત માર્ગ પરિવહનને પ્રોત્સાહન મળશે. ઉપરાંત મુસાફરીનો સમય ઘટશે, વેપાર-વાણિજ્યને વેગ મળશે અને સમગ્ર વિસ્તારના સામાજિક તથા આર્થિક વિકાસને નવી દિશા મળશે.

# સંખેડા ડીબી પારેખ સ્કૂલમાં દાતાશ્રીઓ ના હસ્તે શૈક્ષણિક કીટ ચોપડા અને કંપાસ બોક્સનું વિતરણ કરાયું.

રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

6 થી 12 ના તમામ વિદ્યાર્થીઓને ચોપડા અને ધોરણ 1 થી 6 ના વિદ્યાર્થીઓને કંપાસ બોક્સ અપાયા દાતાશ્રીઓના હસ્તે દીપ પ્રાગટ્ય કરી શરૂઆત કરાઈ. ટ્રસ્ટીઓ અને દાતાશ્રીઓનું વિદ્યાર્થિનીઓએ સ્વાગત ગીતથી સ્વાગત કર્યું. આચાર્ય ચિરાગ શાહ તેમજ શિક્ષકોએ ફૂલહારથી સન્માન કર્યુંઉપસ્થિત દાતાશ્રીઓએ વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપ્યું. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને શિક્ષકગણ ઉપસ્થિત રહ્યા હતા . કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓએ દાતાશ્રીઓ અને ઉપસ્થિત ટ્રસ્ટીઓનો આભાર વ્યક્ત કર્યો.



# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા સ્વચ્છતા કેમ્પેઈન અંતર્ગત "ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ" યોજાઈ

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. મહાનગરપાલિકા, જૂનાગઢ દ્વારા સ્વચ્છતા કેમ્પેઈન અંતર્ગત તારીખ ૦૯/૦૭/૨૦૨૬, ગુરુવારના રોજ સવારે ૧૦:૦૦ કલાકે ગાંધી ચોક, વૈભવ હોટેલ પાસે 'ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ' નું આયોજન કરવામાં આવ્યું હતું.સમગ્ર જૂનાગઢ શહેરમાં સફાઈ પ્રત્યે જાગૃતિ લાવવાના આશય સાથે યોજાયેલા આ અભિયાનનો પ્રારંભ જૂનાગઢ મહાનગરપાલિકાના માન. મેયરશ્રી શ્રીની મુખ્ય ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી જયેશભાઈ વાજા, શ્રી કલ્પેશભાઈ .ટોલિયા,દર્શન મકવાણા, શ્રી મનસુખભાઈ વાજા અસરફભાઈ થઈમ, હિલદારી ગ્રુપના પ્રોજેક્ટ લીડરશ્રી નીરજભાઈ ગુપ્તા તથા તેમની ટીમ દ્વારા આ ઘનિષ્ઠ સફાઈ અભિયાન અંતર્ગત ગાંધીચોક અને તેની આસપાસના વિસ્તારોમાં મહાનગરપાલિકાના અધિકારીશ્રીઓ, સફાઈ કર્મચારીશ્રીઓ તેમજ શહેરીજનો દ્વારા ઉત્સાહપૂર્વક શ્રમદાન કરવામાં આવ્યું હતું, આ તકે જૂનાગઢના તમામ નાગરિકોને પોતાના વિસ્તારને સ્વચ્છ રાખી આ ઝુંબેશમાં સક્રિય સહયોગ આપવા માટે પેમ્પ્લેટનું વિતરણ કરી શહેરીજનોમાં જન જાગૃતિ લાવવા માટેના પ્રયાસો કરવામાં આવ્યા હતા.

# વનબંધુ કલ્યાણ યોજના હેઠળ દાહોદ જિલ્લાના ૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને મળી નવી એમ્બ્યુલન્સની ભેટ

દિપક રાવલ દાહોદ લીમખેડા

આદિજાતિ બહુલ એવા દાહોદ જિલ્લાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓને વધુ સુદ્દઢ અને ઝડપી બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા વધુ એક મહત્વપૂર્ણ પહેલ કરવામાં આવી છે. આદિજાતિ વિકાસ વિભાગ હસ્તકની વનબંધુ કલ્યાણ યોજના હેઠળ ન્યુ ગુજરાત પેટર્ન યોજના વર્ષ ૨૦૨૪-૨૫ અન્વયે જિલ્લાના ૧૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને નવી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે.આ એમ્બ્યુલન્સને કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર પશુપાલન ગૌસંવર્ધન વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી રમેશભાઈ કટારા, દાહોદ સાંસદશ્રી જશવંતસિંહ ભાભોર, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી ગમાબેન મોહનિયા, જિલ્લાના ધારાસભ્યશ્રીઓ કનૈયાલાલ કિશોરી, બચુભાઈ ખાબડ, મહેશભાઈ ભુરીયા, મહેન્દ્રભાઈ ભાભોર, જીલ્લા પંચાયત નવ નિયુક્ત સમિતિના તમામ સભ્યો, જિલ્લા વિકાસ અધિકારી તથા પ્રાયોજના વહીવટદારશ્રી પ્રતિક જૈન તેમજ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદય ટીલાવતના હસ્તે લીલી ઝંડી બતાવી એમ્બ્યુલન્સનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું.આ યોજના હેઠળ કુલ રૂ. ૧,૯૪,૨૩,૪૦૪ ના ખર્ચે ૧૩ અદ્યતન એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી છે. જેમાં જિલ્લાના છેલ્લા ત્રણ વર્ષના આરોગ્ય સેવાઓના કામગીરીના મૂલ્યાંકન તથા જરૂરિયાતને ધ્યાનમાં રાખીને આ એમ્બ્યુલન્સ ચોસાલા, બાવકા, પાટીયા, નઢેલાવ, લીલવા ઠાકોર, ડુંગરી, ઘુઘસ, મોટી ઢઢેલી, ઝાબુ, ચીલાકોટા, દાસા, ગુણા અને કરંબા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને આપવામાં આવી છે.



# ગ્રીન જુનાગઢ ' બનાવવાનાં સંકલ્પ સાથે માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા શહેરના વિવિધ મિયાવાકી ગાર્ડનની મુલાકાત.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯. મહાનગરપાલિકા, જુનાગઢ હસ્તકના ઈન્દિરા ગાંધી ચિલ્ડ્રન પાર્ક (બાલ ભવન),મનોરંજન ગેસ્ટ હાઉસ સામે, ભૂતનાથ મંદિર સામે આવેલ રાજીવ ગાંધી પાર્ક તથા ટીંબાવાડીમાં આવેલ ગાર્ડન ખાતેથી વિનામૂલ્યે રોપાઓનું વિતરણ કરવામાં આવ્યું, જૂનાગઢ શહેરને વધુ હરિયાળું અને પર્યાવરણપ્રેમી બનાવવાના દ્રઢ સંકલ્પ સાથે જૂનાગઢ માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી પ્રભવ જોષી દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વિકસાવવામાં આવેલા આસ્થા રેસિડેન્સી,ચોબારી રોડ પાસે આવેલ શ્રીનાથજી પાર્ક,મધુરમ ખાતે આવેલ રિવર રેસીડેન્સી, સાબલપુર સ્થિત શ્રીનાથજી ઈન્ડસ્ટ્રીયલ પાર્ક સહિતના મિયાવાકી ગાર્ડનની રૂબરૂ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન કમિશનરશ્રી દ્વારા ત્યાં થઈ રહેલા વૃક્ષોના ઉછેર અને જાળવણીની કામગીરીની સઘન સમીક્ષા કરી હતી. આ મુલાકાતમાં ગત વર્ષે થયેલા ટ્રી-પ્લાન્ટેશનની સ્થિતિ ચકાસવામાં આવી હતી તેમજ ચાલુ વર્ષે પ્રગતિમાં રહેલી પ્લાન્ટેશનની કામગીરીનું જાત-નિરીક્ષણ કરવામાં આવેલ હતું. આ વર્ષે 'એક પેડ મા કે નામ' અભિયાન અને 'ગ્રીન જૂનાગઢ'નાં સંકલ્પને સાર્થક કરવા મહાનગરપાલિકા હસ્તકના રિઝર્વ પ્લોટો, સાર્વજનિક જગ્યાઓ, રોડ સાઈડ પર ૨.૫૦ લાખથી પણ વધારે વૃક્ષોના ટ્રી-પ્લાન્ટેશનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજ્ય સરકારશ્રીની વૃક્ષ વાવેતર યોજના અંતર્ગત શરૂ કરાયેલા આ અભિયાન હેઠળ જૂનાગઢ શહેરમાં વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય તે ખૂબ જ જરૂરી છે.

# કચ્છની દીકરીનો રાષ્ટ્રીય મંચ પર કમાલ: રગ્બીમાં નમ્રતા ભુડિયા બની 'ટોપ ગોલ સ્કોરર'

મહેશ એલ. સોની નખત્રાણા

રમતગમતના ક્ષેત્રમાં કચ્છની દીકરીઓએ ફરી એકવાર ગુજરાતનું નામ ગુંજતું કર્યું છે. હૈદરાબાદ ખાતે આયોજિત 'જુનિયર નેશનલ U-18 રગ્બી ચેમ્પિયનશિપ'માં ભુજની પ્રતિભાશાળી ખેલાડી અને ગુજરાત રગ્બી ટીમની કેપ્ટન નમ્રતા દિનેશભાઈ ભુડિયાએ અદભૂત રમતનું પ્રદર્શન કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. આ ટુર્નામેન્ટની 6 મેચમાં નમ્રતાએ કુલ 70 ગોલ નોંધાવ્યા હતા. સમગ્ર ભારતની તમામ રાજ્યોની ટીમોના ખેલાડીઓને પાછળ રાખી નમ્રતા 'ટોપ ગોલ સ્કોરર' બની હતી. ગુજરાત ટીમે પણ આ સ્પર્ધામાં સમગ્ર દેશમાં 9મું સ્થાન હાંસલ કરીને ઉત્તમ પ્રદર્શન કર્યું હતું. નમ્રતાની આ ઐતિહાસિક સિદ્ધિ બદલ ગુજરાત રગ્બી એસોસિએશન અને કચ્છ રગ્બી એસોસિએશનના સેક્રેટરી વેદાંતભાઈ ધનાણી તથા સમગ્ર સપોર્ટિંગ સ્ટાફે અભિનંદન પાઠવ્યા હતા. નમ્રતાની આ સફળતા કચ્છની દીકરીઓ અને આવનારી પેઢી માટે પ્રેરણારૂપ બની રહેશે તેમજ કચ્છનું નામ રાષ્ટ્રીય સ્તરે રોશન થયું છે.



# જૂનાગઢ મહાનગરપાલિકા દ્વારા તેમના હસ્તકની શાખાઓ અને વોર્ડ ઓફિસો, આંગણવાડીઓમાં સઘન સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી.

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯ સ્વચ્છતા અને જાહેર આરોગ્યને પ્રાધાન્ય આપવાના હેતુથી તા.૮/૭/૨૬ ના રોજ મહાનગરપાલિકા દ્વારા એક વિશેષ સફાઈ ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઝુંબેશ અંતર્ગત મહાનગરપાલિકા ની તમામ શાખાઓ, ઝોનલ ઓફિસો અને જનસુવિધા કેન્દ્રોમાં વ્યાપક સ્તરે સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી. મહાનગરપાલિકાની તમામ શાખાઓમાં લાંબા સમયથી પડેલી બિન જરૂરી, ફાજલ અને રદ્દી ચીજવસ્તુઓ તેમજ ભંગાર સાધન-સામગ્રીનો યોગ્ય રીતે નિકાલ કરવામાં આવ્યો હતો, જેથી કચેરીઓમાં જગ્યાનો સદુપયોગ થઈ શકે. ચોમાસાની ઋતુને ધ્યાને રાખીને મચ્છરજન્ય રોગોના નિયંત્રણ માટે ખાસ એન્ટી-લાર્વા અને ફોગિંગ સહિતની કામગીરી કરવામાં આવી હતી. કચેરીના તમામ શૌચાલયો અને યુરીનલોની સઘન સફાઈ કરી તેને જંતુમુક્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત સીવીક સેન્ટરો (જનસેવા કેન્દ્રો), ઝોનલ ઓફિસો અને તમામ વોર્ડ ઓફિસોમાં પણ ઊંડાણ પૂર્વક સફાઈ કરાઈ હતી. બાળકો અને નાગરિકોના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખીને શહેરની આંગણવાડીઓ તેમજ અર્બન હેલ્થ સેન્ટરો (આરોગ્ય કેન્દ્રો) ખાતે ખાસ સફાઈ અભિયાન ચલાવવામાં આવ્યું હતું. મહાનગર સેવા સદનમાં સ્વચ્છ અને સુઘડ વાતાવરણ મળી રહે તેમજ સરકારી કચેરીઓની કાર્યપ્રણાલી વધુ પ્રફુલ્લિત બને તે માટે આ આયોજન હાથ ધરવામાં આવેલ હતું.

# ગેરકાયદેસર સિંહ દર્શનના શોખે લીધો ૨૧ વર્ષીય યુવાનનો ભોગ, વન વિભાગના કર્મચારીઓ સામે સવાલો

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લાના લીલીયા તાલુકાના અંટાળિયા અને લુવારિયા વીડી નજીક એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં ગેરકાયદે સર રીતે સિંહ દર્શન કરવા ગયેલા કેટલાક સ્થાનિક યુવકો પર સિંહે હુમલો કર્યો હતો. આ હુમલામાં ૨૧ વર્ષીય સોહિલ મુજાવર નામના યુવકનું કરુણ મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટનાને પગલે વન વિભાગ ની કામગીરી અને કર્મચારીઓની ભૂમિકા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

સ્થાનિક સૂત્રો અને અહેવાલો અનુસાર, સિંહ અત્યારે મેટિંગ પિરિયડમાં હોવાથી અત્યંત આક્રમક મૂડમાં હતો. આ સમય દરમિયાન અંદાજે ૮ થી ૧૦ લોકોનો જૂથ સિંહને જોવા અને તેના ફોટા-વીડિયો લેવા માટે વન વિસ્તારની નજીક પહોંચ્યો હતો. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા મુજબ, સિંહે અચાનક ઉશ્કેરાઈને સોહિલ પર હુમલો કર્યો હતો અને તેને વન તરફ ખેંચી ગયો હતો. સિંહ એટલો ગુસ્સામાં હતો કે લાંબા સમય સુધી તે યુવકના મૃતદેહને છોડવા પણ તૈયાર નહોતો.

આ ઘટનામાં સૌથી ચોંકાવનારો વળાંક એ આવ્યો છે કે, સ્થાનિક સ્તરે એવી ચર્ચાઓ અને આક્ષેપો થઈ રહ્યા છે કે વન વિભાગના કેટલાક જવાબદાર કર્મચારીઓની રહેમનજર અને મિલીભગત હેઠળ જ આવા ગેરકાયદેસર સિંહ દર્શનના કાર્યક્રમો ગોઠવવામાં આવતા હોય છે.

આ અહેવાલમાં એ બાબત પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે વનવિભાગના કર્મચારીઓ દ્વારા જ આ યુવકોને સિંહ દર્શન કરાવવા માં આવી રહ્યા હોવાની પ્રબળ આશંકા છે. જો વન વિભાગ સજાગ હોત અને આવા પ્રતિબંધિત વિસ્તારોમાં લોકોના પ્રવેશ પર કડક નજર રાખવામાં આવતી હોત, તો કદાચ એક નિર્દોષ યુવાનનો જીવ બચી ગયો હોત.

ઘટનાની જાણ થતાં જ અમરેલી અને લીલીયા વન વિભાગની ટીમો તેમજ પોલીસ કાફલો સરકારી વાહનો સાથે ઘટનાસ્થળે દોડી ગયો હતો. ભારે જહેમત અને વાહનોના અવાજ બાદ સિંહ પાસેથી યુવક નો મૃતદેહ છોડાવવામાં આવ્યો હતો અને તેને પીએમ (પોસ્ટમોર્ટમ) માટે લીલીયા હોસ્પિટલ ખસેડવામાં



આવ્યો હતો.

આ મામલે વન વિભાગે ગેરકાયદેસર રીતે સિંહ દર્શન કરવા ગયેલા અન્ય સ્થાનિક યુવકોની પૂછપરછ શરૂ કરી છે અને હાલ ૨ શખ્સો ની અટકાયત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.વારંવાર બનતી ઘટનાઓ છતાં તંત્ર ઘોર નિંદ્રામાં..???અમરેલી જિલ્લામાં સિંહના હુમલાથી માનવ મૃત્યુની આ કોઈ પહેલી ઘટના નથી, ભૂતકાળમાં પણ આવી અનેક ઘટનાઓ બની ચૂકી છે. આ વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર લાયન શો (સિંહ દર્શન) થતા હોવાની ફરિયાદો ઉઠતી રહી છે. છતાં વન વિભાગ દ્વારા આ માનવભક્ષી કે આક્રમક બનેલા સિંહોને પાંજરે પૂરવા માટે કે ગેરકાયદે પ્રવૃત્તિઓ રોકવા માટે કોઈ કડક પગલાં કેમ નથી લેવાતા તે એક મોટો સવાલ છે. હાલમાં આ ઘટનાને પગલે સમગ્ર પંથકમાં ભારે અરેરાટી અને ભયનો માહોલ વ્યાપી ગયો છે.

## દાહોદમાં નીતિન ગડકરીનું આગમન: દિલ્હી-મુંબઈ હાઈવે કામગીરીની કરી સમીક્ષા

દિપક રાવલ દાહોદ લીમખેડા

દાહોદ જિલ્લામાંથી પસાર થતા મહત્વાકાંક્ષી દિલ્હી-મુંબઈ નેશનલ કોરિડોરના નિર્માણ કાર્યમાં થઈ રહેલા વિલંબને પગલે કેન્દ્રીય રોડ, ટ્રાન્સપોર્ટ અને હાઈવે મંત્રી નીતિન ગડકરી આજે ગુજરાતના પ્રવાસે આવ્યા હતા. મધ્યપ્રદેશ બાદ ગુજરાતની સરહદમાં પ્રવેશતા જ તેમણે દાહોદ જિલ્લામાં પ્રોજેક્ટની કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું હતું. આ મહત્વના પ્રોજેક્ટને વર્ષ 2024 સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો હતો, પરંતુ વર્ષ 2026ના મધ્ય સુધી પહોંચવા છતાં કામગીરી હજુ પણ અધૂરી હોવાથી મંત્રીએ ગંભીરતા દાખવી છે.નીતિન ગડકરીએ લીમખેડા તાલુકાના ઝેરજીતગઢ ગામે હાઈવેના નિર્માણકાર્યની સ્થળ તપાસ કરી હતી. અહીં તેમણે રોડના નિર્માણ અને તેની ગુણવત્તા બાબતે વ્યાપક માહિતી મેળવી હતી. આ ઉપરાંત, હાથિયાવાન ગામે પહાડ તોડવાની કામગીરીનું પણ તેમણે નિરીક્ષણ કર્યું હતું. પહાડી વિસ્તારમાં થઈ રહેલી કામગીરી અને તેમાં આવતા અવરોધો અંગે તેમણે સ્થળ પર જ ઉપસ્થિત અધિકારીઓ પાસેથી વિગતો લીધી હતી.

# ભુજની પી.સી.વી. હાઈસ્કૂલમાં "જાહેરમાં બોલવાની કળા" પર વ્યાખ્યાન યોજાયું

મહેશ એલ. સોની નખત્રાણા

વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ, વ્યક્તિત્વ વિકાસ અને અસરકારક અભિવ્યક્તિ કેળવવાના ઉદ્દેશ સાથે કચ્છ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રીમતી પી.સી.વી. મહેતા સાર્વજનિક હાઈસ્કૂલ, ભુજ ખાતે તા. 06/07/2026 ના રોજ "જાહેરમાં બોલવાની કળા" વિષય પર વિશેષ પ્રેરણાદાયી વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે આકાશવાણીના જાણીતા વક્તા, નાટ્ય કલાકાર અને છેલ્લા 35 વર્ષથી રંગભૂમિ સાથે સંકળાયેલા તથા આશરે 2000 જેટલા શેરી નાટકો દ્વારા સામાજિક જાગૃતિના કાર્યોમાં સક્રિય શ્રી મનોજભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા.સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્ય *ડો. ચેતનભાઈ આઈ. બારમેડા*ના માર્ગદર્શન હેઠળ બી.એડ.ની તાલીમાર્થી બહેનો પરિતા પાતળિયા, જાનવી ગેડીયા, નંદનીબા જાડેજા અને મગી રબારી દ્વારા સફળતાપૂર્વક કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં સ્ટાફગણમાંથી રમેશભાઈ મતિયા,



દિનેશભાઈ પાનસરા અને દુષ્યંતભાઈ વોરા પણ ઉપસ્થિત રહ્યા હતા. શાળાના ટ્રસ્ટીશ્રીઓ વાડીલાલભાઈ સાવલા, પંકજભાઈ મહેતા, સંદીપભાઈ દોશી, હર્ષિમબેન દોશી અને જયભાઈ મહેતાએ કાર્યક્રમને શુભેચ્છાઓ પાઠવી હતી.કાર્યક્રમ દરમિયાન બી.એડ.ની તાલીમાર્થી બહેનો અને આચાર્ય ડો. ચેતનભાઈ બારમેડા દ્વારા મુખ્ય વક્તા શ્રી મનોજભાઈ સોનીનું પ્રતિક ભેટ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું.પોતાના ઉદ્બોધનમાં શ્રી મનોજભાઈ સોનીએ વિદ્યાર્થીઓને સ્ટેજ પર બોલતી વખતે થતી ગભરામણ, આત્મવિશ્વાસનો અભાવ, યોગ્ય રજૂઆત, અવાજનો ઉપયોગ, શરીરની ભાષા તથા અસરકારક સંવાદ કૌશલ્ય વિશે ખૂબ જ સરળ અને રસપ્રદ રીતે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે જીવનમાં સફળતા મેળવવા માટે અસરકારક વક્તૃત્વ કળા કેટલું મહત્વ ધરાવે છે. તેમના વ્યાખ્યાનથી વિદ્યાર્થીઓમાં નવી સમજ અને આત્મવિશ્વાસનું સિંચન થયું હતું.

# અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ગ્રામ્ય વિસ્તારમાં બંધ થયેલા માર્ગો પૈકી ૧૧ માર્ગો સંપૂર્ણપણે પૂર્વવત કરાયાં

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

ભારે વરસાદ બાદ જ્યારે ગામડાઓના માર્ગો પર પાણી ફરી વળે છે, ત્યારે સૌથી મોટી ચિંતા માત્ર રસ્તાની નહીં, પરંતુ ગામના દૈનિક જીવનની હોય છે. શાળાએ જતાં બાળકો, દુધ લઈને નીકળતા પશુપાલકો, ખેતરે જતાં ખેડૂતો અને તબીબી જરૂરિયાત ધરાવતા લોકો માટે રસ્તો એટલે જીવનરેખા. આવા સમયે અમરેલી જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ પંચાયત દ્વારા હાથ ધરાયેલી ઝડપી કામગીરી એ ગ્રામ્ય જીવનને ફરી ગતિ આપવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે.અમરેલી જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તક અંદાજે ૩,૨૦૦ કિલોમીટર જેટલો વિશાળ ગ્રામ્ય માર્ગ વિસ્તાર આવેલો છે. તાજેતરના ભારે વરસાદને કારણે સાવરકુંડલા, ધારી, ચલાળા, રાજુલા અને જાફરાબાદ સહિતના વિસ્તારોમાં અનેક માર્ગોને નુકસાન પહોંચ્યું



હતું અને કેટલાક માર્ગો સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા. જો કે, તંત્રે સમય ગુમાવ્યા વિના વિવિધ ટીમો બનાવીને મરામત કામગીરી શરૂ કરતાં અત્યાર સુધીમાં સંપૂર્ણ બંધ થયેલા માર્ગો પૈકીના ૧૧ માર્ગો ફરી વાહનવ્યવહાર માટે ખુલ્લા કરવામાં આવ્યા છે.માર્ગ અને મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઈજનેરશ્રી સ્મિત ચૌધરીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના તમામ ૦૬ સબ-ડિવિઝનમાં નાયબ કાર્યપાલક ઈજનેરશ્રીઓ, સેક્શન અધિકારીશ્રીઓ તથા ટેકનિકલ સ્ટાફ સતત સ્થળ પર રહી કામગીરીનું સંકલન કરી રહ્યા છે.

# નર્મદા જિલ્લા ખાન ખનીજ વિભાગ ની કડક કામગીરી ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહ સામે કડક કાર્યવાહી

રાજપીપલા | નર્મદા જિલ્લામાં ખાણ અને ખનિજ વિભાગ દ્વારા બિનઅધિકૃત ખનન, ખનિજના વહન અને સંગ્રહને અટકાવવા માટે નિયમિત તેમજ આકસ્મિક તપાસ હાથ ધરવામાં આવી રહી છે. જિલ્લા કક્ષાએ અધિકારીઓ દ્વારા ચેકિંગ દરમિયાન ખનિજની બિનઅધિકૃત હેરફેર સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે.

જિલ્લામાં નિયમોનું ઉલ્લંઘન કરીને ખનિજનું ખનન, વહન અથવા સંગ્રહ કરતા તત્વો સામે ગુજરાત ખનિજ (ગેરકાયદે ખનન, વહન અને સંગ્રહ નિવારણ) નિયમો હેઠળ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવે છે. જે અંતર્ગત જિલ્લા ખાણખનિજ વિભાગ દ્વારા તા. ૨૬ એપ્રિલ ૨૦૨૬ થી તા. ૭ જુલાઈ ૨૦૨૬ સુધીમાં કુલ 47 કેસો નોંધવામાં આવ્યા છે, જેમાં અંદાજે 43.87 લાખનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ઉપરાંત, નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જિલ્લામાં બિનઅધિકૃત રીતે ખનન, વહન અને સંગ્રહના કુલ 110 કેસો નોંધાયા હતા, જેમાં અંદાજે 130.16 લાખનો દંડ વસૂલ કરવામાં આવ્યો હતો. તે ઉપરાંત બિન અધિકૃત રીતે ખનીજના ખનન સબબ કુલ 02 કેસમાં અંદાજે 1.06 કરોડના ખનિજ ચોરી સબબ કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લા ખાણખનિજ વિભાગે ખનિજના બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહમાં સંકળાયેલા તત્વોને કાયદાનું પાલન કરવાની અપીલ કરી છે તેમજ આવા ગેરકાયદે કૃત્યો સામે આગળ પણ સતત અને કડક કાર્યવાહી ચાલુ રાખવાની ખાતરી વ્યક્ત કરી છે.

# છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના વાસણા (કોસીન્દ્રા) ગામે નવનિર્મિત 'શ્રી આનંદવર્ધન આશ્રમ'નું ઉદ્ઘાટન ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ શનિવારે થશે

રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના વાસણા (કોસીન્દ્રા) ગામે નવનિર્મિત 'શ્રી આનંદવર્ધન આશ્રમ'નું ઉદ્ઘાટન ૧૧ જુલાઈ, ૨૦૨૬ના રોજ શનિવારે થશે. દ્વારકા શારદા પીઠાધીશ્વર જગદગુરુ શંકરાચાર્ય સ્વામી શ્રી સદાનંદ સરસ્વતીજી મહારાજશ્રીના હસ્તે આ આશ્રમનું શુભ ઉદ્ઘાટન કરવામાં આવશે.જગદગુરુ શંકરાચાર્યજી તેમની 'સ્વધર્મા નયન યાત્રા' અંતર્ગત વાસણા (કોસીન્દ્રા) ગામે ત્રણ દિવસનું રોકાણ કરશે. આ દરમિયાન ભક્તોને તેમના દર્શન અને અમૃતવાણીનો લાભ મળશે.આ આધ્યાત્મિક ઉત્સવના ભાગરૂપે બે દિવસીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ જુલાઈના



રોજ સાંજના સમયે વાસણા ચોકડીથી આશ્રમ સુધી જગદગુરુ શંકરાચાર્યજીનું ભવ્ય સ્વાગત અને શોભાયાત્રા કાઢવામાં આવશે.૧૧ જુલાઈ, યોગિની એકાદશીના પવિત્ર દિવસે બપોરે ૩:૦૦ થી ૫:૦૦ કલાક દરમિયાન ભવ્ય ધર્મસભાનું આયોજન કરાયું છે. આ ધર્મસભામાં ઉપસ્થિત રહી જગદગુરુ શંકરાચાર્યજી મહારાજશ્રીના મુખેથી આશીર્વચન સાંભળવાનો અને તેમના આશીર્વાદ પ્રાપ્ત કરવાનો અવસર ભાવિક ભક્તજનોને મળશે.આશ્રમ સમિતિ દ્વારા વાસણા ગામ અને આસપાસના તમામ સનાતની હિન્દુ ભાઈ-બહેનોને આ પવિત્ર મહોત્સવમાં પધારી ધર્મલાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## લાઠી એસડીએમ કચેરીએ આરટીઆઈ એક્ટિવિસ્ટનો આત્મવિલોપનનો પ્રયાસ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

આ ઘટના મંગળવારે બપોરે લાઠી એસડીએમ કચેરી ખાતે રજનીકાંત યુ. રાજયગુરુ નામના આરટીઆઈ એક્ટિવિસ્ટ દ્વારા પોતાની ઉપર જ્વલનશીલ પ્રવાહી છાંટીને આત્મવિલોપનનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ત્વરિત કામગીરી: કચેરીમાં હાજર અધિકારીઓ અને કર્મચારીઓએ સમયસૂચકતા વાપરીને આગ વધુ ફેલાતી અટકાવી હતી અને ઈજાગ્રસ્ત એક્ટિવિસ્ટને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જેના કારણે મોટી દુર્ઘટના ટળી હતી. પોલીસ કાર્યવાહી: આ ઘટના બાદ પોલીસ સ્થળ પર પહોંચી હતી અને નાયબ કલેક્ટર ઈન્દ્રવદન બ્રહ્મભટ્ટ દ્વારા લાઠી પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે ગુનો નોંધીને આત્મવિલોપનના પ્રયાસ પાછળના કારણોની તપાસ શરૂ કરી છે.

# ઉપલેટામાં ખુલ્લી કુંડીમાં વિદ્યાર્થી ખાબક્યો તંત્રની ઘોર બેદરકારી

વિજય રાડીયા ઉપલેટા

ઉપલેટામાં તંત્રની ઘોર બેદરકારીનો કિસ્સો સામે આવ્યો છે. અહીંની ખાનગી શાળામાં અભ્યાસ કરતો એક વિદ્યાર્થી શાળા છૂટ્યા બાદ રસ્તા પરની ખુલ્લી કુંડીમાં ખાબકી ગયો હતો. સદનસીબે આસપાસ હાજર લોકોએ તાત્કાલિક દોડી જઈને બાળકને બહાર કાઢતા તેનો જીવ બચી ગયો હતો. જોકે, આ ઘટનામાં બાળકને ઈજાઓ પહોંચી હતી અને તે અત્યંત ગભરાઈ ગયો હતો. આ ખુલ્લી કુંડીઓ અંગે નગરસેવક ચંદ્રપાલસિંહ જાડેજાએ તંત્રને અગાઉથી જ લેખિત ફરિયાદ કરી હતી. તેમ છતા તંત્ર દ્વારા કોઈ જ પગલાં કે તપાસ કરવામાં આવી ન હોવાના આક્ષેપ થઈ રહ્યા છે. ઘટના બાદ નગરસેવક જાડેજાએ જાતે જ શાળાની આસપાસની ખુલ્લી કુંડીઓ પર ઢાંકણા ફીટ કરવાની કામગીરી કરી હતી. આ જીવલેણ ઘટનાથી વાલીઓમાં તંત્ર પ્રત્યે રોષ જોવા મળી રહ્યો છે.







## ડાંગ એલ.સી.બી.નો સપાટો:-વરસતા વરસાદે પીછો કરી વિદેશી દારૂના જથ્થા સાથે ૨ ઈસમોની ધરપકડ.

ડાંગ | ડાંગ જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ નાં માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાન્ચનાં પી.એસ.આઈ. જે.જી.અનડકટની ટીમને ખાનગી રાહે એક ચોક્કસ બાતમી હકિકત મળી હતી કે, "એક શંકાસ્પદ DD પાસીંગની ફોર વ્હીલ ગાડી વાંસદા તરફથી વઘઈ-આહવા રોડ ઉપર જનાર છે". આ બાતમીના આધારે એલ.સી.બી.ની ટીમ તુરંત જ વઘઈ તરફ રવાના થઈ હતી. પેટ્રોલિંગ દરમિયાન કુકડનખી ગામ પાસે પહોંચતા સામેની સાઈડથી એક સફેદ કલરની અર્બન ક્રુઝર કાર પૂરઝડપે આવતી જણાતા પોલીસે તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. જો કે, બુટલેગરોએ ગાડી ઉભી રાખવાને બદલે ત્યાંથી ભગાવી મૂકી હતી.પોલીસે સમયસૂચકતા વાપરી તુરંત જ પોતાની સરકારી ગાડીનો યુ-ટર્ન મારીને વરસતા વરસાદમાં ફિલ્મી ઢબે આ શંકાસ્પદ કારનો પીછો કર્યો હતો. પોલીસથી બચવા માટે બુટલેગરોએ મુખ્ય રોડ છોડી દીધો હતો અને કુકડનખી ગામ પાસે આવેલા એસ.એસ. માહલા કેમ્પસ નજીકના વળાંકમાં ગાડી કાચા રસ્તે જંગલ તરફ વાળી દીધી હતી. પરંતુ પૂરઝડપે ભાગવા જતાં ચાલકે કાબૂ ગુમાવતા દારૂ ભરેલી અર્બન ક્રુઝર કાર જંગલમાં એક ખાડામાં પલટી મારી ગઈ હતી.

## અમરેલીમાં વીજકર્મીઓની ભારે વરસાદ વચ્ચે પ્રશંસનીય કામગીરી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે ખોરવાયેલો વીજ પુરવઠો ૧૯૨ ટીમોએ દિવસ-રાત એક કરીને પૂર્વવત કર્યો છે.ગામોમાં રાહત: વરસાદ અને કાદવ જેવી કપરી પરિસ્થિતિ વચ્ચે જોખમ ખેડીને વીજકર્મીઓએ ૮૦થી વધુ ગામોમાં ફરી વીજળીનો પ્રકાશ પહોંચાડ્યો છે.વરસાદથી પ્રભાવિત ૩૭૦ ફીડરમાંથી ૩૬૮ ફીડર પૂર્વવત કરાયા.નુકસાન પામેલા ૩૯૭ વીજ થાંભલામાંથી ૩૮૦થી વધુ વીજ થાંભલા ફરી ઊભા કરાયા.અમરેલી અને ગીર સોમનાથ જિલ્લામાં નુકસાન પામેલા ૩૨ ટ્રાન્સફોર્મરમાંથી ૩૦ ટ્રાન્સફોર્મર કાર્યરત કરી દેવામાં આવ્યા છે.ટીમો અને કોન્ટ્રાક્ટર એજન્સીની ૬૭ ટીમો મળીને કુલ ૧૯૨ ટીમોએ યુદ્ધના ધોરણે અવિરત સમારકામની કામગીરી હાથ ધરી હતી.

# અંબાલાલ ભલે આંબા ડાળે બેસીને અમદાવાદમાં "ભયાનક વાવાઝોડુ" બોલ્યા કરે..

આકાશ માં બનેલ માહોલ જોતા મન થનગનાટ માં ખુશ ખુશાલ થઈ ગયું પણ મગજ ને નિંદ્રા ખૂબ આવતી હતી એટલે એણે લાંબું બગાસું ખાતા કહ્યું કે ઓ!! વરસાદી ચાતક પક્ષી જેના આગમન માં તું ખુશ થઈ રહ્યું છે ને એ એના નવા અડ્ડો પર અનરાધાર વરસી રહ્યો છે. ખબર છે તને ત્યાં તો ગામ સીમાડા તૂટ્યા ને ભયાનક પૂર માં બધું બેટ માં ફેરવાઈ ગયું છે. સોશિયલ મીડિયા માં અંબાલાલ ભલે આંબા ડાળે બેસી ને અમદાવાદ માં "ભયાનક વાવાઝોડુ" બોલ્યા કરે..આ જુગ અમદાવાદ માં વરસાદ એકેય એરિયા માં અનરાધાર વરસ્યો જ નથી એટલે મગજ આક્રોશ ઠેલવતા બોલે છે કે નથી આવવાનો નથી આવવાનો ને નથી આવવાનો.. તું તારે શાંતિ થી નિંદ્રાધીન થઈ જાય.

વાત તો સાચી છે આ વર્ષે મેઘરાજા નું મન અમદાવાદ ને બદલે વિકાસ શીલ સુરત માં અનરાધાર થતા કોર્પોરેશન નો વિકાસ પાણી માં તણાઈ ને "બચાવો..બચાવો... બચાવો" ની બૂમ પાડ્યા કરે છે. બોલો કેવું આશ્ચર્ય છે? અમારા સૌરાષ્ટ્ર માં બધું ભગવાન ભરોસે, સવાર સવાર માં અચાનક પડોશણ એ મીઠી મુસ્કાન કરીને ચા નો કપ આપ્યો તો ભગવાન ની ઈચ્છા, માલધારી ને સિંહણ પકડાયો તો ભગવાન ની દયા થી છૂટી જશે એણે કોઈનું ખરાબ નથ કર્યું,અરે!!બાપલા,સિંતા ન કરો સિંહણ ના માલી પા દિલ માં પણ દયા માયા હોય છે થોડા ખેલ ખેલી ને છોડી દેહે..છોડી દેહે..જગદંબા નું વાહન એટલે માતાજી ના ભક્ત ને નુકશાન ન કરે..ન..કરે.. એલા!! ભાવલા,કાઢ બીડી ક્યુંની સિંહણ ની લાય માં ફૂંકી નથી. ભલું થજો ભાવલા ના બાપા એ સેવાભાવી છોકરો જણ્યો સે..ન્યૂઝ ચેનલો થી લઈને અમારા અમદાવાદ એક્સપ્રેસ ન્યુઝ પેપર ના સેવાભાવી રિપોર્ટરો પણ સિંહણ ના પંજા માં ફસાયેલ માલધારી નું લાઈવ રિપોર્ટિંગ કરવામાં ઉપર થી દબાણ હતું એટલે કરતા હતા. આ દશ્ય નજદીક થી જોતા ખૂંખાર લાગતું હતું પણ દૂર થી જોતા આગલા જન્મ ના પતિ પત્ની જેવું દશ્ય લાગતું હતું.ઘણી ગુજરાતી ન્યૂઝ ચેનલો માં તો સિંહણ ના પંજા માં ફસાયેલ માલધારી નું "આગલા જન્મ નું પતિ પત્ની નું કનેક્શન" પણ ચર્ચી નાખ્યું હતું.

રાત દિવસ સિંહણના પંજા માં ફસાયેલ માલધારી ના લાઈવ ટેલી કાસ્ટ માં ફોરેન ની ટૂર પર નીકળેલ મોદી બાપા મુંઝાયા. દૂરદર્શન ના ગોળ ગોળ ફરતા સિમ્બોલ માં મોદી બાપા ને બદલે હોટ ટોપિક સિંહણ અને માલધારી દેખાતા હતા. ભગવાન ની દયા સમજો કે સિંહણ એ આગલા જન્મ નું વેર નાની મોટી ઈજા માં સમાપ્ત કર્યું.સૌરાષ્ટ્ર ના ભાભા મંડળી ઓ એ પત્રકાર ને કહ્યું કે ભાઈ બાયું બાયું માં ફરક હોઈ સે આગલા જન્મ માં સિંહણ ભારે પતિવ્રતા બાય હશે ત્યારે તો આગલા જન્મ ના પતિ ને જીવતો છોડ્યો. આજ કાલ યુ ટ્યુબ ના જમાનામાં પહેલાની માફક લોકવાર્તા ઓ નો ક્રેઝ ઘટ્યો છે,કેમ? ઈન્સ્ટાગ્રામ ઓપન કરો એ ભેગા જોઈતો હોય એવો ગરમ,નરમ,ઠંડો, તડાકેદાર,આગ પેદા કરી નાખે એવા મસાલેદાર વિડિઓ આસાની થી મળી જતા હોય છે.સિંહણ એ માલધારી ને મોઢે દબોચ્યો



પંચાત રસ

- રુપાલી દવે

ગામડા વાળા નો રસ નો ટોપિક બનતા ગામ ની લોકલ ચેનલો માં પતિવ્રતા નારી સિંહણ,ગિરનારની સિંહણ માતા,ગયા ભવની વાત વગેરે વગેરે વિષય પરની ડીવીડીની જાહેરાત આવતા જ ફટાફટ મિનિટો માં જ સો થી વધારે ડીવીડી ની બુકિંગ થઈ ગયું.

બધું ભગવાન ભરોસે સમજો પેલા ના સમય માં ગામડા ના પાદરે દાખલ થાવ ને એ ભેગા ટોળું વળી ને બેઠલ ગામ પંચાત માં વ્યસ્ત ભાભાઓનાં દર્શન થતા હતા. શું કરીએ? ભારત માં ટેક્નોલોજી નો વિકાસ વધતા બધા ના ગજવા માં સ્માર્ટ મોબાઈલ આવી ગયા એટલે તો ગામ દાખલ થતા જ ટોળું વળી ને પોત પોતાના મોબાઈલ માં વ્યસ્ત મૌની બાબા બની ગયેલ ભાભા ઓનાં દર્શન વધારે થાય છે. સાચું કહું ગામડા ગામ ના ભાભાઓનો વિકાસ થયો છે ને એના પા ભાગ જેટલો પણ અમારા ભાવનગર નો વિકાસ થયો નથી.વરસો થી ભાવનગર ના નેતાઓ ચૂંટાઈ ને ધારાસભ્ય ગયા બાદ પણ વિકાસ ને અમારા ગામ નો દીકરો બની ને રહેવું છે. ગાંઠિયા મરચા અને પપૈયા ના છીણ ના બદલે ગાંઠિયા બટેટી થયા પણ પાઉ ગાંઠિયા માં નાનો સરખો ફર્ક પડ્યો નથી. સાચું કહું અમારું ભાવનગર ગામ ભગવાન ભરોસે એટલે તો આંખ બંધ કરીને રેસીપી વિશે વિચર્યા વગર રવિવાર ની રજા માં પેટ ભરી ને ગાંઠિયા ઝાપટે છે. વરસાદ માં જામી ગયેલ કીચડ ને સ્લીપર ખુંચી જશે ને તો બોલશે કે હારુ કર્યું ભગવાન સ્લીપર ગારા માં ખુંચી ગયું નવા પહેરવા નો વારો તો આવશે. ભૂલ થી વરસાદ અનરાધાર ભાવનગર માં વરસ્યો તો બોલશે કે બાપરે, હું દી ભેગા નો વરસ્યો છે ને વરસ્યા કરે સ ભૂકા કાઢી નાખ્યા બાપગુજરાત ના વિકાસશીલ શહેર સુરત અને ભગવાન ભરોસે જીવતા ભાવનગર બન્ને શહેર નો અભ્યાસ કરશો તો સમજાશે કે કુદરતી આફત નો સુરત શહેર ને અવાર નવાર સામનો કરવો પડે છે. પૂર ની સ્થિતિ કે અન્ય આફતો ને લીધે સુરત શહેરનો વિકાસ તળિયે બેસી જાય છે. ૨૬મી જાન્યુઆરી ના ધરતી કંપ એ સમગ્ર ગુજરાત ને ધમરોળી નાખ્યું હતું પણ ભાવનગર માં છૂટક એકાદ બે નાની ઘટના સિવાઈ ખાસ નુકશાન થયું નહતું. વાસ્તવિકતા તો એ છે કે ૨૬મી જાન્યુઆરી પહેલા ભાવનગર પંથક ને સો થી વધારે ધરતી કંપ ના આંચકા એ ધ્રુજાવ્યુ હતું. અનરાધાર વરસાદ,ધરતીકંપ,વાવાઝોડા વગેરે વગેરે કુદરતી આફતો માં ભગવાન ભરોસે જીવતા ભાવનગર ની મદદે ભગવાન જ આવતા હોય છે. વરસતા વરસાદ માં છત્રી લઈને ગાય કૂતરા ને રોટલી આપવા નીકળે એનું નામ ભાવનગર..ભૂલ થી ભુલ માં રસ્તો ભૂલી ગયા તો સરનામા સુધી સાથે આવશે જ, ભૂલ થી ભુલ માં તમે ભાવનગરી ને ખુબ આનંદ કરો સુખી થાવ ના આશીર્વાદ ભાવનગરી ને આપવાની ભૂલ ન કરતા,કેમ?આતંક વાદી સમજી ને એ વિચારશે નક્કી આને મારા પાસે થી એ કે ૪૭ છીનવી લેવી લાગે છે..આ કારણોસર તો સિંહો અને સિંહણ નું ટોળું ભાવનગર ની શહેર ની અંદર એન્ટ્રી મારવાને બદલે એની નજીક આવેલ ભડી ભંડારિયાના ડુંગરાઓમાં આનંદ મંગલ કરતા ફરતા હોય છે. હિટ વેવ : બાપ, કોઈને ખોટું લાગે તો આપણા ને ભગવાન માફ ન કરે સમજ્યા.. વાત એવી છે ને કે ભાવનગર માં ક્ષત્રિય સિંહો ની વસ્તી એટલે એક ગામ માં બે સિંહ સાથે રહે તો ધીંગાણું થાય એ નક્કી.દર વર્ષે ભાવનગર ને ફાળે રેલવે બજેટ માં ટ્રેન તો ઘણી ફાળવાય છે પણ ભાવનગર નું રેલવે સ્ટેશન એ જંકશન છે એટલે સ્ટેશન એ આવતા જ થાકી પાકેલ ટ્રેનો નિંદ્રાધીન થઈ જાય છે.. લે થાકી જ જાય ને ટ્રેન માણસ નથી પણ મશીન તો છે ને..



# 'ગુંડે' બોય્ઝ રણવીર સિંહ અને અર્જુન કપૂરનું રીયુનિયન

(એજન્સી) મુંબઈ | તા.09

અર્જુન કપૂરની બહેન અંશુલા કપૂરે 6 જુલાઈએ સ્ક્રીનરાઈટર રોહન ઠક્કર સાથે લગ્ન કર્યા. ત્યારબાદ મંગળવારે સાંજે મુંબઈમાં તેમનું ભવ્ય વેડિંગ રિસેપ્શન યોજવામાં આવ્યું. આ પ્રસંગે બોલિવૂડના અનેક સિતારાઓ હાજર રહ્યા.

રિસેપ્શનમાં સૌથી વધુ ચર્ચા રણવીર સિંહ અને અર્જુન કપૂરના ડાન્સ પરફોર્મન્સની થઈ. બંનેએ તેમની ફિલ્મ 'ગુંડે' (2014)ના પ્રખ્યાત ગીત 'તુને મારી એન્ટ્રિયાં' પર ડાન્સ કર્યો. આ દરમિયાન બંનેની ઓન-સ્ક્રીન જોડી બિક્રમ અને બાલાની યાદો પણ તાજી થઈ ગઈ. તેમજ બંને 'ધુરંધર'ના ગીત પર પણ ઝૂમતા જોવા મળ્યા.

કાર્યક્રમમાં સિંગર હિમેશ રેશમિયાએ લાઈવ પરફોર્મન્સ આપ્યું. રણવીર અને અર્જુન સ્ટેજ પર તેમની સાથે જોવા મળ્યા અને 'મુજકો યાદ સતાયે તેરી' સહિત અનેક ગીતો પર ગાતા અને ઝૂમતા જોવા મળ્યા. રિસેપ્શનમાં બોની કપૂર, જાહ્નવી કપૂર, શનાયા કપૂર, રેખા, બોબી દેઓલ, ચંકી પાંડે અને રિતેશ દેશમુખ સહિત બોલિવૂડની અનેક હસ્તીઓ હાજર રહી હતી.

લગ્નની તસવીરો સાથે અંશુલાએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, '06.07.2026. આટલા બધા લોકોમાં, આટલી બધી જગ્યાઓમાં અને આટલા બધા સમયની વચ્ચે, તે તું હતો. અને જીવનના દરેક વળાંક, દરેક ઉતાર-ચઢાવ અને દરેક અનપેક્ષિત સફર પછી પણ. આજે પણ તું જ છે. મારી સૌથી મનપસંદ વાતચીત. મારી સૌથી શાંતિપૂર્ણ જગ્યા. મારી સૌથી સરળ અને સૌથી સુંદર પસંદગી. હંમેશા તું જ રોહન ઠક્કર.'

અર્જુન કપૂરે પણ લગ્ન પછી સોશિયલ મીડિયા પર અંશુલા માટે ભાવુક પોસ્ટ શેર કરી. તેણે લખ્યું, 'મારી અંશના નામે, તું હંમેશા મારી રહીશ, પણ હવે સમય આવી ગયો છે કે, હું તને નવા રસ્તે જવા દઉં. આજે તું રોહન સાથે તારા નવા જીવનની શરૂઆત કરી રહી છે. તને હસતી જોઈને મારું હૃદય, મારું મન અને મારી આત્મા ખૂબ ખુશ છે. મેં તને બાળપણથી મોટી થતી જોઈ છે અને આજે તું એક એવી શાનદાર મહિલા બની ગઈ છે, જે દરેક પગલે આપણી માતાની છબીને પોતાનામાં સમાવી રહી છે.'

# મોદીએ કર્યો શાહરૂખની ફિલ્મનો ઉલ્લેખ : 'કુછ કુછ હોતા હૈ' થી સમજાવ્યો ભારત-ઈન્ડોનેશિયાનો સંબંધો; કરણ જોહરે વ્યક્ત કરી ખુશી

(એજન્સી) મુંબઈ | તા.09

વડાપ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ત્રણ દેશોના પ્રવાસના પ્રથમ પડાવ પર ઈન્ડોનેશિયા પહોંચ્યા છે. જકાર્તામાં ભારતીય સમુદાયને સંબોધિત કરતા પીએમ મોદીએ ભારત અને ઈન્ડોનેશિયાના સંબંધોને સમજાવવા માટે બોલિવૂડ ફિલ્મ 'કુછ કુછ હોતા હૈ'ના નામનો ઉપયોગ કર્યો.

તેમણે કહ્યું કે જ્યારે બંને દેશો સાથે ચાલે છે, ત્યારે 'કુછ કુછ' નહીં પણ 'બહુત કુછ' થાય છે. પીએમના આ નિવેદન પર ફિલ્મના ડિરેક્ટર કરણ જોહરે સોશિયલ મીડિયા પર ખુશી વ્યક્ત કરી છે અને તેને પોતાના માટે સન્માનની વાત કહી છે.

જકાર્તામાં ભારતીય પ્રવાસીઓને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ભારત અને ઈન્ડોનેશિયાના સાંસ્કૃતિક જોડાણ પર વાત કરી. તેમણે કહ્યું કે ઈન્ડોનેશિયામાં ભારતનું ગીત 'કુછ કુછ હોતા હૈ' ખૂબ લોકપ્રિય છે. આનું ઉદાહરણ આપતા પીએમ મોદીએ કહ્યું કે જ્યારે ભારત અને ઈન્ડોનેશિયા સાથે મળીને ચાલે છે, ત્યારે 'કુછ કુછ'થી પણ આગળ વધીને 'બહુત કુછ' થાય છે. પીએમ મોદીના આ નિવેદન પછી ત્યાં હાજર લોકોએ તાળીઓ પાડીને તેમનું સ્વાગત કર્યું.

પીએમ મોદીના આ ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર આવ્યા બાદ ફિલ્મના ડિરેક્ટર કરણ જોહરે તેના પર પોતાની પ્રતિક્રિયા આપી. કરણ જોહરે પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર આ ભાષણની ક્લિપ શેર કરી. તેમણે લખ્યું કે અમારા સન્માનિત વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જકાર્તામાં 'કુછ કુછ હોતા હૈ' વિશે વાત કરતા જોઈને તેઓ ખૂબ ખુશ અને સન્માનિત અનુભવી રહ્યા છે. કરણે આગળ લખ્યું કે પ્રેમ એક એવી ભાષા છે જે બધી સીમાઓથી પર છે. આ ગીતને હંમેશા જીવંત રાખવા બદલ તેમણે વડાપ્રધાનનો આભાર વ્યક્ત કર્યો.

જે ફિલ્મનો ઉલ્લેખ વડાપ્રધાને પોતાના ભાષણમાં કર્યો હતો, તે કરણ જોહરના કરિયરની ખૂબ જ ખાસ ફિલ્મ છે.

વર્ષ 1998માં આવેલી 'કુછ કુછ હોતા હૈ' થી કરણ જોહરે દિગ્દર્શક તરીકે બોલિવૂડમાં પોતાનું ડેબ્યૂ કર્યું હતું. આ ફિલ્મમાં શાહરુખ ખાન, કાજોલ અને રાની મુખર્જી મુખ્ય ભૂમિકાઓમાં હતા, જ્યારે સલમાન ખાને ફિલ્મમાં કેમિયો રોલ કર્યો હતો. આ ફિલ્મ અને તેના ગીતો ભારતની સાથે-સાથે ઘણા એશિયન દેશોમાં આજે પણ પસંદ કરવામાં આવે છે.




મુંબઈ: ગોવા હાઈકોર્ટે અભિનેતા સલમાન ખાનને કંડોલિમ સ્થિત તેની મિલકતમાં CRZ નિયમોના ભંગ બદલ નોટિસ ફટકારી છે.
કાલંગુટ કન્સ્ટિટ્યુઅન્સી ફોરમની અરજી મુજબ, સિંકવેરિયમ નદીથી 55 મીટરના અંતરે રહેણાંક વિલા અને સ્વિમિંગ પૂલ બનાવાયા છે.
ક્લાસિક સિટી ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરાયેલા આ બાંધકામમાં સલમાન મેનેજિંગ પાર્ટનર હોવાનો દાવો છે.

# સલમાનખાનને સીઆરઝેડ ભંગ માટે હાઈકોર્ટની નોટિસ

મુંબઈ : કાલંગુટ કન્સ્ટિટયુઅન્સી ફોરમ નામની સંસ્થાએ નોંધાવેલી જાહેર હિતની અરજીને ધ્યાનમાં લઈ ગોવા ખાતેની બોમ્બે હાઈકોર્ટ દ્વારા સલમાનખાનને કંડોલિમમાં આવેલી તેની સંપત્તિમાં કોસ્ટલ રેગ્યુલેશન ઝોન-સીઆરઝેડ-ના ધારાધોરણોનો ભંગ કરી બાંધકામ કરવા બદલ નોટીસ આપવામાં આવી હતી.

સીઆરઝેડ નિયમનો અનુસાર ૧૦૦ મીટરના નો ડેવલપમેન્ટ ઝોનમાં આવેલા કંડોલિમના પ્લોટમાં કરવામાં આવેલાં બાંધકામને આ અરજી દ્વારા પડકારવામાં આવ્યું છે. અરજદારના જણાવ્યા અનુસાર સિંકવેરિઅમ નદીના ભરતીના મોજા જ્યાં આવે છે ત્યાંથી અંદાજે ૫૫ મીટરના અંતરે સીઆરઝેડના નિયમનોનો ભંગ કરી રહેણાંક વિલા અને સ્વિમિંગ પુલ બનાવવામાં આવ્યા છે. આ બાંધકામ ક્લાસિક સીટી ઈન્વેસ્ટમેન્ટ પ્રાઈવેટ લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. આ કંપનીમાં સલમાનખાન મેનેજિંગ પાર્ટનર હોવાનો દાવો અરજીમાં કરવામાં આવ્યો હતો.

આ જાહેર હિતની અરજીમાં ગોવા સરકાર, ગોવા સીઆરઝેડ ઓથોરિટી, કન્ડોલિમ ગ્રામ પંચાયત અને પર્યાવરણ મંત્રાલય તથા અન્યોને પ્રતિવાદી બનાવી જવાબ નોંધાવવા જણાવાયું છે. આ નોટીસનો જવાબ મળ્યા બાદ આ મામલે વધુ સુનાવણી કરવામાં આવશે.



# રાકામાં અલ્લુ અર્જુન સાથે શ્રીલીલા લગભગ કન્ફર્મ

**મુંબઈ: અલ્લુ અર્જુન અને દીપિકા પદુકોણ અભિનીત એટલીની ફિલ્મ 'રાકા'માં શ્રીલીલાની એન્ટ્રીની અટકળો તેજ બની છે. સેટ પર તેની અવરજવર વધી છે. 'પુષ્પા 2'માં અલ્લુ અર્જુન સાથે તેનો ડાન્સ હિટ રહ્યો હતો. શાહરૂખ ખાન પણ મહેમાન કલાકાર તરીકે જોવા મળશે તેવી ચર્ચા છે. આ બિગ બજેટ સાયફાય એક્શન ફિલ્મની દર્શકો આતુરતાથી રાહ જોઈ રહ્યા છે.**

મુંબઈ : એટલીની ફિલ્મ 'રાકા'માં અલ્લુ અર્જુન અને દિપિકા પદુકોણની જોડી પહેલીવાર સાથે કામ કરી છે. હવે ફિલ્મના સેટ પર શ્રીલીલાની આવનજાવન વધી હોવાને કારણે આ ફિલ્મમાં શ્રીલીલા પણ જોડાઇ હોવાની અટકળો તેજ બની છે. બીગ બજેટની આ સાયફાય એક્શન ફિલ્મની દર્શકો આતુરતાથી રાહ જોઇ રહ્યા છે.

'પુષ્પા ટુ'માં શ્રીલીલા અને અલ્લુ અર્જુનના ડાન્સે ધમાલ મચાવી દીધી હતી.તાજેતરમાં ફિલ્મના હીરો અલ્લુ અર્જુનના જન્મદિને શુભેચ્છા આપતાં ફિલ્મનું પોસ્ટર શેર કરતાં શાહરૂખ ખાન પણ આ ફિલ્મમાં મહેમાન કળાકાર તરીકે જોવા મળશે તેવી અટકળો પણ ચાલી છે. જો કે ફિલ્મમેકર્સે આ મામલે કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી. અલ્લુ અર્જુનના જન્મદિને ફિલ્મનું ટાઇટલ અને ફર્સ્ટ લુક પોસ્ટર જારી કરવામાં આવ્યા હતા.

ફિલ્મમાં દીપિકા પદુકોણ મહત્વની ભૂમિકામાં છે. તે ઉપરાંત રશ્મિકા મંદાના અને જાહ્નવી કપૂર પણ મહત્વની ભૂમિકાઓ કરી રહ્યા હોવાની અફવાઓ ચાલી રહી છે. પુષ્પા ટુમાં અલ્લુ અર્જુન અને શ્રીલીલાનો ડાન્સ દર્શકોમાં હીટ પુરવાર થયો હતો.

રોહિત શેટ્ટીની 'ગોલમાલ 5'માં અજય દેવગણ, અક્ષય કુમાર અને શર્મન જોશી બાદ પ્રિયામણી પણ જોડાઈ છે. પ્રિયામણી આ ફિલ્મમાં નેગેટિવ ભૂમિકામાં જોવા મળશે. જોકે, મુખ્ય હિરોઈનનું રહસ્ય હજી અકબંધ છે. 'ચેન્નઈ એક્સપ્રેસ'માં ડાન્સ સોંગ બાદ રોહિત શેટ્ટી સાથે પ્રિયામણીનું આ બીજું કોલબરેશન છે.

# ગોલમાલ ફાઇવમાં પ્રિયામણી નેગેટિવ ભૂમિકામાં જોવા મળશે



મુંબઈ : રોહિત શેટ્ટીની 'ગોલમાલ' ફ્રેન્ચાઈઝીના પાંચમાં ભાગમાં અજય દેવગણ, અક્ષય કુમાર, શર્મન જોશી બાદ પ્રિયામણી પણ જોડાઈ છે. 'ગોલમાલ' ફાઈવમાં પ્રિયામણી નેગેટિવ ભૂમિકામાં જોવા મળશે. જો કે, ફિલ્મની મુખ્ય હિરોઈન કોણ હશે તે રહસ્ય હજી અકબંધ છે.

પ્રિયામણીને રોહિત શેટ્ટીની ફિલ્મમાં મહત્વની ભૂમિકા કરવાનું કામ પહેલીવાર મળ્યું છે. અગાઉ 'ચેન્નાઈ એક્સપ્રેસ'માં પ્રિયામણીએ વનટુથ્રીફોર ગેટ ઓન ધ ડાન્સ ફલોર ગીતમાં સ્પેશ્યલ અપિયરન્સમાં દેખાઈ હતી.

પ્રિયામણી ટૂંક સમયમાં 'ધ ફેમિલિ મેન'ની સિઝન થ્રીમાં મનોજ બાજપેયી સાથે જોવા મળશે. પ્રિયામણી 'જવાન', 'આર્ટિકલ ૩૭૦' અને 'ઓફિસર ઓન ડયૂટી' જેવી હિન્દી ફિલ્મોમાં કામ કરી ચૂકી છે. ૨૦૦૭માં તમિલ રોમેન્ટિક ડ્રામા 'પારૂથીવીરાન'માં બળાત્કારનો ભોગ બનેલી યુવતીની ભૂમિકા કરવા માટે પ્રિયામણીને બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ ફિલ્મ એવોર્ડ મળ્યો હતો.

# 17 કરોડનું 3000 ડાયમંડવાળું મિની બેગ!

## પેરિસમાં મમ્મીના પર્સ સાથે દીકરી ઈશા અંબાણીનો વટ, ડ્રેસમાં દેખાયો 'દેવી' અવતાર



(એજન્સી) મુંબઈ | તા.09

અંબાણી પરિવારની લાડલી અને બિઝનેસવુમન ઈશા અંબાણી ફરી એકવાર પોતાના અલ્ટ્રા-લક્ઝુરિયસ લુકને કારણે વૈશ્વિક સ્તરે ચર્ચામાં આવી છે. તાજેતરમાં પેરિસમાં યોજાયેલા પ્રખ્યાત 'પેરિસ ફેશન વીક 2026'માં ઈશા અંબાણીએ ભારતીય ડિઝાઈનર રાહુલ મિશ્રાના 'દેવી' કલેક્શનના શૉમાં હાજરી આપી હતી. આ ઈવેન્ટમાં ઈશાના આકર્ષક આઉટફિટે તો લોકોનું ધ્યાન ખેંચ્યું જ, પરંતુ તેની સાથે રહેલી એક નાનકડી એક્સેસરીઝે લોકોને ચોંકાવી દીધા. તે બીજું કંઈ નહીં, પણ તેની માતા નીતા અંબાણીનું સૌથી કિંમતી હેન્ડબેગ હતું.

ઈશા અંબાણીના હાથમાં એક નાનું એવું પર્સ જોવા મળ્યું, તે કોઈ સામાન્ય બેગ નથી. તે લક્ઝરી બ્રાન્ડ હર્મેસનું રેર ગણાતું 'Herms Sac Bijou Birkin' બેગ છે. આ બેગની વિશેષતાઓ અને કિંમત જાણીને કોઈપણના હોશ ઊડી જાય તેમ છે. આ લિમિટેડ એડિશન બેગ પર 111.09 કેરેટના કુલ 3,025 ચમકતા હીરા જડવામાં આવ્યા છે. એટલું જ નહીં 18-કેરેટ વ્હાઇટ ગોલ્ડમાંથી બનાવવામાં આવ્યું છે. આ લક્ઝુરિયસ માસ્ટરપીસની આંતરરાષ્ટ્રીય માર્કેટમાં કિંમત અંદાજે 2 મિલિયન ડૉલર એટલે કે અંદાજે 17 કરોડ રૂપિયાથી વધુ છે. દુનિયામાં આવા માત્ર 3 જ પીસ છે, જેમાંથી એક અંબાણી પરિવાર પાસે છે.

પેરિસ ફેશન વીક માટે ઈશા અંબાણીનો આખો આઉટફિટ રાહુલ મિશ્રાએ ખાસ ડિઝાઈન કર્યો હતો, જે બેમિસાલ કારીગરીનો નમૂનો હતો:

પ્રાચીન મંદિર જેવો લુક: ઈશાના કોર્સેટ સ્ટાઈલ અપર પોર્શન પર એમ્બેલિશમેન્ટ અને થ્રેડ વર્કને એવી રીતે ડિઝાઈન કરવામાં આવ્યું હતું, જાણે કોઈ પ્રાચીન મંદિર પર દેવીઓની મૂર્તિઓ કંડારેલી હોય! આ રાહુલ મિશ્રાના 'દેવી કલેક્શન'નો મુખ્ય કન્સેપ્ટ હતો. ડ્રેસ પર લેયર્ડ જ્વેલરી જેવી ઈલ્યુઝન ડિટેલિંગ અદભુત લાગતી હતી.

રોયલ સ્કર્ટ અને વેસ્ટલાઈન: ડ્રેસના નીચેના ભાગમાં ફિટેડ ડ્રેપ્ડ મિડી સ્કર્ટ હતું, જેમાં સોફ્ટ ગેધર્ડ ફોલ્ડ્સ આપવામાં આવ્યા હતા, જે લેયર્ડ ટચ આપતા હતા. વેસ્ટલાઈન પર હાથથી તૈયાર કરેલા ફ્લોરલ એપ્લિક અને એમ્બ્રોઇડરી લુકમાં લક્ઝરી એલિમેન્ટ ઉમેરતા હતા.

દુપટ્ટા સાથે દેશી ટચ: લુકને વધુ ઈન્ટરેસ્ટિંગ અને દેશી ટચ આપવા માટે ઈશાએ ગળામાં મેચિંગ દુપટ્ટા સ્ટાઈલ સ્ટોલ કેરી કર્યો હતો.

આ સાદા સ્ટોલના બોર્ડર પર પણ કોર્સેટ જેવી જ ડિટેલિંગ હતી. સ્ટોલનો ફ્લોઈંગ ટચ ડ્રેસના સ્ટ્રક્ચર્ડ લુકને બેલેન્સ કરીને એક ડ્રીમી વાઈબ આપતો હતો.

આ લુક પાછળનો સૌથી રસપ્રદ એન્ગલ એ છે કે ઈશા અંબાણીએ આ પર્સ પોતાની માતા નીતા અંબાણીના કબાટમાંથી ખાસ આ ઈવેન્ટ માટે પસંદ કર્યું હતું. અગાઉ, નીતા અંબાણી પ્રખ્યાત ડિઝાઇનર મનીષ મલ્હોત્રાની ગ્રાન્ડ દિવાળી પાર્ટીમાં સિલ્વર સિક્વન્સ સાડી સાથે આ 17 કરોડનું બેગ લઈને પહોંચ્યા હતા, ત્યારે પણ તે ભારે વાઇરલ થયું હતું. હવે દીકરી ઈશાએ મમ્મીના આ અતિ કિંમતી પર્સને ગ્લોબલ પ્લેટફોર્મ પર ફ્લોન્ટ કર્યું.

પેરિસ ફેશન વીકમાં ઈશા અંબાણીએ ગ્રે-બ્લુ શેડનો સ્કલ્પટેડ કોર્સેટ ડ્રેસ પહેર્યો હતો, જે રાહુલ મિશ્રાએ કસ્ટમ ડિઝાઈન કર્યો હતો. આ ડ્રેસ પર પણ ઝીણવટભર્યું ડાયમંડ અને સિક્વન્સ વર્ક હતું. હાઈ બન હેરસ્ટાઈલ અને મિનિમલ જ્વેલરી સાથે જ્યારે ઈશાએ હાથમાં આ 3,000 ડાયમંડવાળું પર્સ પકડ્યું, ત્યારે ત્યાં હાજર ઈન્ટરનેશનલ મીડિયા અને હોલિવૂડ સિંગર કાર્ડી બી પણ તેના આ ક્લાસી લુકને જોતી જ રહી ગઈ.

ભારતની 26 હસ્તકળાથી સજાવેલો ડ્રેસ પહેરીને ખીલી ઊઠી ઈશા, 450 કલાકે તૈયાર થયેલા ડ્રેસમાં ગુજરાતની ખાસ ઝલક ભારતીય સંસ્કૃતિ અને કળાને વૈશ્વિક ફલક પર રજૂ કરવામાં અંબાણી પરિવાર જરાય પાછળ હટતો નથી. તાજેતરમાં જ ઈશા અંબાણીએ તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ફેશન મેગેઝિન વોગ મેટગાલાની પ્રી-પાર્ટી ઈવેન્ટમાં ઈશા અંબાણી 'ભારત'નું પ્રતિનિધિત્વ કરતી ખાસ કસ્ટમ મેડ ડ્રેસ પહેરીને પહોંચી હતી. તેના સ્ટ્રેપલેસ ડ્રેસ અને હીરા જડીત ઘરેણાંઓએ ભારતની વિવિધ 26 ભાગોની કળાને એકસાથે રજૂ કરી હતી.

**એક્સપ્રેસ સ્પોર્ટ્સ હાઈલાઈટ**

## ખેલો ઈન્ડિયાનો નવો પડાવ, તેલંગાણામાં રમાશે ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ

● નવેમ્બરમાં તેલંગાણા યજમાન



(એજન્સી) હૈદરાબાદ । તા. 09

ભારતના રમતગમત ક્ષેત્રે મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. દેશની પ્રતિષ્ઠિત સ્પોર્ટ્સ ઈવેન્ટ 'ખેલો ઈન્ડિયા યુથ ગેમ્સ'નું આગામી આયોજન તેલંગાણા રાજ્યમાં કરવામાં આવશે. આ અંગેની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે, જેમાં નવેમ્બર મહિનામાં તેલંગાણા આ રમતોત્સવનું યજમાન પદ સંભાળશે. અગાઉ મે ૨૦૨૫માં બિહારમાં યોજાયેલી સ્પર્ધામાં ૨૬ જેટલા નવા રાષ્ટ્રીય વિક્રમો નોંધાયા હતા, જેનો ઉત્સાહ હવે તેલંગાણામાં જોવા મળશે.

રમતગમતના અન્ય સમાચારમાં, બંગાળ ક્રિકેટ સંઘ દ્વારા 'વિઝન ૨૦૨૮' પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ઈડન ગાર્ડન્સ ખાતે શરૂ થયેલા આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ્ય અન્ડર-૧૬ અને અન્ડર-૧૯ ક્રિકેટરોને તૈયાર કરવાનો છે. પૂર્વ ભારતીય કેપ્ટન સૌરવ ગાંગુલીના જન્મદિવસના ખાસ દિવસે શરૂ થયેલા આ કાર્યક્રમની કમાન અનુભવી ઝડપી બોલર અશોક ડિંડા સંભાળી રહ્યા છે. તેમની સાથે ઉત્પલ ચેટર્જી અને અનુસ્તુપ મજુમદાર જેવા દિગ્ગજ કોચ પણ યુવા પ્રતિભાઓને નિખારવા માટે કાર્યરત છે.

### પોન્ડીચેરી પ્રીમિયર લીગનો રોમાંચ

બીજી તરફ, પોન્ડીચેરી પ્રીમિયર લીગ ૨૦૨૬ની સીઝનની શરૂઆત ધમાકેદાર રહી છે. સીએપી-સીચેમ સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં 'જેનિડ યાનમ રોયલ્સ' ટીમે 'રૂબી વ્હાઈટ ટાઉન લેજન્ડ્સ'ને છ વિકેટથી પરાજય આપ્યો છે. આ જીતમાં એસ. પરમેશ્વરનનો રોલ સૌથી મહત્વનો રહ્યો હતો, જેમણે માત્ર ૨૫ બોલમાં ૬૬ રનની વિસ્ફોટક ઈનિંગ રમીને પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમણે પોતાની ઈનિંગમાં ૪ ચોગ્ગા અને ૫ છગ્ગા ફટકારીને પોતાની ટીમનો વિજય આસાન બનાવ્યો હતો.

## ગોવામાં ટેબલ ટેનિસની નવી સિઝનનો ભવ્ય પ્રારંભ



(એજન્સી) પણજી । તા. 09

ટેબલ ટેનિસની દુનિયામાં એક નવી લહેર જોવા મળી રહી છે. 'અલ્ટીમેટ ટેબલ ટેનિસ' (યુટીટી) ની સાતમી સીઝન માટે તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી છે. ગોવાના શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે આજે બે વખતની ચેમ્પિયન 'ડેમ્પો ગોવા ચેલેન્જર્સ' અને ગત વર્ષની ચેમ્પિયન 'યુ મુંબા ટીટી' વચ્ચે ટક્કર થવાની છે. પ્રથમવાર ગોવામાં આયોજિત આ લીગ સ્થાનિક પ્રેક્ષકોમાં ભારે ઉત્સાહ જગાવી રહી છે. છેલ્લા છ વર્ષની સફર બાદ, યુટીટી હવે વધુ આર્થિક સ્થિરતા તરફ આગળ વધી રહ્યું છે. 'બટરફ્લાય' કંપની સાથે પાંચ વર્ષનો ટાઈટલ સ્પોન્સરશિપ કરાર (૨૦૨૬-૩૦) થયો છે, જે લીગ માટે એક મોટું પ્રોત્સાહન છે. અગાઉ ફ્રેન્ચાઈઝીની અસ્થિરતા અને ટોચના ખેલાડીઓની મર્યાદિત ઉપલબ્ધતા જેવા પડકારોનો સામનો કર્યા બાદ, આ નવો સહયોગ લીગને વૈશ્વિક સ્તરે વધુ મજબૂત બનાવશે તેવી આશા છે. આ સીઝનમાં ટીમોની સંખ્યા ઘટાડીને સાત કરવામાં આવી છે, જે સ્પર્ધાને વધુ સ્પષ્ટ અને કેન્દ્રિત બનાવશે.

આ સાતમી સીઝનની સૌથી મોટી વિશેષતા 'ટેબલ ટેનિસ રિવ્યુ' (ટીટીઆર) સિસ્ટમનો ઉપયોગ છે. આ નવી ટેક્નોલોજી દ્વારા સર્વિસની ઊંચાઈ, એંગલ અને ટેબલના કિનારે બોલ વાગવા જેવી બાબતોની ઝીણવટભરી તપાસ કરી શકાશે. દરેક ટીમને દરેક મેચમાં ત્રણ અસફળ રિવ્યુ લેવાની તક મળશે, જે નિર્ણયોમાં પારદર્શિતા લાવશે અને રમતને વધુ રસપ્રદ બનાવશે.

ગોવા પ્રથમવાર આ મોટી લીગની યજમાની કરી રહ્યું છે. આયોજકોને આશા છે કે સ્થાનિક ચાહકો મોટી સંખ્યામાં સ્ટેડિયમમાં પહોંચશે અને ખેલાડીઓનો ઉત્સાહ વધારશે. પ્રારંભિક મુકાબલો ડેમ્પો ગોવા ચેલેન્જર્સ અને યુ મુંબા ટીટી જેવી દિગ્ગજ ટીમો વચ્ચે હોવાથી પ્રેક્ષકોને હાઈ-વોલ્ટેજ ડ્રામા જોવા મળશે.

# ફૂટબોલ દંતકથાઓની વિદાય: રમતગમતના એક યુગનો અંત

## લિયોનેલ મેસીનો સંઘર્ષ અકબંધ, રમતગમતનો આ અનોખો અંત

(એજન્સી) બોસ્ટન, મેસેચ્યુસેટ્સ । તા. 09

રમતગમતની દુનિયામાં દુઃખની એક અનોખી વ્યાખ્યા છે, જે હાર કે જીત સાથે કોઈ લેવાદેવા ધરાવતી નથી. આ દુઃખ ત્યારે આવે છે જ્યારે સમય એવા ખેલાડીઓને પકડી લે છે, જેમને આપણે કાયમ માટે અજેય માનતા હતા. ફિફા વર્લ્ડ કપ ૨૦૨૬માં આ દ્રશ્યો વારંવાર જોવા મળી રહ્યા છે. લુકા મોડ્રિકની ક્રોએશિયાની વિદાય હોય, ક્રિસ્ટિયાનો રોનાલ્ડોનું મેદાન છોડવું હોય કે મેન્યુઅલ ન્યુયરનું પહેલા જેવું જાદુઈ પ્રદર્શન ન કરી શકવું - આ બધી ઘટનાઓ એક ગંભીર સત્ય તરફ ઈશારો કરે છે. આ એવા ખેલાડીઓ છે જેઓ રમતગમતની સંરચનાનો ભાગ બની ગયા હતા, જેઓ ક્યારેય ન થાકનારા અને અવિરત લાગતા હતા. આજે, આ વર્લ્ડ કપમાં તેમના પ્રદર્શનને જોઈને એક વાત સ્પષ્ટ થાય છે: મહાનતા પણ કાયમી નથી હોતી.

દરેક મોટી ટુર્નામેન્ટમાં આ ચહેરાઓ ક્યાંક ને ક્યાંક દેખાતા હતા. લુકા મોડ્રિક જ્યારે મધ્ય મેદાનમાં અત્યંત નજાકત અને પડકાર સાથે દડાને લઈને આગળ વધતો, ત્યારે તે એક કલાકાર જેવો લાગતો. ક્રિસ્ટિયાનો રોનાલ્ડો, જેણે વર્ષો સુધી મેચોને પોતાની ઈચ્છાશક્તિથી બદલી નાખી હતી, તે હવે પોતાની આદત મુજબ ગોલ અને ડ્રામા સર્જવામાં સંઘર્ષ કરતો દેખાય છે. મેન્યુઅલ ન્યુયર, જેણે ગોલકીપરની વ્યાખ્યા બદલી નાખી હતી, તે હવે પહેલા જેવી સુરક્ષા અને અજેયતાનું પ્રતીક રહ્યો નથી. તેમની તેજસ્વી કારકિર્દી એટલી લાંબી રહી કે આપણને એમ લાગવા માંડ્યું કે આ તો સામાન્ય છે, અને એ જ તેમની સૌથી મોટી સફળતા હતી - મહાનતાને સામાન્યતાના પોશાકમાં પહેરાવી દેવી.

### અધૂરા સપનાઓ અને માનવીય મર્યાદા

જોકે, રમતગમત પોતાની ક્રૂરતા સાથે એ યાદ અપાવે છે કે સ્થાયીપણું ક્યારેય તેનો ભાગ નહોતું. આ વર્લ્ડ કપ એવા માણસોની નશ્વરતાને ઉજાગર કરી રહ્યો છે જેમને આપણે અમર માનતા હતા. શરીર હવે મનનું કહ્યું માનતું નથી. રિકવરીમાં વધુ સમય લાગે છે. ક્ષણો તો આવે છે, પરંતુ તે હવે ઈશારે નથી આવતી. અંતે, શરીર મન સાથે સમજૂતી કરવા લાગે છે. આ ખેલાડીઓ જેઓ સમયની મર્યાદાની બહાર જીવતા હોય તેવું લાગતું હતું, તેઓ હવે એ જ છે જે વાસ્તવમાં હતા: માત્ર નશ્વર મનુષ્યો. આ હકીકતનો સ્વીકાર કરવો પ્રેક્ષકો અને ચાહકો માટે ક્યારેક પીડાદાયક હોય છે, કારણ કે તેમના અસ્તિત્વ સાથે આપણી ઘણી યાદો જોડાયેલી છે.

### લિયોનેલ મેસી: સમયની મર્યાદા ઓળંગતો ખેલાડી

કદાચ આ જ કારણ છે કે લિયોનેલ મેસીની આ ટુર્નામેન્ટમાં હાજરી એટલી પ્રભાવશાળી અને ભાવુક લાગે છે. તે હજુ પણ અહીં છે, હજુ પણ ટકી રહ્યો છે અને એવી રીતે રમી રહ્યો છે જાણે તેણે સમયની ગતિને રોકવાનો કોઈ ખાનગી રસ્તો શોધી કાઢ્યો હોય. તેની આસપાસ, આર્જેન્ટિનાની ટીમ એવા લોકોની તાકીદ સાથે રમી રહી છે જેઓ જાણે છે કે આ ક્ષણ શું છે. મેસી માટે આ લડાઈ માત્ર ટ્રોફી જીતવા માટે નથી, પરંતુ સમય સામે બાથ ભીડવાની છે. તે પોતાની રમતથી એ સાબિત કરવા માંગે છે કે અનુભવ અને ટેકનિક ક્યારેક શારીરિક ઉંમર કરતાં પણ વધુ વજનદાર સાબિત થઈ શકે છે.

આ ખેલાડીઓ માત્ર ફૂટબોલ નથી રમ્યા, તેમણે એક આખો યુગ જીવ્યો છે. તેઓ આપણા જીવનના એવા સ્થિર બિંદુઓ બની ગયા હતા જેમને જોયા વગર કોઈ પણ વિશ્વકપની કલ્પના કરવી અશક્ય લાગતી હતી. જ્યારે તેઓ વિદાય લે છે, ત્યારે માત્ર એક ખેલાડી નથી જતો, પરંતુ તે પેઢીનું એક મોટું હિસ્સો પણ તેમની સાથે જાય છે જેણે તેમને જોઈને ફૂટબોલનો પ્રેમ પામ્યો હતો. તેમનો પ્રભાવ એટલો મોટો છે કે રમતગમતના ઈતિહાસમાં તેમનું સ્થાન હંમેશા માટે કોતરાયેલું રહેશે.

આ વર્લ્ડ કપ આપણને શીખવે છે કે દરેક મહાન વસ્તુનો અંત નિશ્ચિત છે. મોડ્રિક, રોનાલ્ડો અને ન્યુયર જેવી હસ્તીઓનો સૂર્યાસ્ત જોવો એ એક કડવું સત્ય છે, પણ તે સાથે જ તે આપણને એ પણ યાદ અપાવે છે કે આપણે કેટલા નસીબદાર હતા કે આપણે તેમને તેમની સર્વોચ્ચતા પર રમતા જોયા. તેઓ હવે ભલે મેદાન પર સંઘર્ષ કરતા હોય, પણ તેમનો વારસો અકબંધ રહેશે. લિયોનેલ મેસીની આ સફર એ જ વારસાને એક અંતિમ ઉચ્ચાઈ પર લઈ જવાનો પ્રયાસ છે. આ અંતિમ સફર એ વાતનો પુરાવો છે કે મહાનતા હંમેશા માટે નથી હોતી, પરંતુ તેની યાદો કાયમ માટે રહે







# ટેનિસના બાદશાહ જોકોવિચ બન્યા વિરાટ કોહલીના ફેન

(એજન્સી) નવી દિલ્હી । તા. 09





રમતગમતની દુનિયાના બે અલગ-અલગ છેડા પર રાજ કરતા બે મહાન ખેલાડીઓ વચ્ચેનો પરસ્પર આદર જ્યારે સામે આવે છે, ત્યારે તે ફેન્સ માટે કોઈ ઉત્સવથી ઓછું નથી હોતું. તાજેતરમાં ટેનિસ જગતના દિગ્ગજ અને સર્બિયાના ખેલાડી નોવાક જોકોવિચે ભારતીય ક્રિકેટના કિંગ વિરાટ કોહલીના મુક્તકંઠે વખાણ કરીને સૌનું દિલ જીતી લીધું છે. જોકોવિચે માત્ર કોહલીને એક વૈશ્વિક સ્ટાર જ નથી ગણાવ્યા, પરંતુ તેમની પાસેથી ક્રિકેટની ખાસ કળા શીખવાની તીવ્ર ઈચ્છા પણ વ્યક્ત કરી છે.

### વિરાટની ટેકનિકના દીવાના જોકોવિચ

વિમ્બલ્ડન દ્વારા જારી કરવામાં આવેલા એક નિવેદનમાં નોવાક જોકોવિચે વિરાટ કોહલી પ્રત્યે પોતાનો ઊંડો આદર વ્યક્ત કર્યો છે. જોકોવિચે જણાવ્યું હતું કે, વિરાટ કોહલી એક સાચા વૈશ્વિક સ્ટાર છે. છેલ્લા દોઢ દાયકાથી રમતની દુનિયામાં સતત ઘણું શીખવા પ્રયત્નશીલ રહેલા જોકોવિચે વિરાટની સ્વિંગ ટેકનિક પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કર્યું છે. જોકોવિચના મતે, કોહલી તેમને તેમની સ્વિંગની ટેકનિકમાં મદદ કરી શકે છે. ટેનિસ કોર્ટ પર પોતાની રમત માટે જાણીતા નોવાકે ક્રિકેટના મેદાન પર કોહલીની નિપુણતાને સલામ કરી છે. આ નિવેદનને તેમણે પોતે જ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર મૂકીને બંને ખેલાડીઓ વચ્ચેના મિત્રતાના સંબંધો પર મહોર લગાવી છે.

નોવાક અને વિરાટ વચ્ચેનો આ સંબંધ એકતરફી નથી. વિરાટ કોહલી પણ અવારનવાર જોકોવિચની ફિટનેસ, માનસિક મજબૂતી અને તેમની રમત પ્રત્યેની ખેલદિલીના ભરપૂર વખાણ કરતો આવ્યો છે. કોહલીએ એક ર્ભમાં જણાવ્યું હતું કે, તેઓ અને નોવાક અવારનવાર સંદેશા દ્વારા એકબીજાના સંપર્કમાં રહે છે.

### ભારત આવીને વિરાટને મળવાની તીવ્ર ઈચ્છા

નોવાક જોકોવિચ માત્ર ડિજિટલ મંચ પર જ નહીં, પરંતુ વાસ્તવિક જીવનમાં પણ વિરાટને મળવા માટે ઉત્સુક છે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, જોકોવિચે ભારત આવીને વિરાટ કોહલીને રૂબરૂ મળવાની અને તેમની સાથે સમય વિતાવવાની ઈચ્છા વ્યક્ત કરી છે. શક્ય છે કે ભવિષ્યમાં આ બંને સુપરસ્ટાર્સ એક સાથે એક જ મેદાન પર ક્રિકેટ અથવા ટેનિસ રમતા જોવા મળે. આ ઘટના માત્ર રમતગમતની દ્રષ્ટિએ જ નહીં, પરંતુ સાંસ્કૃતિક આદાન-પ્રદાનની દ્રષ્ટિએ પણ અત્યંત મહત્વની બની રહેશે.

# જાપાનના સ્ટાર ખેલાડી મિતોમાની કારથી અકસ્માત



(એજન્સી) ટોક્યો । તા. 09

જાપાનના પ્રખ્યાત ફૂટબોલર અને બ્રાઈટનના વિંગર કાઓરુ મિતોમા એક કાર અકસ્માતમાં ફસાયા છે. બુધવારે સવારે ટોક્યોમાં તેમની કાર એક સાયકલ સવાર સાથે અથડાઈ હતી, જેના કારણે આ મામલો ચર્ચામાં આવ્યો છે. સદનસીબે, આ અકસ્માતમાં કોઈ મોટી જાનહાનિ થઈ નથી, પરંતુ સ્ટાર ખેલાડીએ આ સમગ્ર ઘટના બદલ ઊંડો ખેદ વ્યક્ત કર્યો છે.

મેનેજમેન્ટ કંપનીના જણાવ્યા અનુસાર, બુધવારે સવારે આશરે ૮:૪૫ વાગ્યે મિતોમા પોતાની કાર હંકારી રહ્યા હતા ત્યારે અચાનક સાયકલ સવાર સાથે તેમની કારની ટક્કર થઈ હતી. સ્થાનિક અહેવાલો મુજબ, મિતોમાએ લાલ લાઈટ (રેડ સિગ્નલ)નું ઉલ્લંઘન કર્યું હોવાની આશંકા છે. તેમની મેનેજમેન્ટ ટીમે સ્વીકાર્યું છે કે અકસ્માત ખેલાડી દ્વારા રસ્તા પર ધ્યાન ન આપવાને કારણે થયો હતો. ટક્કર બાદ સાયકલ સવારને તાત્કાલિક તપાસ માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા, જ્યાં તેમને સામાન્ય ઈજાઓ અને ઉઝરડા જોવા મળ્યા હતા. મિતોમા પોતે આ અકસ્માતમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે.

### ખેલાડીની માફી અને પોલીસ કાર્યવાહી

અકસ્માત બાદ મિતોમાએ તરત જ સાયકલ સવારની સ્થિતિની તપાસ કરી હતી અને ઘટનાસ્થળે પહોંચેલા પોલીસ અધિકારીઓની સૂચનાઓનું પાલન કર્યું હતું. મેનેજમેન્ટ તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં જણાવાયું છે કે, "મિસ્તોમા આ અકસ્માતને ખૂબ જ ગંભીરતાથી લઈ રહ્યા છે અને પીડિત વ્યક્તિ પ્રત્યે દિલગીરી વ્યક્ત કરે છે." આ સાથે જ તેમણે અકસ્માતમાં અસરગ્રસ્ત વ્યક્તિ અને ચાહકોની માફી માંગી છે.

### મિતોમાનો ફૂટબોલ પ્રવાસ

૨૯ વર્ષીય કાઓરુ મિતોમા હાલમાં ઈજાના કારણે થોડા સમય માટે મેદાનથી દૂર હતા. તેઓ ગત મે મહિનામાં બ્રાઈટન માટે રમતી વખતે હેમસ્ટ્રિંગની ઈજાનો ભોગ બન્યા હતા, જેના કારણે તેમને વર્લ્ડ કપની ટીમમાંથી બહાર રહેવું પડ્યું હતું. માર્ચ મહિનામાં વેમ્બલી ખાતે ઈંગ્લેન્ડ સામેની મૈત્રીપૂર્ણ મેચમાં તેમણે ભારત માટે વિજેતા ગોલ કરીને ચર્ચા જગાવી હતી. તે જાપાનના શ્રેષ્ઠ ફૂટબોલરોમાંના એક માનવામાં આવે છે.

# યુટીટી સીઝન 7માં આ પાંચ ભારતીય ખેલાડીઓ રહેશે આકર્ષણ

## નજર રાખવા જેવા ૫ ભારતીય સ્ટાર્સ

(એજન્સી) ગોવા । તા. 09



ભારતની લોકપ્રિય 'અલ્ટીમેટ ટેબલ ટેનિસ' (યુટીટી) લીગની સાતમી સીઝનનો આજે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે ભવ્ય પ્રારંભ થઈ રહ્યો છે. ૨૬ જુલાઈ સુધી ચાલનારી આ સ્પર્ધામાં સાત ટીમો વચ્ચે ખરાખરીનો જંગ જોવા મળશે. આ વર્ષની હરાજીમાં ફ્રેન્ચાઈઝીઓએ આંતરરાષ્ટ્રીય સ્ટાર્સ કરતા ભારતીય પ્રતિભાઓ પર વધુ ભરોસો મૂક્યો છે. ચાલો જાણીએ એવા પાંચ ભારતીય ખેલાડીઓ વિશે, જેના પર આ સીઝનમાં સૌની નજર રહેશે.

દિયા ચિતલે સતત બીજા વર્ષે હરાજીમાં સૌથી મોંઘી ભારતીય મહિલા ખેલાડી બની છે. ૩૭,૪૦,૦૦૦ ટોકન્સની બોલી સાથે તે આ સીઝનમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર છે. દિયાએ માનુષ શાહ સાથે મળીને મિક્સ્ડ ડબલ્સમાં વિશ્વ ક્રમાંકમાં છઠ્ઠું સ્થાન મેળવીને ઈતિહાસ રચ્યો છે. છેલ્લા બે વર્ષમાં તેમણે રમેલી ૧૨ સિંગલ્સ મેચોમાંથી ૮ મેચમાં જીત મેળવીને પોતાની ક્ષમતા સાબિત કરી છે.

### માનુષ શાહ (યુ મુંબા ટીટી)

માનુષ શાહ આ સીઝનના બીજા સૌથી મૂલ્યવાન ભારતીય ખેલાડી છે. તે મિક્સ્ડ ડબલ્સમાં ડબલ્યુટીટી ફાઈનલ્સ માટે ક્વોલિફાય કરનાર પ્રથમ ભારતીય છે. તેમની જોડી માનવ ઠક્કર સાથે મેન્સ ડબલ્સમાં વિશ્વ ક્રમાંક ૫ પર છે. યુટીટીમાં તેમનો ડબલ્સ રેકોર્ડ શાનદાર છે; તેમણે અત્યાર સુધી રમેલી ૧૧ ડબલ્સ મેચોમાંથી ૯માં વિજય મેળવ્યો છે.

### સિન્ડ્રેલા દાસ (ડેમ્પો ગોવા ચેલેન્જર્સ)

માત્ર કિશોરાવસ્થામાં રહેલી સિન્ડ્રેલા દાસ ભારતીય ટેબલ ટેનિસની સૌથી આશાસ્પદ યુવા ખેલાડી તરીકે ઉભરી આવી છે. ગત સીઝનમાં અનસોલ્ડ રહ્યા બાદ, આ વર્ષે તેની બોલી તેના બેઝ પ્રાઈસ કરતા બમણી થઈ છે. લંડન ૨૦૨૬ વર્લ્ડ ટીમ ચેમ્પિયનશિપ અને આગામી એશિયન ગેમ્સ માટે પસંદગી પામેલી સિન્ડ્રેલા, સિનિયર ખેલાડીઓ સામે પ્રદર્શન કરવા માટે તૈયાર છે. લીગના આયોજકોનું માનવું છે કે આ વર્ષે ટીમોએ ભારતીય યુવા ખેલાડીઓ પર જે વિશ્વાસ વ્યક્ત કર્યો છે, તે ભારતીય ટેબલ ટેનિસના ઉજ્જવળ ભવિષ્યની નિશાની છે. હરાજીમાં ભારતીય પ્રતિભાઓને મળેલું મહત્વ એ વાતની સાક્ષી પૂરે છે કે ભારત હવે માત્ર આંતરરાષ્ટ્રીય ખેલાડીઓ પર નિર્ભર નથી.

**રેન્કિંગ** // શ્રેયસ અય્યરની રેન્કિંગમાં ૪૨૫ ક્રમની છલાંગ

# આઈસીસી ટી૨૦ રેન્કિંગમાં ફેરફાર જાહેર, ઈશાન કિશન નંબર-1 બેટ્સમેન

(એજન્સી) નવી દિલ્હી । તા. 09

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ કાઉન્સિલ (આઈસીસી) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની પુરુષ ટી૨૦ ખેલાડીઓની રેન્કિંગમાં ધરખમ ફેરફારો જોવા મળ્યા છે. હાલમાં ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે રમાઈ રહેલી ટી૨૦ સિરીઝમાં ખેલાડીઓના શાનદાર પ્રદર્શનને પગલે રેન્કિંગમાં ઉથલપાથલ મચી ગઈ છે. ખાસ કરીને ભારતીય કેપ્ટન શ્રેયસ અય્યરે ૪૨૫ ક્રમની જંગી છલાંગ લગાવીને ટોપ ૧૦૦માં પ્રવેશ કર્યો છે, જે ક્રિકેટ પ્રેમીઓ માટે ચર્ચાનો વિષય બન્યો છે.



### શ્રેયસ અય્યરનો દમદાર ઉછાળો

ભારતીય ટીમની કેપ્ટનશિપ સંભાળી રહેલા શ્રેયસ અય્યર માટે આ રેન્કિંગ સુધારો પ્રોત્સાહક છે. સિરીઝની પ્રથમ મેચમાં ૬૮ રન અને બીજી મેચમાં ૩૭ રનની ઉપયોગી ઈનિંગ્સ રમીને અય્યરે સાબિત કરી દીધું છે કે તેઓ ફોર્મમાં પરત ફરી રહ્યા છે. ભલે ત્રીજી મેચમાં તેઓ સસ્તામાં આઉટ થયા હોય, પરંતુ તેમની બેટિંગમાં જોવા મળેલી પરિપક્વતાએ તેમને રેન્કિંગમાં ૯૩મા સ્થાને પહોંચાડી દીધા છે. ૪૨૫ સ્થાનની આ મોટી છલાંગ તેમની કારકિર્દી માટે એક મહત્વપૂર્ણ સિદ્ધિ માનવામાં આવે છે.

### ભારતીય ખેલાડીઓનો વર્ચસ્વ

ટી૨૦ રેન્કિંગમાં ભારતીય બેટ્સમેનોનો દબદબો સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન હાલમાં આઈસીસી ટી૨૦ બેટ્સમેન રેન્કિંગમાં નંબર-૧ ક્રમે બિરાજમાન છે. આ ઉપરાંત, અભિષેક શર્મા બીજા ક્રમે અને તિલક વર્મા છઠ્ઠા ક્રમે યથાવત છે. ટોપ ૧૦ બેટ્સમેનોની યાદીમાં ત્રણ ભારતીયોનું હોવું એ ભારતીય બેટિંગ લાઈનઅપની મજબૂતી દર્શાવે છે. જોકે, બોલિંગમાં અફઘાનિસ્તાનના રાશિદ ખાનનું નંબર-૧ સ્થાન હજુ પણ અકબંધ છે.

બીજી તરફ, ભારત સામેની સિરીઝમાં ઈંગ્લેન્ડના ખેલાડીઓનું પ્રદર્શન ખૂબ જ પ્રભાવશાળી રહ્યું છે. જેકબ બેથેલે ૭ સ્થાનની છલાંગ લગાવીને ૮મા નંબરે સ્થાન મેળવ્યું છે. ઓલરાઉન્ડર સેમ કરને બેટિંગ અને બોલિંગ બંનેમાં સતત સુધારો કરીને પોતાની ઓલરાઉન્ડ ક્ષમતા સાબિત કરી છે. સેમ કરન હવે ઓલરાઉન્ડર્સની યાદીમાં ૧૩મા ક્રમે પહોંચી ગયો છે, જ્યારે વિલ જેક્સ સાતમા ક્રમે આવીને ઈંગ્લેન્ડના મજબૂત પક્ષને રજૂ કરે છે. આદિલ રાશિદ બોલિંગ રેન્કિંગમાં ત્રીજા ક્રમે આવીને પોતાની અનુભવી સ્પિનિંગનો જાદુ ચલાવી રહ્યો છે.

### કારમી હાર અને આત્મમંથન

ભારત માટે ત્રીજી ટી૨૦ મેચમાં મળેલી ૧૨૫ રનની હાર આઘાતજનક રહી છે. આ ટી૨૦ ઈતિહાસમાં ભારતની રનની દ્રષ્ટિએ સૌથી મોટી હાર છે, જેના કારણે ટીમ મેનેજમેન્ટ અને કેપ્ટન શ્રેયસ અય્યર માટે હવે ચોથી મેચ નિર્ણાયક બની રહેશે.

**રશિયાને ઓલિમ્પિકમાં મળી છૂટ**

# રશિયન ખેલાડીઓ પરના પ્રતિબંધ હળવા થતા વિવાદ



(એજન્સી) લંડન । તા. 09

આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક સમિતિ (IOC) દ્વારા રશિયન ખેલાડીઓ પરના કેટલાક પ્રતિબંધો હળવા કરવાના નિર્ણય સામે યુક્રેનની ટેનિસ સ્ટાર માર્ટા કોસ્ત્યુકે આક્રોશ વ્યક્ત કર્યો છે. વિમ્બલ્ડનના સેમિફાઈનલમાં પહોંચ્યા બાદ કોસ્ત્યુકે આ નિર્ણયને 'ભયાનક' ગણાવ્યો છે અને તેને રમતગમતના ન્યાયી સિદ્ધાંતોની વિરુદ્ધ હોવાનું જણાવ્યું છે.

ઓલિમ્પિક સમિતિએ નિર્ણય લીધો છે કે રશિયન ખેલાડીઓ ૨૦૨૮ના લોસ એન્જલસ ગેમ્સની ક્વોલિફિકેશન અને ટીમ ઈવેન્ટ્સમાં ભાગ લઈ શકશે. જોકે, રશિયાના રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગીત પરનો પ્રતિબંધ યથાવત રાખવામાં આવ્યો છે. આ નિર્ણય અંગે પ્રતિક્રિયા આપતા કોસ્ત્યુકે કહ્યું કે, "આ નિર્ણય રમતગમતના નિષ્પક્ષતાના નિયમોથી ખૂબ દૂર છે. હું આ નિર્ણય સાથે ૧૦૦ ટકા અસંમત છું."

રશિયાના ૨૦૨૨ના આક્રમણ બાદ યુક્રેનિયન ખેલાડીઓ રશિયન અને બેલારુસિયન ખેલાડીઓ સાથે હાથ મિલાવવાનો ઈનકાર કરતા આવ્યા છે. કોસ્ત્યુક આ મુદ્દે હંમેશા મુખર રહી છે. તેમણે કહ્યું કે, "હું માત્ર મેદાનમાં ઉતરીને ઓલિમ્પિકમાં રમતી દરેક રશિયન ખેલાડીને હરાવવા માંગુ છું, બસ આ જ મારો ઉદ્દેશ્ય છે." તેમણે વધુમાં ઉમેર્યું કે યુક્રેનિયન ખેલાડીઓ આંતરરાષ્ટ્રીય ટેનિસ ફેડરેશન સાથે મળીને આ અંગે આગળની રણનીતિ નક્કી કરશે.

પોતાના સંઘર્ષ વિશે વાત કરતા કોસ્ત્યુકે વિમ્બલ્ડનમાં જણાવ્યું કે યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધની અસર તેમના જીવન પર સીધી પડી રહી છે. હાલમાં જ રશિયન મિસાઈલ હુમલામાં તેમના માતા-પિતાના ઘર પાસેની રહેણાંક ઈમારતોને નુકસાન થયું છે, જેમાં નિર્દોષ લોકો અને બાળકોએ જીવ ગુમાવ્યા છે.

જસ્ટિસ શ્રીનિવાસન મુરલીધરનો રિપોર્ટ, વીસ હજાર બાળકોની હત્યાનો હિસાબ

# ગાઝા નરસંહારનો ભારતીય જજે કર્યો ઘટસ્ફોટ

(એજન્સી) નવી દિલ્હી/ગાઝા । તા. 09

ગાઝાપટ્ટીમાં છેલ્લા બે વર્ષથી ચાલી રહેલા વિનાશક સંઘર્ષની વચ્ચે સત્યનો એક મોટો દસ્તાવેજ સામે આવ્યો છે. ભારતના નિવૃત્ત જસ્ટિસ શ્રીનિવાસન મુરલીધર, જેઓ હાલ સંયુક્ત રાષ્ટ્રની તપાસ સમિતિના અધ્યક્ષ છે, તેમણે ઇઝરાયલના કૃત્યોનો પર્દાફાશ કરતા ૯૪ પાનાનો એક અત્યંત ગંભીર અહેવાલ રજૂ કર્યો છે. ઓક્ટોબર ૨૦૨૩ થી ઓક્ટોબર ૨૦૨૫ સુધીના ગાળામાં ગાઝામાં જે નિર્દોષ બાળકો પર અત્યાચાર ગુજારવામાં આવ્યા છે, તેનો કાચો ચિઠ્ઠો આ રિપોર્ટમાં દુનિયા સામે મૂકવામાં આવ્યો છે.

મીડિયા અહેવાલ મુજબ, તપાસ સમિતિએ સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગાઝામાં કુલ ૨૦,૧૭૯ માસૂમ બાળકોએ પોતાના જીવ ગુમાવ્યા છે, જે કુલ મૃત્યુઆંકના ૩૦ ટકા જેટલા છે. આ આંકડો કોઈ આંકડાકીય માહિતી નથી, પરંતુ એક માનવીય દુર્ઘટનાની ચીસ છે. તપાસમાં સામે આવ્યું છે કે ૪૪,૦૦૦ બાળકો ગંભીર



રીતે ઘાયલ થયા છે અને ૫૮,૦૦૦ જેટલા બાળકો અનાથ થઈ ગયા છે. હોસ્પિટલોના બાળ વોર્ડ અને પ્રસૂતિ વિભાગોને પણ જાણીજોઈને નિશાન બનાવવામાં આવ્યા હોવાની હકીકત આ અહેવાલમાં સામે આવી છે.

### ઇઝરાયલી દાવાઓનું ખંડન

ઇઝરાયલના શાસકો સતત દાવો કરતા આવ્યા છે કે હમાસના લડવૈયાઓ બાળકોને માનવ ઢાલ તરીકે વાપરે છે. જોકે, જસ્ટિસ મુરલીધરના નેતૃત્વ હેઠળની સમિતિએ આ દાવાને તદ્દન પાયાવિહોણો અને સફેદ જૂઠ્ઠું ગણાવી ફગાવી દીધો છે. અહેવાલમાં નોંધવામાં આવ્યું છે કે માર્યા ગયેલા બાળકોમાંથી મોટાભાગના કોઈ પણ સશસ્ત્ર સંઘર્ષનો હિસ્સો નહોતા, પરંતુ તેઓ પોતાની રોજિંદી જિંદગી જીવતા સામાન્ય બાળકો હતા. સ્નાઈપર્સ અને અત્યાધુનિક ડ્રોન દ્વારા તેમને વીણી-વીણીને નિશાન બનાવવાની ઘટનાઓ આ નરસંહારની ક્રૂરતાને છતી કરે છે.

### ન્યાયમૂર્તિની અડગ છબી

જસ્ટિસ મુરલીધરનું સમગ્ર કરિયર અન્યાય વિરુદ્ધના સંઘર્ષ માટે જાણીતું છે. ૧૯૮૪ની ભોપાલ ગેસ ત્રાસદીથી લઈને દિલ્હી રમખાણો સુધીના તેમના ચુકાદાઓ ન્યાયતંત્રમાં સુવર્ણ અક્ષરે અંકિત છે. ૨૦૨૦માં દિલ્હી રમખાણો દરમિયાન અડધી રાત્રે અદાલત લગાવીને ઘાયલોને બચાવવાનો તેમનો નિર્ણય હોય કે પછી ભ્રષ્ટ તંત્રને ફટકાર લગાવવાની તેમની શૈલી, તેઓ હંમેશા પીડિતોના અવાજ બની રહ્યા છે. નર્મદાના આદિવાસીઓ હોય કે ૧૯૮૪ના શીખ રમખાણોના પીડિતો, જસ્ટિસ મુરલીધરે હંમેશા સત્તાના દબાણને ઠુકરાવીને ન્યાયની પક્ષે અડગ ઊભા રહેવાનું પસંદ કર્યું છે.

### આંતરરાષ્ટ્રીય સ્તરે ગંભીર ભલામણો

આ અહેવાલમાં માત્ર સત્ય રજૂ નથી કરવામાં આવ્યું, પરંતુ કડક પગલાં લેવાની પણ ભલામણ કરાઈ છે. તપાસ સમિતિએ વિશ્વના દેશોને તાત્કાલિક ઈઝરાયલને શસ્ત્રો વેચવાનું બંધ કરવા જણાવ્યું છે, કારણ કે આ શસ્ત્રોનો ઉપયોગ માનવ સંહારમાં થઈ રહ્યો છે. આ ઉપરાંત, બેન્જામિન નેતન્યાહૂ સહિતના જે અધિકારીઓ સામે આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલત તપાસ કરી રહી છે, તેમની ધરપકડ કરવાની માંગ પણ રિપોર્ટમાં કરવામાં આવી છે.

૨૦૦ કિમીની ઝડપે ફૂંકાશે પવન

# ટાયફૂન બાવીની પ્રચંડ તબાહીનું એલર્ટ જાહેર



(એજન્સી) અમદાવાદ/પૂર્વ એશિયા । તા. 09

પ્રશાંત મહાસાગરમાંથી ઉદ્ભવેલું ફ્રાન્સના કદ જેટલું મહાવિનાશકારી 'ટાયફૂન બાવી' વાવાઝોડું હવે તાઈવાન, ચીન અને જાપાન તરફ પ્રચંડ વેગથી ધસી રહ્યું છે. આ તોફાનની ગંભીરતાનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે ૨૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા પવન સાથે તે દરિયાકાંઠાના વિસ્તારોમાં મોટી તબાહી મચાવવાની તૈયારીમાં છે. વર્ષ ૧૯૮૭ પછીનું આ સૌથી શક્તિશાળી વાવાઝોડું હોવાથી સંબંધિત ત્રણેય દેશોમાં પ્રશાસન દ્વારા હાઈ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

હાલમાં આ ટાયફૂન તેના કેન્દ્રબિંદુથી આશરે ૧૦૦૦ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલું છે. તાઈવાનના હવામાન વિભાગના સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી મુજબ, આ તોફાન કદ અને તીવ્રતાની દ્રષ્ટિએ દાયકાઓનું સૌથી ભયાનક વાવાઝોડું છે. તોફાનની ગતિને જોતા તે શનિવાર સાંજ સુધીમાં ચીનના ફુજિયાન પ્રાંતના દરિયાકાંઠે ટકરાય તેવી પ્રબળ શક્યતા છે. તાઈવાનના રાષ્ટ્રપ્રમુખે જનતાને સાવચેત રહેવા આદેશ આપ્યો છે અને ત્રણ દિવસ ચાલે તેવી ઈમરજન્સી કિટ તૈયાર રાખવા સૂચના આપી છે. બીજી તરફ, જાપાનના ઓકિનાવા પ્રાંતમાં ભારે પૂર અને ભૂસ્ખલન થવાની દહેશતને પગલે સ્થાનિકોને સુરક્ષિત સ્થળે ખસી જવા તાકીદ કરવામાં આવી છે.

### તંત્રની સજ્જતા અને નાગરિકોની જવાબદારી

સ્થાનિક તંત્ર દ્વારા દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરી લેવા અને બિનજરૂરી બહાર ન નીકળવા અપીલ કરવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના આપવામાં આવી છે. ઈમરજન્સી ગ્રેબ બેગ તૈયાર રાખવાથી લઈને સુરક્ષિત આશ્રયસ્થાનોની ચકાસણી સુધીનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. ચીન, જાપાન અને તાઈવાનની સરકારે સંયુક્ત રીતે ટેકનોલોજીનો ઉપયોગ કરીને તોફાનની દરેક હિલચાલ પર સતત નજર રાખી રહી છે.

ભારતીય ઉપખંડ માટે રાહતના સમાચાર એ છે કે, પ્રોજેક્ટેડ ટ્રેક મુજબ આ વાવાઝોડાની ભારતના દરિયાકાંઠાના વિસ્તારો પર સીધી કોઈ અસર થવાની આશંકા નથી. આ મહાતોફાન ઉત્તર-પશ્ચિમ દિશામાં ગતિ કરી રહ્યું છે, જે ભારતથી દૂર છે. જોકે, પરોક્ષ રીતે આ તોફાન ચોમાસાની સિસ્ટમમાં રહેલા ભેજને ખેંચી શકે છે, જેના કારણે દક્ષિણ-ચીન સાગર અને ફિલિપિન્સમાં સ્થિતિ ગંભીર બની શકે છે. ભારતીય હવામાન વિભાગ પણ વૈશ્વિક મોડેલોના માધ્યમથી આવી આફતોની વૈશ્વિક અસરો પર સતત ચાંપતી નજર રાખી રહ્યું છે.

આ તોફાનની ગંભીરતાને જોતા, અસરગ્રસ્ત વિસ્તારોમાં રહેતા લોકો માટે આગામી ૪૮ કલાક અત્યંત નિર્ણાયક બની રહેશે.

પ્રશાસન દ્વારા તમામ પ્રકારની મદદ પહોંચાડવા માટે કંટ્રોલ રૂમ સક્રિય કરી દેવામાં આવ્યા છે. કુદરત સામે માનવીય સજ્જતા જ આ મોટી આફત સામે બચાવનો એકમાત્ર માર્ગ છે.

### ક્લાઈમેટ ચેન્જ અને વધતું તાપમાન

વૈજ્ઞાનિકોના મતે આ વર્ષે 'અલ નીનો'ની અસરના કારણે સમુદ્રનું તાપમાન વિક્રમી સ્તરે પહોંચ્યું છે. વધારાના ગરમ પાણીને કારણે ટાયફૂન વધુ ઉર્જા મેળવી રહ્યા છે, જેના પરિણામે તે અતિશય ઘાતક બની રહ્યા છે. ઈમ્પેરિયલ કોલેજના નિષ્ણાતોના અહેવાલ મુજબ, આ વાવાઝોડાએ મહાસાગરમાંથી પુષ્કળ ભેજ અને ઉર્જા ખેંચી લીધી છે, જે તેને જમીન પર ત્રાટક્યા બાદ વધુ વિનાશકારી બનાવે છે. એશિયા-પેસિફિક ક્ષેત્ર માટે આ વર્ષ સતત આવી કુદરતી આફતોનો સામનો કરી રહ્યું છે.

## ન્યૂઝ બ્રીફ

### બલૂચિસ્તાનમાં આતંકવાદી હુમલો ૪૨ જવાન શહીદ



બલૂચિસ્તાન | પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આતંકવાદીઓએ સુરક્ષા દળો પર અત્યાર સુધીનો સૌથી મોટો હુમલો કર્યો છે. આ ઘટનામાં ૪૨ પોલીસકર્મીઓએ પોતાનો જીવ ગુમાવ્યો છે, જેને લઈને સમગ્ર વિસ્તારમાં ગમગીની છવાયેલી છે. આ ઘટનાએ પાકિસ્તાની સેના અને સરકારની સુરક્ષા વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. મીડિયા અહેવાલ મુજબ, 'બલૂચિસ્તાન લિબરેશન આર્મી'ના વિદ્રોહીઓએ પોલીસ સ્ટેશનને નિશાન બનાવી ભીષણ હુમલો કર્યો હતો. શરૂઆતમાં માત્ર ૯ જવાનોના મોતની પુષ્ટિ કરવામાં આવી હતી, પરંતુ હુમલાખોરો દ્વારા ઘણા જવાનોનું અપહરણ કરી લેવામાં આવ્યું હતું. ત્યારબાદ સુરક્ષા દળો દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ ઓપરેશન દરમિયાન વધુ મૃતદેહો મળી આવતા આંકડો ૪૨ પર પહોંચ્યો છે. પાકિસ્તાની સેનાએ વળતો જવાબ આપી ૫૪ વિદ્રોહીઓને ઠાર કર્યાનો દાવો કર્યો છે, પરંતુ હજુ પણ સ્થિતિ તંગ છે. આ હુમલામાં સૌથી આઘાતજનક પાસું શહીદ જવાનો પ્રત્યે સરકારનું વર્તન છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

### ટ્રમ્પને મોટો ઝટકો શોષણ કેસમાં ૫૮ લાખનો દંડ



ન્યૂયૉર્ક | અમેરિકાના પૂર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને એક જૂના જાતીય શોષણના કેસમાં ન્યાયિક મોરચે મોટો ઝટકો લાગ્યો છે. ન્યૂયૉર્કની અદાલતે લેખિકા ઈ. જીન કેરોલ સાથે જોડાયેલા વર્ષ ૧૯૯૬ના જાતીય સતામણી અને બદનામીના કેસમાં ટ્રમ્પને દોષિત ઠેરવ્યા છે. સુપ્રીમ કોર્ટે ટ્રમ્પની અપીલ ફગાવી દેતા હવે તેમણે દંડની મોટી રકમ ચૂકવવી પડશે. વર્ષ ૧૯૯૬માં ન્યૂયૉર્કના એક ડિપાર્ટમેન્ટલ સ્ટોરના ડ્રેસિંગ રૂમમાં લેખિકા ઈ. જીન કેરોલ સાથે જાતીય સતામણી થઈ હોવાનો આરોપ હતો. આ મામલો વર્ષ ૨૦૧૯માં ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે કેરોલે એક પુસ્તકમાં આ ઘટનાનો ઉલ્લેખ કર્યો. તે સમયે ટ્રમ્પે આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢતા લેખિકાને 'પાગલ' ગણાવી હતી અને આખો મામલો મનઘડંત હોવાનું જણાવ્યું હતું. વર્ષ ૨૦૨૩માં ફેડરલ જ્યુરીએ ટ્રમ્પને જાતીય શોષણ અને બદનામી માટે દોષિત માન્યા હતા અને તેમને ૫૦ લાખ ડૉલરનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

તબાહી અને કાટમાળના દૃશ્યો

# ઈરાને ખામેનેઈના ઘરનો વીડિયો જાહેર કર્યો, દિવંગત નેતાના ઘરનો વીડિયો

(એજન્સી) તેહરાન । તા. 09

ઈરાને પ્રથમવાર પોતાના દિવંગત સર્વોચ્ચ નેતા આયતુલ્લા અલી ખામેનેઈના નિવાસસ્થાનનો વીડિયો સત્તાવાર રીતે જાહેર કરીને સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. આ વીડિયોમાં અમેરિકા અને ઈઝરાયલના સંયુક્ત હુમલા બાદ તેહરાન સ્થિત ખામેનેઈના રહેણાંક પરિસરની દુર્દશા સ્પષ્ટપણે જોઈ શકાય છે. કાટમાળમાં ફેરવાઈ ગયેલી મસ્જિદો અને ધરાશાયી થયેલી ઈમારતોના આ દ્રશ્યો આંતરરાષ્ટ્રીય રાજકારણમાં નવા સંઘર્ષના એંધાણ આપી રહ્યા છે.





### તબાહીનું જીવંત દ્રશ્ય

સરકારી માધ્યમો દ્વારા જાહેર કરવામાં આવેલા ૩૫ સેકન્ડના આ વીડિયોને 'અમેરિકાના કાયરતાપૂર્ણ હુમલા' તરીકે દર્શાવવામાં આવ્યો છે. વીડિયોમાં ઈમામ ખુમેની હુસૈનીયા હોલની હાલત જોઈ શકાય છે, જે અગાઉ ખામેનેઈની મહત્વની બેઠકો અને જાહેર સભાઓનું મુખ્ય કેન્દ્ર હતું. હુમલાની તીવ્રતા એટલી ભયાનક હતી કે ઈમારતોના લોખંડી બીમ વળી ગયા છે અને પરિસર પત્થરોના ઢગલામાં ફેરવાઈ ગયું છે. આ હુમલાઓ દરમિયાન જ ખામેનેઈનું અવસાન થયું હતું, જેના પગલે ઈરાનમાં અત્યારે શોકનું મોજું ફરી વળ્યું છે.

### બે વખત થયો હતો ભીષણ હુમલો

આ પરિસર પર ૨૮ ફેબ્રુઆરી અને ત્યારબાદ માર્ચ મહિનામાં બે વાર હુમલા કરવામાં આવ્યા હતા. ઈઝરાયલી સૂત્રોએ દાવો કર્યો હતો કે આ રહેણાંક પરિસરની નીચે એક વિશાળ ભૂગર્ભ કમાન્ડ સેન્ટર હતું, જેને નિશાન બનાવવા માટે આ હુમલાઓ કરવામાં આવ્યા હતા. જોકે, વીડિયોમાં જે પ્રકારની તબાહી જોવા મળી રહી છે, તે ઈરાન માટે એક મોટો આઘાત છે. તેહરાનના મધ્યમાં સ્થિત આ પ્રતિષ્ઠિત પરિસર પર થયેલા હુમલાએ ઈરાનની સુરક્ષા વ્યવસ્થા પર પણ ગંભીર સવાલો ઉભા કર્યા છે.

### દફનવિધિ અને અંતિમ યાત્રા

આયતુલ્લા અલી ખામેનેઈના પાર્થિવ દેહને આજે ગુરુવારે તેમના વતન મશહદમાં દફનાવવામાં આવશે. છેલ્લા એક અઠવાડિયાથી તેમની અંતિમ સંસ્કાર યાત્રા તેહરાન, કોમ તેમજ ઈરાકના શિયા પવિત્ર શહેરો નજફ અને કરબલામાંથી પસાર થઈ હતી. આ યાત્રામાં લાખોની સંખ્યામાં લોકો જોડાયા હતા, જે તેમના પ્રત્યેની જનતાની લાગણી દર્શાવે છે. મશહદમાં થનારી આ અંતિમ વિધિ સાથે જ એક યુગનો અંત આવશે અને ઈરાન માટે રાજકીય રીતે એક નવો વળાંક શરૂ થશે.

આ વીડિયોના જાહેર થવાથી મધ્ય-પૂર્વના દેશોમાં ફરી એકવાર તણાવની સ્થિતિ સર્જાઈ છે. અમેરિકા અને ઈઝરાયલના આ હુમલાઓ અને ત્યારબાદ ખામેનેઈના મૃત્યુના સમાચારે વિશ્વભરમાં રાજદ્વારી હલચલ મચાવી દીધી છે. ઈરાને આ હુમલાઓને પોતાની સાર્વભૌમત્વ પરનો હુમલો ગણાવ્યો છે. હવે જોવાનું એ રહેશે કે આ ઘટનાક્રમ બાદ ઈરાન કેવા પ્રકારનું વલણ અપનાવે છે. આ વીડિયો જાહેર કરવાનો ઈરાનનો હેતુ દુનિયાને થયેલા નુકસાનની ગંભીરતાથી વાકેફ કરવાનો છે. કાટમાળમાં દબાયેલા આ પવિત્ર સ્થળના દ્રશ્યો આગામી સમયમાં સંઘર્ષની જ્વાળાઓને વધુ તેજ બનાવી શકે છે. અત્યારે સમગ્ર ઈરાન પોતાના સર્વોચ્ચ નેતાને અંતિમ વિદાય આપી રહ્યું છે, ત્યારે કાટમાળના આ દ્રશ્યો ભવિષ્યની મોટી રાજકીય ઉથલપાથલના સંકેત આપી રહ્યા છે.

# રશિયા પોતાના જ વિસ્તારો પર ફેંકી રહ્યું છે બોમ્બ, 334 વાર પોતાના પર હુમલો

(એજન્સી) બેલગોરોદ । તા. 09

યુક્રેન સાથેના યુદ્ધમાં રશિયન સેનાની ક્ષમતા અને આધુનિક શસ્ત્રોના ઉપયોગ પર ગંભીર સવાલો ઉભા થયા છે. નવા મીડિયા અહેવાલ મુજબ, ફેબ્રુઆરી ૨૦૨૨થી અત્યાર સુધીમાં રશિયન ફાઈટર પ્લેનોએ ૩૩૪ વખત ભૂલથી પોતાના જ દેશના વિસ્તારો પર બોમ્બ ફેંક્યા છે. આ ઘટનાઓએ રશિયાના સ્થાનિક નાગરિકોમાં ભયનો માહોલ પેદા કર્યો છે.

રશિયાના બેલગોરોદ ક્ષેત્રમાં આવા અકસ્માતો સૌથી વધુ નોંધાયા છે. આ અકસ્માતોમાં માત્ર નાગરિકોએ જીવ ગુમાવ્યા નથી, પરંતુ અનેક ઘરો તબાહ થયા છે અને ટ્રેનના પાટા ઉખડી જવા જેવી ભયાનક ઘટનાઓ પણ બની છે. માત્ર વર્ષ ૨૦૨૬ના ગાળામાં જ આવા ૨૬ કિસ્સા સામે આવ્યા છે, જે દર્શાવે છે કે રશિયન વાયુસેનાની કામગીરીમાં ગંભીર ત્રુટિઓ રહી ગઈ છે.

રશિયા યુદ્ધ દરમિયાન પોતાની એર ડિફેન્સ સિસ્ટમ સુરક્ષિત રાખવા માટે સરહદની અંદરથી જ 'ગાઈડેડ બોમ્બ' છોડે છે. આ બોમ્બમાં વિશેષ કિટ અને ફોલ્ડ થઈ શકે તેવી પાંખો લગાવેલી હોય છે, જે હવામાં ખુલીને બોમ્બને લાંબુ અંતર કાપવામાં મદદ કરે છે. જોકે, મીડિયા અહેવાલ મુજબ, ઘણીવાર આ બોમ્બની પાંખો સમયસર ખુલતી નથી. પરિણામે, તે દિશાહીન બનીને સામાન્ય બોમ્બની જેમ રશિયન જમીન પર જ ત્રાટકે છે અને વિસ્ફોટ થાય છે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ટેકનિકલ ખામી ધરાવતા આ બોમ્બના કારણે રશિયાની પોતાની જ સરહદ પર જાન-માલનું ભારે નુકસાન થઈ રહ્યું છે. આધુનિક ગણાતા આ બોમ્બની નિષ્ફળતાએ રશિયન સૈન્યના આયોજન પર પ્રશ્નો ઉભા કર્યા છે.

# ગુજરાતમાં રોકાણનો મહાસાગર ઓસ્ટ્રેલિયાના મોટા પગલા, વેપાર શિક્ષણ ક્ષેત્રે નવી ઊંચાઈ

(એજન્સી) મેલબોર્ન । તા. 09

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી બે દિવસીય સત્તાવાર પ્રવાસે ઓસ્ટ્રેલિયા પહોંચ્યા છે. મેલબોર્નમાં આયોજિત પ્રતિષ્ઠિત સીઈઓ ફોરમને સંબોધિત કરતા તેમણે ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે વેપાર અને શિક્ષણ ક્ષેત્રે ઐતિહાસિક નિર્ણયોની જાહેરાત કરી છે. આ મુલાકાત બંને દેશો વચ્ચેના સંબંધોમાં નવા યુગની શરૂઆત સમાન છે.

વડાપ્રધાને જણાવ્યું હતું કે વર્ષ ૨૦૨૨માં થયેલા આર્થિક સહયોગ અને વેપાર કરારના કારણે બંને દેશો વચ્ચેના સંબંધો મજબૂત બન્યા છે. છેલ્લા ચાર વર્ષમાં દ્વિપક્ષીય વેપાર ૪ અબજ અમેરિકી ડોલરથી વધીને ૮.૫ અબજ અમેરિકી ડોલર સુધી પહોંચ્યો છે. નિકાસમાં થયેલો આ ઉછાળો બંને અર્થતંત્રો માટે પ્રોત્સાહક છે. ઓસ્ટ્રેલિયાએ ભારતીય ઉત્પાદનો પર આયાત ડ્યુટીમાં ઘટાડો કર્યો છે, જેનાથી વેપારમાં સરળતા આવી છે.

### શિક્ષણ ક્ષેત્રે નવી ભાગીદારી

આ પ્રવાસનું સૌથી મોટું આકર્ષણ ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે થનારા સુધારા છે. ઓસ્ટ્રેલિયાની પ્રખ્યાત વોલોન્ગોંગ અને ડીકિન યુનિવર્સિટી હવે ગુજરાતમાં પોતાના કેમ્પસ શરૂ કરશે. વડાપ્રધાને આ પહેલને 'ટેલેન્ટ પાર્ટનરશીપ' ગણાવી હતી. આ નિર્ણયથી ગુજરાતના વિદ્યાર્થીઓને વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પોતાના રાજ્યમાં જ મળી રહેશે, જે રાજ્યના વિકાસ માટે ગેમ ચેન્જર સાબિત થશે.

### ક્લીન એનર્જીનો રોડમેપ

સમિટ દરમિયાન ઊર્જા ક્ષેત્રે પણ મહત્વની ચર્ચાઓ થઈ હતી. વડાપ્રધાને સ્પષ્ટ કર્યું કે ભારત વર્ષ ૨૦૪૭ સુધીમાં ૧૦૦ ગીગાવાટ ન્યુક્લિયર એનર્જી મેળવવાના લક્ષ્ય પર કામ કરી રહ્યું છે. આ માટે ઓસ્ટ્રેલિયાનો યુરેનિયમનો વિશાળ ભંડાર ખૂબ મહત્વનો છે. ભારત ગ્રીન હાઈડ્રોજન અને રિન્યુએબલ એનર્જી માટે મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ વિકસાવી રહ્યું છે, જેમાં ઓસ્ટ્રેલિયન રોકાણકારોને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં ભાગ લેવા આમંત્રણ આપવામાં આવ્યું છે.

### ભવ્ય સ્વાગત અને આગામી કાર્યક્રમ

મેલબોર્ન એરપોર્ટ પર વડાપ્રધાનનું ભારતીય સમુદાય દ્વારા ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. ઓસ્ટ્રેલિયાના સિમ્ફની ઓર્કેસ્ટ્રા દ્વારા વગાડવામાં આવેલી 'વંદે માતરમ'ની ધૂન સૌના આકર્ષણનું કેન્દ્ર બની હતી. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, ઓસ્ટ્રેલિયાનું ઉચ્ચસ્તરીય વ્યાપારી પ્રતિનિધિમંડળ ડિસેમ્બરમાં ભારત આવશે. વડાપ્રધાન ૧૧ જુલાઈએ ન્યુઝીલેન્ડ જવા રવાના થશે. આ મુલાકાત ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેના વ્યાપારી સંબંધોને નવી ઊંચાઈઓ પર લઈ જશે તેમાં કોઈ શંકા નથી.

દર્શન | મંદિરને નવજીવન આપશે ભારત, સાંસ્કૃતિક સહયોગનો નવો અધ્યાય

# પ્રમ્બાનન મંદિરના જીર્ણોદ્ધારમાં ભારતનો સહયોગ

(એજન્સી) યોગ્યાકાર્તા । તા. 09

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ત્રણ દિવસીય ઈન્ડોનેશિયા પ્રવાસના અંતિમ દિવસે યોગ્યાકાર્તા સ્થિત ઐતિહાસિક અને ૧૦૦૦ વર્ષ જૂના પ્રમ્બાનન મંદિરની મુલાકાત લીધી હતી. આ મુલાકાત માત્ર ધાર્મિક જ નહીં પરંતુ બંને દેશો વચ્ચેના સદીઓ જૂના સાંસ્કૃતિક સંબંધોને મજબૂત બનાવનારી સાબિત થઈ છે.

વડાપ્રધાન મોદીએ ઈન્ડોનેશિયાના રાષ્ટ્રપતિ પ્રબોવો સુબિયાંતો સાથે મળીને યુનેસ્કોની વિશ્વ ધરોહર યાદીમાં સામેલ આ ભવ્ય મંદિરની સંરક્ષણ અને પુનઃસ્થાપન પરિયોજનાનો શુભારંભ કર્યો હતો. ભારત હવે આ પ્રાચીન હિન્દુ મંદિરના જીર્ણોદ્ધારમાં પોતાની નિપુણતા અને સહાય પૂરી પાડશે. આ સહયોગ માટે બંને દેશોએ એક મહત્વપૂર્ણ કરાર પર પણ સહમતિ દર્શાવી છે.

૯મી સદીમાં નિર્મિત પ્રમ્બાનન મંદિર ઈન્ડોનેશિયાનું સૌથી મોટું હિન્દુ મંદિર પરિસર છે.



મુખ્યત્વે ભગવાન શિવને સમર્પિત આ મંદિરના શિખરો પર બ્રહ્મા, વિષ્ણુ અને મહેશની પ્રતિષ્ઠા જોવા મળે છે. મંદિરની પથ્થરની કોતરણીમાં રામાયણના દ્રશ્યો આબેહૂબ રીતે કંડારવામાં આવ્યા છે, જે ભારત અને ઈન્ડોનેશિયાની સહિયારી સાંસ્કૃતિક વિરાસતનું પ્રતીક છે. ભૂકંપ અને જ્વાળામુખી જેવી કુદરતી આપત્તિઓ સામે ઝઝૂમ્યા બાદ પણ આ મંદિર પોતાની ભવ્યતા જાળવી રાખવામાં સફળ રહ્યું છે.

પીએમ મોદીએ મંદિર પરિસરમાં પૂજા-અર્ચના કરી હતી અને મંત્રોચ્ચારનો વીડિયો શેર કરીને પોતાની આસ્થા વ્યક્ત કરી હતી. તેમણે કહ્યું કે, "જ્યારે ભારત અને ઈન્ડોનેશિયા સાથે મળીને આગળ વધે છે, ત્યારે અદભુત પરિણામો મળે છે." પીએમ મોદીએ વાયાંગ કુલિત અને દેવી શ્રીની પૂજા જેવી પરંપરાઓને ભારત-ઈન્ડોનેશિયાની મિત્રતાની જીવંત ઝલક ગણાવી હતી.

આ મુલાકાત બાદ બંને દેશોના લોકોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વડાપ્રધાને પ્રવાસી ભારતીય સમુદાયને અપીલ કરી હતી કે તેઓ ઈન્ડોનેશિયાના મિત્રોને ભારતની ભવ્યતા વિશે માહિતગાર કરે. સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ, આ પુનઃસ્થાપન પરિયોજના બંને દેશોની પ્રવાસન અને સાંસ્કૃતિક રાજદ્વારી વ્યૂહરચનામાં મોટું પરિવર્તન લાવશે. ભારતનું આ યોગદાન ઈન્ડોનેશિયાના સાંસ્કૃતિક વારસાને સાચવવાની દિશામાં એક નિર્ણાયક પગલું બની રહેશે.

# પાકિસ્તાનનું કાર્ગો પ્લેન લાપત્તા 14 કલાક વીત્યા

(એજન્સી) કરાંચી । તા. 09

પાકિસ્તાનનું એક બોઈંગ ૭૩૭ કાર્ગો પ્લેન રહસ્યમય સંજોગોમાં અરબી સમુદ્ર ઉપરથી ગૂમ થઈ જતાં ભારે ચકચાર મચી ગઈ છે. આ વિમાન સાથેનો સંપર્ક તૂટ્યાને ૧૪ કલાકથી વધુ સમય વીતી ગયો હોવા છતાં અત્યાર સુધી તેનો કોઈ સગડ મળ્યો નથી. વિમાનમાં સવાર ચાર ક્રૂ મેમ્બર્સના ભાવિ અંગે પણ મોટી અનિશ્ચિતતા સેવાઈ રહી છે.

મીડિયા અહેવાલ મુજબ, કે-૨ એરબેઝનું આ કાર્ગો વિમાન પોતાની નિર્ધારિત ઉડાન પર હતું ત્યારે અચાનક એર ટ્રાફિક કંટ્રોલ સાથેનો તેનો સંપર્ક કપાઈ ગયો હતો. છેલ્લી મળેલી જાણકારી મુજબ, વિમાન અરબી સમુદ્ર ઉપરથી પસાર થઈ રહ્યું હતું, ત્યારબાદ બલૂચિસ્તાનના ઓરમારા વિસ્તાર પાસે તે ગાયબ થઈ ગયું હોવાની આશંકા છે. વિમાનમાં રહેલા ચાલક દળના સભ્યોનો પણ કોઈ સંપર્ક થઈ શક્યો નથી.

વિમાનના ગુમ થયા પહેલાં પાયલટે નેવિગેશન સિસ્ટમમાં ગંભીર ખામી સર્જાઈ હોવાની જાણકારી આપી હતી, જે આ દુર્ઘટના પાછળનું મુખ્ય કારણ હોઈ શકે છે. ઉડ્ડયન ક્ષેત્રના નિષ્ણાતો આ ઘટનાથી મુંઝવણમાં છે. નિષ્ણાતોનું માનવું છે કે, વિમાન જે રીતે અચાનક નીચે આવ્યું તે ગ્લાઈડિંગની સામાન્ય પ્રક્રિયા કરતાં તદ્દન અલગ હતું. આ વિમાન ૨૭ વર્ષ જૂનું હોવાનું બહાર આવ્યું છે અને તે ૨૦૧૮માં રજીસ્ટર કરવામાં આવ્યું હતું. પાકિસ્તાની સેનાએ હવે આ મામલે કમર કસી છે. નૌસેનાએ પોતાની ફ્રીગેટ પી.એન.એસ. ઝૂલ્ફીકારને તે સંભવિત વિસ્તારમાં રવાના કરી છે જ્યાં વિમાનનો સંપર્ક તૂટ્યો હતો. આ ઉપરાંત વાયુસેનાના વિમાનો અને એક મર્ચન્ટ શિપની મદદથી પણ મોટા પાયે શોધખોળ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે.

# AMC કાઉન્સિલરો-અધિકારીઓ માટે મોબાઈલ અને લેપટોપ ખરીદી મર્યાદામાં વધારો, સેટલમેન્ટ અટકાવવા 150થી વધુ સ્થળો પર દેખરેખ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં કાઉન્સિલરો અને અધિકારીઓ માટે ટેક્નોલોજી સુવિધામાં વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમયની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મોબાઈલ, લેપટોપ અને પ્રિન્ટરની ખરીદી મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. તેમણે જણાવ્યું કે અગાઉ કાઉન્સિલરો માટે મોબાઈલ ખરીદીની મર્યાદા રૂ.12 હજાર હતી, જેમાં વધારો કરીને હવે રૂ.17 હજાર સુધીનો મોબાઈલ ખરીદી શકાશે. જ્યારે અધિકારીઓ માટે કોર્પોરેશન દ્વારા સિમકાર્ડ સાથે નજીવા દરે પ્લાનની સુવિધા આપવામાં આવી રહી છે. તેમજ પાંચ વર્ષમાં એક વખત લેપટોપ ખરીદી માટે અગાઉ રૂ.75 હજારની મર્યાદા હતી, જેમાં આધુનિક ટેક્નોલોજીને ધ્યાનમાં રાખીને રૂ.10 હજારનો વધારો કરાયો છે. સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને શહેરમાં રોડ, ડ્રેનેજ અને વોટર લાઈનના કામો બાદ થતી સેટલમેન્ટ સમસ્યા અંગે પણ માહિતી આપી હતી. તેમણે જણાવ્યું કે અમદાવાદમાં 150થી વધુ સ્થળોએ સેટલમેન્ટની સંભાવના છે, જેને ધ્યાનમાં રાખીને AMC દ્વારા સતત મોનિટરિંગ, પુરાણ (બેકફિલિંગ) અને વોટરિંગની કામગીરી કરવામાં આવી રહી છે. ભવિષ્યમાં ખોદકામ બાદ ગુણવત્તાયુક્ત પુરાણ અને જરૂરી પ્રક્રિયા સુનિશ્ચિત કરવા અધિકારીઓને સૂચનાઓ આપવામાં આવી હોવાનું તેમણે ઉમેર્યું હતું.

# કેન્દ્રીય મંત્રી ડો. મનસુખભાઈ માંડવીયા જુનાગઢ જિલ્લાના પ્રવાસે

નરેન્દ્ર દવે જૂનાગઢ | જૂનાગઢ તા.૯. પોરબંદરના સાંસદ અને કેન્દ્રીય શ્રમ રોજગાર,યુવા, રમતગમત મંત્રીશ્રી ડો.મનસુખભાઈ માંડવીયા આવતીકાલે તા. 10 અને 11 જુલાઈના જુનાગઢ જિલ્લાના પ્રવાસે આવશે. કેન્દ્રીય મંત્રીશ્રી આવતીકાલે વંથલી અને કેશોદ, તેમજ તા.11 ના રોજ મેંદરડા, બાટવા માણાવદર વિસ્તારના ગામોની મુલાકાત લેશે.

# વઘઇ એ.પી.એમ.સી.નાં સભાપતિ (પ્રમુખ) તરીકે સુરેશભાઈ ચૌધરી બિનહરીફ ચૂંટાયા:-ભાજપ પેનલનો ભવ્ય વિજય



ડાંગ | ડાંગ જિલ્લાની ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ (APMC) આહવા (ડાંગ), મુખ્ય મથક-વઘઇ ખાતે આજે એક મહત્વપૂર્ણ રાજકીય ઘટનાક્રમમાં અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં, બીજી ટર્મ માટેના નવા સભાપતિ (પ્રમુખ)ની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી (BJP) પ્રેરિત પેનલના સક્રિય અગ્રણી સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરી સભાપતિ પદ માટે બિનહરીફ ચૂંટાયા હોવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે.જ્યારે ઉપપ્રમુખ તરીકે સુરેન્દ્રભાઈ ભોયે સત્તાવાર રીતે બિનહરીફ ચૂંટાયા હતા.તેમની આ વરણીથી સમગ્ર પંથકના ખેડૂતો, ભાજપાનાં કાર્યકરો અને સમર્થકોમાં ભારે ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.ગુજરાત ખેતી ઉત્પાદન બજાર અધિનિયમ અંતર્ગત નિયમોની જોગવાઈ અનુસાર, વઘઇ એ.પી.એમ.સી.ના સભાપતિની અઢી વર્ષની બાકીની મુદત માટે ચૂંટણી યોજવા અંગે મદદનીશ જિલ્લા રજિસ્ટ્રાર, સહકારી મંડળીઓ (ડાંગ-આહવા)ની કચેરી દ્વારા એજન્ડા નોટિસ જાહેર કરવામાં આવી હતી. જે અન્વયે આજરોજ તારીખ ૦૯/૦૭/૨૦૨૬ ના રોજ બજાર સમિતિના હોલ ખાતે તમામ સદસ્યોની એક ખાસ બેઠકનું આયોજન કરવામાં આવ્યુ હતુ.આ બેઠકમાં ચૂંટણી અધિકારી તરીકે નાયબ નિયામક (ખેતબજાર અને ગ્રામ્ય અર્થતંત્ર) તેમજ મદદનીશ જિલ્લા રજિસ્ટ્રારએ ઉપસ્થિત રહી સમગ્ર ચૂંટણી પ્રક્રિયાનું સંચાલન કર્યું હતુ.સભાપતિ પદની ચૂંટણી પ્રક્રિયા દરમિયાન નિયત સમય મર્યાદામાં માત્ર એક જ ઉમેદવારી ફોર્મ સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરીનું રજૂ થયું હતું.તેમજ ઉપપ્રમુખ માટે સુરેન્દ્રભાઈ ભોયે એ ફોર્મ ભર્યું હતું. ચૂંટણી અધિકારી દ્વારા ફોર્મની ચકાસણી કરતા તે સંપૂર્ણપણે માન્ય માલુમ પડ્યુ હતુ.સભાપતિ પદ માટે અન્ય કોઈ ઉમેદવાર દ્વારા ફોર્મ ભરવામાં ન આવતાં અને માત્ર એક જ ફોર્મ માન્ય રહેતાં, ચૂંટણી અધિકારી દ્વારા સુરેશભાઈ મોતીરામભાઈ ચૌધરીને બીજી ટર્મના સભાપતિ તરીકે વિધિવત રીતે 'બિનહરીફ' ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા હતા.તેઓની બીજી ટર્મના પ્રમુખ તરીકે બિનહરીફ વરણી થઈ હતી તેમજ ઉપપ્રમુખ તરીકે સુરેન્દ્રભાઈ ભોયેની વરણી થઈ હતી. જે બાદ નવનિયુક્ત સભાપતિ સુરેશભાઈ ચૌધરીએ પક્ષના શીર્ષ નેતૃત્વ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે પોતાના સંબોધનમાં જણાવ્યું હતુ કે, 'ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, ડાંગ ધારાસભ્ય વિજયભાઈ પટેલ,ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીત,ડાંગ જિલ્લાના પ્રભારી રાજેશભાઈ દેસાઈ,ડાંગ ભાજપા પ્રમુખ કિશોરભાઈ ગાવીત તેમજ સંગઠનના તમામ પદાધિકારીઓ અને એ.પી.એમ.સી.ના તમામ ડિરેક્ટર મિત્રોએ મારા પર જે અડગ વિશ્વાસ મૂકીને આ મહત્વની જવાબદારી સોંપી છે, તે બદલ હું તમામનો હૃદયપૂર્વક આભાર માનું છું.'તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં પણ ભાજપા પક્ષ દ્વારા તેમને જ્યારે જ્યારે નાની-મોટી જવાબદારીઓ સોંપવામાં આવી છે, ત્યારે તેમણે હંમેશા એક વફાદાર કાર્યકર તરીકે પક્ષના હિતમાં નિષ્ઠાપૂર્વક કામ કર્યું છે.આજે જ્યારે એ.પી.એમ.સી.ના પ્રમુખ જેવી મોટી અને નવી જવાબદારી મળી છે, ત્યારે તેઓ ડાંગ જિલ્લાનાં ખેડૂતોના હિત પક્ષે રહીને બજાર સમિતિના વિકાસ કાર્યોને વધુ વેગ આપશે અને તમામ સભ્યોને સાથે રાખીને વહીવટને પારદર્શક બનાવશે.નવનિયુક્ત પ્રમુખ સુરેશભાઈ ચૌધરીની બિનહરીફ વરણી થતાં જ હાજર રહેલા તમામ ડિરેક્ટરો અને ભાજપના આગેવાનોએ તેમને પુષ્પગુચ્છ અને હાર પહેરાવી મોં મીઠું કરાવીને અભિનંદન પાઠવ્યા હતા.

# પ્રાકૃતિક ખેતીથી જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ થયું બમણું : જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ તા.૯ પ્રાકૃતિક ખેતી માત્ર પરંપરાગત કૃષિ પદ્ધતિ નથી, પરંતુ ટકાઉ કૃષિ અને આબોહવા પરિવર્તન સામે લડવાનો વૈજ્ઞાનિક માર્ગ છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલા સંશોધનોએ આ વાતને વૈજ્ઞાનિક પુરાવા સાથે સાબિત કરી છે. સંશોધન મુજબ પ્રાકૃતિક ખેતી અપનાવવાથી માત્ર પાંચ વર્ષમાં જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ 0.45 ટકાથી વધીને 0.93 ટકા થયું છે. વરસાદી/સિંચાઈનું પાણી જમીનમાં ઉતરવાનો દર 6.50 સે.મી./કલાકથી વધીને 14.50 સે.મી./કલાક થયો છે, જ્યારે ભેજ સંગ્રહ ક્ષમતા 12.75 ટકાથી વધીને 19.84 ટકા નોંધાઈ છે. આ સાથે પ્રાકૃતિક ખેતી દ્વારા દર વર્ષે પ્રતિ હેક્ટર 4થી 8 ટન કાર્બન ડાયોક્સાઇડ સમકક્ષ (tCOe) જેટલો આબોહવા સંબંધિત લાભ મળી શકે છે. આ સંશોધનના તારણોને લોકભવન ખાતે રાજ્ય સ્તરીય પ્રાકૃતિક ખેતી સમીક્ષા બેઠકમાં રજૂ કરાયા હતા, જેને માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને કૃષિ મંત્રીશ્રી જીતુભાઈ વાઘાણીએ પણ મહત્વપૂર્ણ ગણાવ્યા હતા.જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં જમીનના નમૂનાઓનું વૈજ્ઞાનિક વિશ્લેષણ કરીને ઓર્ગેનિક કાર્બનની સ્થિતિનું મૂલ્યાંકન કર્યું હતું. અભ્યાસમાં સૌરાષ્ટ્રની જમીનમાં સરેરાશ 0.57 ટકા ઓર્ગેનિક કાર્બન નોંધાયો હતો. જેમાં જિલ્લાઓ પ્રમાણે પોરબંદરમાં (0.82%), ગીર સોમનાથમાં (0.75%) અને જૂનાગઢમાં (0.72%) પ્રમાણ જોવા મળ્યું હતું, જ્યારે સુરેન્દ્રનગર માં (0.44%), ભાવનગરમાં (0.45%) અને જામનગરમાં (0.46%) તે પ્રમાણ તુલનાત્મક રીતે ઓછું નોંધાયું હતું. સંશોધન દર્શાવે છે કે જે જમીનમાં ઓર્ગેનિક કાર્બનનું પ્રમાણ વધુ છે ત્યાં જમીનની ફળદ્રુપતા, ભેજ સંરક્ષણ અને કૃષિ ઉત્પાદકતા પણ વધુ સારી છે. વિવિધ ખેડૂતોના ખેતરોમાં કરાયેલા અભ્યાસમાં પ્રાકૃતિક ખેતીના નોંધપાત્ર પરિણામો સામે આવ્યા છે. પાંચ વર્ષ સુધી પ્રાકૃતિક ખેતી કરનાર ખેડૂતના ખેતરોમાં જમીનની છિદ્રાળુતા 34.63 ટકાથી વધીને 41.08 ટકા થઈ હતી.

ત્રણ દિવસમાં 35 હજારથી વધુ લોકોએ નિહાળ્યું

# 'સમૃદ્ધ ગુજરાત પ્રદર્શન-2026'ને મળ્યો અભૂતપૂર્વ પ્રતિસાદ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ



અમદાવાદના મણિનગર સ્થિત એલ.જી. ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા ત્રણ દિવસીય 'સમૃદ્ધ ગુજરાત પ્રદર્શન-2026'નું ભવ્ય સમાપન થયું હતું. અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાના માર્ગદર્શન અને સહયોગથી સંસા ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પ્રદર્શનને નાગરિકોનો ઉત્સાહભર્યો પ્રતિસાદ મળ્યો હતો. તા. 7થી 9 જુલાઈ દરમિયાન યોજાયેલા આ પ્રદર્શનમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓ, વિકાસકાર્યો અને લોકોપયોગી પહેલોની માહિતી એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવી હતી. વિવિધ સરકારી વિભાગો દ્વારા ઉભા કરાયેલા સ્ટોલ મારફતે નાગરિકોને સરકારની યોજનાઓનો સીધો લાભ અને માર્ગદર્શન મળ્યું હતું. ત્રણ દિવસ દરમિયાન ગુજરાતભરની 50થી વધુ શાળાના વિદ્યાર્થીઓ સહિત 35 હજારથી વધુ નાગરિકોએ પ્રદર્શનની મુલાકાત લીધી હતી. પ્રદર્શનને સાંસદો, ધારાસભ્યો, સરકારી અધિકારીઓ અને સામાજિક આગેવાનોએ પણ બિરદાવ્યું હતું. સમાપન સમારોહમાં સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય શ્રી અમૂલ ભટ્ટ, ડેપ્યુટી મેયર શ્રીમતી અંજુબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી કમલેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. પ્રદર્શન સરકારની વિકાસયાત્રા અને જનકલ્યાણકારી કાર્યોને લોકો સુધી પહોંચાડવાનું અસરકારક માધ્યમ બન્યું હતું.

# ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે વિશેષ વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ

વડોદરાની ગુજરાત કેન્દ્રીય યુનિવર્સિટીમાં ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જીની 125મી જન્મજયંતિ નિમિત્તે 'ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી : જીવન, યોગદાન અને વારસો' વિષય પર વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું. મહાત્મા ગાંધી ભવન ખાતે યોજાયેલા કાર્યક્રમમાં દેશના અગ્રણી શિક્ષણવિદો અને સંશોધકોએ ભાગ લઈ રાષ્ટ્ર નિર્માણ, શિક્ષણ, લોકશાહી અને આધુનિક ભારતના વિકાસમાં ડૉ. મુખર્જીના યોગદાન પર પ્રકાશ પાડ્યો હતો. મુખ્ય અતિથિ તરીકે ડૉ. શ્યામા પ્રસાદ મુખર્જી રિસર્ચ ફાઉન્ડેશનના અધ્યક્ષ ડૉ. અનિર્બાન ગાંગુલીએ જણાવ્યું હતું કે, દેશના વિભાજન દરમિયાન પશ્ચિમ બંગાળનો મહત્વપૂર્ણ વિસ્તાર ભારત સાથે જળવાઈ રહે તેમાં ડૉ. મુખર્જીની ઐતિહાસિક ભૂમિકા રહી હતી. તેમણે 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'વન નેશન, વન કૉન્સ્ટિટ્યુશન' જેવા રાષ્ટ્રીય વિચારોને ડૉ. મુખર્જીની રાષ્ટ્રવાદી દૃષ્ટિ સાથે જોડ્યા હતા. કુલપતિ પ્રો. અતનુ ભટ્ટાચાર્યે વિદ્યાર્થીઓ અને સંશોધકોને ડૉ. મુખર્જીના જીવન, વિચારો અને મૂલ્યો પર વધુ સંશોધન કરવા આહ્વાન કર્યું હતું. કાર્યક્રમ દરમિયાન તેમના શૈક્ષણિક, રાજકીય અને રાષ્ટ્રીય યોગદાન પર વધુ વ્યાપક શૈક્ષણિક ચર્ચા અને સંશોધનની જરૂરિયાત પર પણ ભાર મૂકવામાં આવ્યો હતો.



ICCCમાં ઉચ્ચસ્તરીય સમીક્ષા

# સુરત-નવસારીમાં પૂરની સ્થિતિનો મુખ્યમંત્રીનો તાગ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ




સુરત શહેરમાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પૂર જેવી પરિસ્થિતિની સમીક્ષા કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય જળશક્તિ મંત્રી શ્રી સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રી તથા ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી તાત્કાલિક સુરત પહોંચ્યા હતા. તેમણે ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર ખાતે અધિકારીઓ સાથે ઉચ્ચસ્તરીય બેઠક યોજી બચાવ, રાહત અને પુનઃસ્થાપન કામગીરીની વિસ્તૃત સમીક્ષા કરી હતી. સુરત મહાનગરપાલિકામાં યોજાયેલી બેઠકમાં રાજ્યમંત્રી શ્રી પ્રફુલ પાનશેરિયા, સ્થાનિક ધારાસભ્યો અને વરિષ્ઠ વહીવટી અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ સુરતને ગુજરાતનું આર્થિક હબ ગણાવી જણાવ્યું હતું કે શહેરનું જનજીવન અને ઉદ્યોગો ઝડપથી પૂર્વવત થાય તે માટે તમામ વિભાગો સંકલનથી કામગીરી કરે. બેઠક દરમિયાન પાણી ભરાયેલા વિસ્તારોમાંથી સ્થળાંતર, બચાવ કામગીરી, વીજ પુરવઠો, આવશ્યક સેવાઓની ઉપલબ્ધતા તથા અસરગ્રસ્તોને સહાય અંગે વિગતવાર સમીક્ષા કરવામાં આવી હતી. મુખ્યમંત્રીશ્રીએ અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈને તંત્રને યુદ્ધના ધોરણે કામગીરી કરવા અને નાગરિકોને તાત્કાલિક રાહત પહોંચાડવા સૂચના આપી હતી. સુરતની મુલાકાત બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, કેન્દ્રીય મંત્રી શ્રી સી.આર. પાટીલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી નવસારી પહોંચ્યા હતા. નવસારી કલેક્ટર કચેરી ખાતે યોજાયેલી ઉચ્ચસ્તરીય બેઠકમાં ભારે વરસાદથી સર્જાયેલી પરિસ્થિતિની સમીક્ષા કરી જિલ્લા વહીવટી તંત્રને રાહત અને બચાવ કામગીરી વધુ અસરકારક બનાવવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ટ્રેનમાં બન્યો 'સુહાગરાત કોચ'

## દીવાલો પર ગુલાબ, છત પર ફુગ્ગા અને 'I Love You'; પાર્ટનરને આપ્યું ગજબનું સરપ્રાઇઝ

(એજન્સી) નવી દિલ્હી | તા. 09



સોશિયલ મીડિયા પર એક વીડિયો ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં ટ્રેનના એક 'સુહાગરાત કોચ'ની ઝલક બતાવવામાં આવી છે. ખરેખર, ટ્રેનના ફર્સ્ટ એસી કોચમાં એક કેબિનને કોઈએ સુહાગરાતની સેજની જેમ ડેકોરેટ કરી રાખ્યું છે. આ રીતે હનીમૂન સૂટની જેમ ડેકોરેટેડ ફર્સ્ટ એસી કેબિનનો વીડિયો વાયરલ થતાં જ આના પર સવાલો પણ ઉઠવા લાગ્યા.

ઘણા લોકોએ એ સવાલ ઉઠાવ્યો કે શું કોઈ ટ્રેનના કોચને આ રીતે સજાવી શકાય છે? આના પર રેલવેનો જવાબ પણ આવ્યો છે. ચાલો જાણીએ શું છે આ મામલો અને રેલવેએ આના પર શું કહ્યું.

ઈન્ટરનેટ પર ટ્રેનના ફર્સ્ટ એસી કેબિનને હરતા-ફરતા હનીમૂન રૂમની જેમ સજાવવા વાળા વીડિયોએ ઘણા લોકોનું ધ્યાન ખેંચ્યું છે. આ વીડિયોને લોકો ખૂબ શેર કરી રહ્યા છે. તો વળી આ વાયરલ વીડિયો પર લોકોએ સવાલો ઉઠાવ્યા છે કે શું ટ્રેનની અંદર આ પ્રકારની સજાવટ યોગ્ય છે. તો વળી ઘણા લોકોએ આની પ્રશંસા પણ કરી છે.

વીડિયોમાં બતાવવામાં આવ્યું છે કે એક ટ્રેનના કોચમાં એક કેબિનની અંદર જતાં જ ત્યાંનો નજારો કોઈ હનીમૂન રૂમ જેવો દેખાય છે. આખી કેબિનને રંગબેરંગી ફુગ્ગા, લેસ અને ગુલાબના ફૂલોથી સજાવવામાં આવી છે. કેબિનની અંદરની દીવાલ પર પુષ્કળ ગુલાબના ફૂલ ચોંટાડવામાં આવ્યા છે. નીચે ફ્લોરને ગુલાબ અને અન્ય ફૂલોની પાંદડીઓથી ઢાંકી દેવામાં આવ્યું છે.

કેબિનની સીલિંગ પર પુષ્કળ ફુગ્ગા ચોંટાડવામાં આવ્યા છે. બર્થ પર પણ ગુલાબની પાંદડીઓથી હાર્ટ શેપ બનાવવામાં આવ્યો છે. આની સાથે જ દીવાલો પર લાઈટિંગ પણ કરવામાં આવી છે. દીવાલો પર ફૂલોની વચ્ચે-વચ્ચે નાની-નાની લાઈટ્સ લાગેલી છે. કેબિનની અંદર રાખેલા ડસ્ટબિનને ગુલદસ્તાનું રૂપ આપી દેવામાં આવ્યું છે. આની સાથે જ કેબિનની દીવાલ પર 'આઈ લવ યુ' પણ લખેલું છે. આખી કેબિન ખૂબ જ મનમોહક રીતે સજાવેલી દેખાઈ રહી હતી. પેસેન્જરે પાર્ટનરને આપ્યું સરપ્રાઈઝ આ આખું ડેકોરેશન એક પેસેન્જરે પોતાના પાર્ટનરને સરપ્રાઈઝ આપવા માટે કર્યું હતું. આ ડેકોરેશનની સોશિયલ મીડિયા પર જોરદાર પ્રશંસા થઈ રહી છે. તો વળી કેટલાક લોકોએ ભારતીય રેલ અને રેલ મંત્રીને ટેગ કરીને સવાલ પણ કર્યો છે અને સ્પષ્ટતા માંગી છે કે શું કોઈ ટ્રેનના ડબ્બામાં કોઈ મુસાફર આવી સજાવટ કરી શકે છે. શું આ રેલવેની સુરક્ષાને લઈને સવાલો ઉભા નથી કરતું. મીડિયા રિપોર્ટ અનુસાર, રેલવે સૂત્રએ જણાવ્યું, રેલવેના નિયમો હેઠળ ફર્સ્ટ એસીના કેબિન પેસેન્જરને પ્રાઈવસીની સુવિધા આપે છે. જો કે, રેલવેના નિયમ હેઠળ યાત્રા દરમિયાન આખી કેબિન મુસાફર માટે રિઝર્વ રહે છે. તેથી તેઓ આખી કેબિનમાં પોતાની રીતે મુસાફરી કરી શકે છે અને આ હેઠળ પોતાની કેબિનને પોતાના કમ્ફર્ટ મુજબ સજાવી શકે છે. રેલવે સૂત્રોના જણાવ્યા મુજબ જો કોઈ વ્યક્તિ સ્પેશિયલ કેબિન બુક કરે છે અને તેને પોતે સજાવે છે, તો આમાં રેલવેની કોઈ ભૂમિકા નથી. આ મુસાફરોની પોતાની મરજી છે કે તેઓ કેવી રીતે મુસાફરી કરવા માંગે છે.

# ભારતીય રેલ્વે રાની કમલાપતિ - અગરતલા સ્પેશિયલ એક્સપ્રેસને LHB રેક્સ સાથે અપગ્રેડ કરે છે




માલીગાંવ | મુસાફરોના આરામ, સલામતી અને એકંદર મુસાફરીના અનુભવને વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલામાં, ભારતીય રેલ્વે ટ્રેન નંબર 01665/01666 (રાણી કમલાપતિ - અગરતલા - રાણી કમલાપતિ) સ્પેશિયલ એક્સપ્રેસ માટે હાલના પરંપરાગત ICF કોચની જગ્યાએ આધુનિક લિંક હોફમેન બુશ (LHB) કોચ રજૂ કરી રહી છે.

ટ્રેન નંબર 01665 (રાણી કમલાપતિ - અગરતલા) સ્પેશિયલ એક્સપ્રેસ 9 જુલાઈ, 2026 થી રાની કમલાપતિથી ઉપડતી નવી LHB રેક સાથે કામગીરી શરૂ કરશે. તેવી જ રીતે, ટ્રેન નંબર 01666 (અગરતલા - રાણી કમલાપતિ) સ્પેશિયલ એક્સપ્રેસ 12 જુલાઈ, 2026 થી અગરતલાથી ઉપડતી નવી LHB રેક સાથે કાર્યરત થશે.આધુનિક LHB કોચની રજૂઆત ભારતીય રેલ્વેના આધુનિકીકરણ પહેલમાં વધુ એક સીમાચિહ્નરૂપ છે. અદ્યતન ટેકનોલોજીથી ડિઝાઈન કરાયેલા, આ કોચ તેમની એન્ટિ-ટેલિસ્કોપિક ડિઝાઈન દ્વારા વધુ સલામતી પ્રદાન કરે છે, જે અથડામણ દરમિયાન કોચ એકબીજા પર ચઢી જવાનું જોખમ નોંધપાત્ર રીતે ઘટાડે છે. મુસાફરોને શ્રેષ્ઠ સસ્પેન્શન સિસ્ટમ્સને કારણે વધુ આરામદાયક મુસાફરીનો આનંદ પણ મળશે જે સરળ અને વધુ સ્થિર સવારી પૂરી પાડે છે. વધુમાં, કોચ વધુ ઝડપે કામ કરવા સક્ષમ છે અને તેમાં સુધારેલ આંતરિક સુવિધાઓ છે, જે સુરક્ષિત, વધુ કાર્યક્ષમ અને સુખદ મુસાફરી અનુભવ સુનિશ્ચિત કરે છે.

નવા રજૂ કરાયેલા LHB રેકમાં 22 કોચ હશે, જે મુસાફરોની વિવિધ જરૂરિયાતોને પૂર્ણ કરવા માટે વિવિધ મુસાફરી વર્ગોમાં પર્યાપ્ત રહેઠાણ પૂરું પાડશે.

ભારતીય રેલ્વે સલામત, આરામદાયક અને મુસાફરો-કેન્દ્રિત રેલ્વે નેટવર્ક પ્રદાન કરવાના વિઝનને અનુરૂપ, આધુનિક ટેકનોલોજી અપનાવવા, સુધારેલી સુવિધાઓ અને સુધારેલ કાર્યકારી કાર્યક્ષમતા દ્વારા તેની મુસાફરો સેવાઓને સતત અપગ્રેડ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# રામ મંદિર દાન ચોરી મામલે SITએ SBIની ભૂમિકા સામે ઊઠાવ્યા સવાલ

(એજન્સી) અયોધ્યા | તા. 09

અયોધ્યામાં આવેલા ભવ્ય રામ મંદિરમાં ભક્તો દ્વારા ચઢાવવામાં આવતા દાનની ગણતરીને લઈને એક મોટો ખુલાસો થયો છે. સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ (SIT) દ્વારા કરવામાં આવેલી તપાસમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની ભૂમિકા પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. SITના અહેવાલ અનુસાર, બેંકને સોંપવામાં આવેલી જવાબદારીઓનું યોગ્ય રીતે પાલન કરવામાં આવ્યું નથી, જેને કારણે હવે કાયદાકીય તપાસનો સિકંજો કસાયો છે.આ મામલે હવે અયોધ્યા પોલીસ એક્શન મોડમાં આવી ગઈ છે. પોલીસ ટૂંક સમયમાં જ SBIના એવા અધિકારીઓની પૂછપરછ કરવાની તૈયારી કરી રહી છે જેઓ દાન વ્યવસ્થાપનની પ્રક્રિયા સાથે સીધા જોડાયેલા હતા. આ ઉપરાંત, બેંક દ્વારા કેશ ગણવા માટે જે બહારના (ખાનગી) કર્મચારીઓ રાખવામાં આવ્યા હતા, તેમની પણ કડક પૂછપરછ કરવામાં આવશે. આ તપાસ દરમિયાન ખાસ કરીને એ વાત પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે કે આ બહારના કર્મચારીઓની નિમણૂક કયા આધારે અને કેવી રીતે કરવામાં આવી હતી. SITની તપાસમાં સામે આવ્યું છે કે રામ મંદિરમાં આવતા દાનની ગણતરી માટે જે MOU અને સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસીજર(SOP) નક્કી કરવામાં આવ્યા હતા.

# અયોધ્યામાં બનનારી મસ્જિદને દાન ન મળ્યું: નિર્માણનું કદ ઘટાડાયું

(એજન્સી) અયોધ્યા | તા. 09

અયોધ્યાના દાયકાઓ જૂના વિવાદ પર ભારતની સુપ્રીમ કોર્ટે વર્ષ 2019માં આપેલા ઐતિહાસિક ચુકાદાના ભાગરૂપે પ્રસ્તાવિત મસ્જિદ પ્રોજેક્ટના કદમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ માટે રચાયેલા ટ્રસ્ટ 'ઈન્ડો-ઈસ્લામિક કલ્ચરલ ફાઉન્ડેશન' (IICF) દ્વારા સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે કે ફંડની ભારે અછત અને મુસ્લિમ સમુદાય તરફથી અપેક્ષિત સહયોગ ન મળવાને કારણે મૂળ ભવ્ય યોજનાને ટૂંકાવી દેવામાં આવી છે. સુપ્રીમ કોર્ટના આદેશ અનુસાર રાજ્ય સરકાર દ્વારા ફાળવવામાં આવેલી 5 એકર જમીન પર અગાઉ નક્કી કરાયેલા તમામ મોટા પ્રોજેક્ટ્સ હવે બંધ કરી દેવાયા છે.

IICF ના ચેરમેન ઝુફર અહમદ ફારુકીએ પ્રોજેક્ટના કદમાં ઘટાડો કરવાનું મુખ્ય કારણ ફંડનો અભાવ ગણાવ્યો છે. તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે, 'મસ્જિદ નિર્માણના આ પ્રોજેક્ટમાં સમુદાય તરફથી ચોક્કસપણે ઉદાસીનતા જોવા મળી રહી છે અને અત્યાર સુધી મળેલું દાન બિલકુલ પૂરતું નથી. આથી જ અમારે અગાઉ પ્રસ્તાવિત ભવ્ય મસ્જિદના બદલે ઘણી નાની મસ્જિદ બનાવવાનું આયોજન કરવું પડ્યું છે.

ઉલ્લેખનીય છે કે, ફાઉન્ડેશને શરૂઆતમાં આ 5 એકરના વિશાળ પ્લોટ પર માત્ર એક મસ્જિદ જ નહીં, પરંતુ માનવતાના કલ્યાણ માટે 300 બેડની અત્યાધુનિક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ, એક વિશાળ સામુદાયિક રસોડું (કોમ્યુનિટી કિચન) અને એક ભવ્ય લાઈબ્રેરી (પુસ્તકાલય) બનાવવાનું લક્ષ્ય રાખ્યું હતું. આ આખો પ્રોજેક્ટ સમુદાયના દાનથી જ પૂર્ણ કરવાનો હતો. પરંતુ આર્થિક પીઠબળ ન મળતાં ટ્રસ્ટે આ તમામ લોકકલ્યાણકારી યોજનાઓ સત્તાવાર રીતે પડતી મૂકી છે.

## બ્લડ પ્લાઝમા કૌભાંડમાં વધુ એક આરોપીની ધરપકડ

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | બ્લડ પ્લાઝમા કૌભાંડની તપાસમાં પોલીસે વધુ એક મહત્વની સફળતા મેળવી છે. કેસમાં આરોપી નં. 7 અજીતભાઈ મીઠાભાઈ સોલંકી (રહે. દેવ્યાની સોસાયટી, બાવળા)ની ધરપકડ કરવામાં આવી છે. પોલીસ તપાસ મુજબ મુખ્ય આરોપી દિનેશ ચૌધરીએ ફરિયાદી કંપનીના ડ્રાઈવરો જીતેન્દ્ર સોલંકી અને રફીક ખલીફાની મદદથી વિવિધ બ્લડ બેંકોમાંથી સારા પ્લાઝમા સાથે ભેળસેળયુક્ત અને ખરાબ પ્લાઝમાની અદલાબદલી કરી હતી.

સિટી એક્સપ્રેસ

FRIDAY 10 JULY-2026

AHMEDABAD

## 'નમો સ્વચ્છતા અભિયાન'ને ઐતિહાસિક સફળતા

ગાંધીનગર સંવાદદાતા વિજયવીર યાદવ | રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ સમગ્ર ગુજરાતમાં યોજાયેલા 'નમો સ્વચ્છતા અભિયાન'ને નોંધપાત્ર સફળતા મળી છે. સાત દિવસ દરમિયાન રાજ્યભરની 12 હજારથી વધુ સરકારી આરોગ્ય સંસ્થાઓમાં 5,72,563 બિનઉપયોગી વસ્તુઓની ઓળખ કરવામાં આવી હતી, જેમાંથી 5,14,456 વસ્તુઓનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો છે. ઉપરાંત 41,681થી વધુ ફર્નિચર, વાહનો, ઇલેક્ટ્રોનિક્સ અને તબીબી સાધનોનું સમારકામ પૂર્ણ કરવામાં આવ્યું છે.



**જાહેર આરોગ્યની સુખાકારી...** નાગરિકોના સ્વાસ્થ્ય સાથે રમત નહીં ચલાવાય : આરોગ્ય રાજ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા

# ઉનાવા- ઊંઝામાં વરિયાળીમાં ભેળસેળ કરનારાઓ સામે આરોગ્ય રાજ્ય મંત્રીની કડક કાર્યવાહી

### કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખનો ૨૬ ટન વરિયાળીનો જથ્થો જપ્ત

(એજન્સી) અમદાવાદ | તા.09

રાજ્યના નાગરિકોના જાહેર આરોગ્યની સુખાકારી માટે ગુજરાત સરકાર સંપૂર્ણ કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન અને આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાના નેતૃત્વ હેઠળ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા રાજ્યભરમાં ભેળસેળિયા તત્વો સામે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવવામાં આવી રહી છે. જે અંતર્ગત તંત્રએ મહેસાણા જિલ્લાના ઊંઝા પાસે આવેલા ઉનાવા ખાતેથી કેમિકલ કલરની ભેળસેળવાળો રૂ. ૧૯.૬ લાખની કિંમતનો ૨૬ ટનથી વધુ વરિયાળીનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરી છે. આ સફળ કામગીરી અંગે વધુ વિગતો આપતા આરોગ્ય રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ફ્લાઈંગ સ્કોડે ઉનાવા ખાતે બે જગ્યાએ અચાનક દરોડા પાડ્યા હતા. જેમાં (૧) મે. ભાર્ગવકુમાર પ્રવીણભાઈ પટેલનું ગોડાઉન અને (૨) મે. પટેલ રાકેશકુમાર તલસીભાઈની પેઢી ગેરકાયદે પ્રવૃત્તિ કરતા ઝડપાઈ ગયા હતા. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે, વરિયાળીને વધુ પડતી લીલી અને આકર્ષક બતાવવા માટે તેમાં કેમિકલયુક્ત અખાદ્ય કલરની ભેળસેળ કરવામાં આવતી હતી. આ સિવાય, આ બંને આસામીઓ પાસે ખાણી-પીણીની વસ્તુઓના ઉત્પાદન માટે જરૂરી એવું ફૂડ સેફ્ટી લાઈસન્સ પણ નહોતું.



મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયાએ ઉમેર્યું હતું કે, તપાસ દરમિયાન ફૂડ સેફ્ટી ઓફિસરો દ્વારા અખાદ્ય કલરની પ્રબળ શંકાના આધારે વરિયાળીના ત્રણ કાયદેસરના નમૂના લઈને લેબોરેટરીમાં વિશ્લેષણ માટે મોકલી આપવામાં આવ્યા છે. આ સાથે જ તંત્રએ સ્થળ પરથી રૂ. ૧૯.૬ લાખથી વધુની અંદાજિત કિંમતનો ૨૬ ટન જેટલો વરિયાળીનો તમામ લુઝ જથ્થો સીઝ કરી લીધો છે અને જવાબદારો સામે કાયદેસરની કડક કાર્યવાહી શરૂ કરી દીધી છે. લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સતત એલર્ટ હોવાનું જણાવતા મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી હતી કે, આગામી દિવસોમાં પણ ગેરકાયદે કામ કરનારા અને મિલાવટખોરો સામે આ ચેકિંગ ઝુંબેશ વધુ તેજ અને કડક બનાવવામાં આવશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.આરોગ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાએ વધુમાં ઉમેર્યું હતું કે, લોકોના સ્વાસ્થ્યની રક્ષા માટે ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સતત એલર્ટ છે. આગામી દિવસોમાં પણ ગેરકાયદે કામ કરનારા અને ભેળસેળિયાઓ સામે આ ચેકિંગ ઝુંબેશ વધુ તેજ અને કડક બનાવવામાં આવશે.



# પાસપોર્ટની અરજી બાદ SOGએ તપાસ કરતા ભાંડો ફૂટ્યો

### અયોધ્યાનો યોગેન્દ્ર મૌર્ય અબ્દુલ રહેમાન બની ગયો, પડોશમાં રહેતી ખુશનુમા સાથે લગ્ન કર્યા બાદ નિકાહનામા માટે નામ બદલ્યું

અમદાવાદ | અમદાવાદમાં હજારો બાંગ્લાદેશી ઘૂસણખોરો ચોક્કસ દલાલો મારફતે આધાર કાર્ડ, પાન કાર્ડ, ચૂંટણી કાર્ડ અને પાસપોર્ટ પણ બનાવી લેતા હોવાના અનેક કિસ્સાઓ સામે આવ્યા છે. આવો જ એક કિસ્સો સામે આવતા SOGએ તપાસ હાથ ધરી હતી. જેમાં અયોધ્યાનો યોગેન્દ્ર મૌર્ય અમદાવાદ આવીને અબ્દુલ રહેમાન બની ગયો હોવાનું સામે આવ્યું છે.

તેણે પાસપોર્ટ માટે કરેલી અરજીની તપાસ દરમિયાન સમગ્ર વિગતો બહાર આવી હતી. પોલીસે પૂછપરછ કરતાં અબ્દુલ રહેમાન બનેલા યોગેન્દ્રએ જણાવ્યું હતું કે અયોધ્યામાં તેની નજીકમાં રહેતી ખુશનુમા બાનુ સાથે તેને પ્રેમ થયો હતો. બંનેએ ભાગીને લગ્ન કર્યા બાદ નિકાહ માટે તેણે પોતાનું નામ અબ્દુલ રહેમાન રાખી દીધું હતું. આ મામલે પોલીસે વધુ તપાસ શરૂ કરી છે.

અમદાવાદ SOGના પોલીસ ઈન્સ્પેક્ટર સી.બી.ચૌહાણને પોલીસ કમિશનર કચેરી તરફથી પાસપોર્ટ અરજીની તપાસ સોંપવામાં આવી હતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે ખાન અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમ ખાનના જૂના પાસપોર્ટમાં તેનું નામ યોગેન્દ્ર કુમાર મૌર્ય, પિતાનું નામ રામકુમાર મૌર્ય અને માતાનું નામ અમરાવતી નોંધાયેલું હતું. જ્યારે નવી પાસપોર્ટ અરજીમાં તેણે પોતાનું નામ અબ્દુલ રહેમાન, પિતાનું નામ અબ્દુલ કરીમ ખાન અને માતાનું નામ અનિશા દર્શાવ્યું હતું.

પાસપોર્ટ અરજીના આધારે SOGની ટીમે તપાસ શરૂ કરતા અબ્દુલ રહેમાનની પૂછપરછ કરી હતી. તેમાં તેણે જણાવ્યું હતું કે, પોતાના માતા-પિતા અને પાંચ ભાઈ-બહેન સાથે અયોધ્યા નજીકના ગામમાં રહેતો હતો. કામધંધાની શોધમાં બહાર ગયો હતો. દિલ્હીથી પરત વતનમાં આવ્યો ત્યારે પડોશમાં રહેતી ખુશનુમા બાનુ સાથે તેને પ્રેમ થયો હતો. જુદા-જુદા ધર્મના હોવાને કારણે તેમના લગ્ન શક્ય ન હોવાથી બંને ભાગી ગયા હતા.

દિલ્હીમાં જઈને આર્ય સમાજની વિધિ મુજબ હિન્દુ રીતિ-રિવાજથી લગ્ન કર્યા હતા. ત્યારબાદ મુસ્લિમ વિધિ મુજબ નિકાહ કરવા માટે તેણે પોતાનું નામ બદલીને અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમ ખાન રાખ્યું હતું અને નિકાહનામું પણ તૈયાર કરાવ્યું હતું. ત્યારબાદ તે પત્ની સાથે અમદાવાદ આવી દાણીલીમડાના જનતા રો-હાઉસ વિસ્તારમાં રહેવા લાગ્યો હતો. હાલ તેને ત્રણ સંતાન પણ છે. તપાસમાં સામે આવ્યું છે કે, અબ્દુલ રહેમાન અબ્દુલ કરીમ ખાન નામ કાલ્પનિક હતું.

# સુરત શહેરના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લેતા હર્ષ સંઘવી

(એજન્સી) સુરત | તા.09

સુરત શહેરમાં પડેલા ભારે વરસાદને કારણે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ સર્જાઈ હતી. આજે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ લિંબાયત, ડિંડોલી અને સારોલીના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. તેમણે અસરગ્રસ્ત નાગરિકો સાથે સંવાદ સાધી તેમની મુશ્કેલીઓ જાણી હતી. મુલાકાત દરમિયાન તેમણે પાણી ભરાયેલા વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતું, તેમજ સ્થાનિક દુકાનદારો, સોસાયટીના રહીશો અને અસરગ્રસ્ત પરિવારો સાથે સંવાદ સાધી તેમની મુશ્કેલીઓ, નુકસાન અને જરૂરીયાતોની જાણકારી મેળવી નાગરિકોને જરૂરી સહાય ઝડપથી નિકાલ, સફાઈ કામગીરી, વીજ પુરવઠાની સુચારુ વ્યવસ્થા તેમજ આરોગ્ય અને સ્વચ્છતા અંગે



સમયસર પહોંચે તે માટે વહીવટી તંત્રના અધિકારીઓને આદેશ આપ્યો હતો.શ્રી સંઘવીએ અધિકારીઓને વરસાદી પાણીના વિશેષ તકેદારી રાખવા સૂચના આપી હતી. સાથે જ અસરગ્રસ્ત પરિવારોને કેશડોલ્સ અને ઘરવખરી સહાય વહેલી તકે આપવાની તાકીદ કરી હતી. મુલાકાત દરમિયાન સ્થાનિક રહીશોની મુશ્કેલી, સમસ્યાઓઓને ગંભીરતાથી સાંભળી નાયબ મુખ્યમંત્રીએ તેના તાત્કાલિક ઉકેલ માટે સંબંધિત વિભાગોને જરૂરી સૂચનાઓ આપી હતી. આ મુલાકાતમાં ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, મેયર શ્રીમતી માયાબેન માવાણી, સુરત જિલ્લા પ્રભારી સચિવ શાલિની અગ્રવાલ, મ્યુ.કમિશનર એમ. નાગરાજન, પો.કમિશનરશ્રી વાબાંગ જમીર, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી રાજનભાઈ પટેલ, મનપાના અધિકારીઓ જોડાયા હતા.

## રાજ્યપાલના અધ્યક્ષસ્થાને અમદાવાદ ખાતે ખેતી બેંકના ૭૫મા સ્થાપના દિવસની ગૌરવપૂર્ણ ઉજવણી સંપન્ન

(એજન્સી) અમદાવાદ | તા.09

રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને અમદાવાદના પં. દીનદયાળ ઉપાધ્યાય ઑડિટોરિયમ ખાતે 'ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ એગ્રીકલ્ચર એન્ડ રુરલ ડેવલપમેન્ટ બેંક' (ખેતી બેંક)ના ૭૫મા સ્થાપના દિવસની ઉજવણી ગૌરવપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી.આ પ્રસંગે ગુજરાતના ખેડૂતોના કલ્યાણ અને ઉત્કર્ષ માટે કાર્યરત ખેતી બેંકની ગૌરવશાળી યાત્રાને રાજ્યપાલશ્રીએ બિરદાવી હતી. તેમણે સ્વામી દયાનંદ સરસ્વતીના પુસ્તકનો ઉલ્લેખ કરતાં કહ્યું કે ખેડૂત તો 'રાજાનો પણ રાજા' છે, કારણ કે તે રાજા અને રંક બધાને અનાજ પૂરું પાડે છે. જ્યારે ખેતરમાંથી પણ તમામ જીવજંતુઓ અને પશુ-પંખીઓને ભોજન મળી રહે છે. આ જ કારણ છે કે વેદોમાં પણ ખેતીને ઉત્તમ ગણાવાઈ છે.તેમણે કહ્યું કે ખેડૂતનું ધન એ સૌથી પવિત્ર ધન હોય છે. કારણ કે, તેમાં તેની મહેનત અને પરસેવો ભળેલા હોય છે. ત્યારે ખેતી બેંકની આજની આ મજબૂત સ્થિતિ દર્શાવે છે કે બેંકના સ્થાપક ઉદયભાણ સિંહજીએ સેવેલું ખેડૂત કલ્યાણનું સ્વપ્ન સાકાર થઈ રહ્યું છે. શ્રી દેવવ્રતજીએ રાજ્યની સહકારી પરંપરા વિશે વાત કરતાં કહ્યું કે તેના કારણે ખેડૂતોને વ્યાજના ચક્રમાંથી મુક્તિ મળી છે. તેમણે સરદાર પટેલ અને અમૂલના ઉદાહરણો ટાંકીને સહકારિતાનું મહત્ત્વ સમજાવ્યું હતું. રાજ્યપાલશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આપેલા વિકસિત ભારત @૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા 'સહકારથી સમૃદ્ધિ'નો મંત્ર અપનાવવા પર ભાર મૂક્યો હતો.

## મુસાફર સૂચના | ટ્રેન રિશેડ્યૂલ

ટ્રેન નંબર 22717 રાજકોટ-સિકંદરાબાદ એક્સપ્રેસ, જે 09 જુલાઈ 2026 ના રોજ સવારે 05:30 કલાકે પ્રસ્થાન કરવાની હતી, તેને રિશેડ્યૂલ કરવામાં આવી છે. પ્રવાસની તારીખ: 09 જુલાઈ 2026 નિર્ધારિત પ્રસ્થાન સમય: સવારે 05:30 કલાકે

સુધારેલો પ્રસ્થાન સમય:સવારે 10:00 કલાકે કુલ વિલંબ:4 કલાક 30 મિનિટ આ ફેરફાર સામેથી આવતી પેરિંગ રેક ટ્રેન નંબર 22718 સિકંદરાબાદ-રાજકોટ એક્સપ્રેસ 13 કલાક 08 મિનિટ મોડી રાજકોટ પહોંચવાના કારણે કરવામાં આવ્યો છે. મુસાફરોને વિનંતી છે કે કૃપા કરીને તમારા પ્રવાસનું આયોજન સુધારેલા સમય અનુસાર કરો.

## વડોદરા મંડળનું 'Passenger First' અભિયાન, ભારે વરસાદ દરમિયાન મુસાફરોને પહોંચાડી સંભવ તમામ સહાય

પશ્ચિમ રેલવે | વડોદરા

પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેના કુશળ માર્ગદર્શન હેઠળ મંડળના વિવિધ વિભાગોની ટીમ દ્વારા પાછલા દિવસોમાં થયેલા સતત ભારે વરસાદ અને તેનાથી ઉદ્ભવેલા પરિચાલન સંબંધી પડકારો દરમિયાન 'Passenger First, Always' ના પોતાના સંકલ્પને ચરિતાર્થ કરતા અંકલેશ્વર તેમજ ભરૂચ રેલવે સ્ટેશનો પર મુસાફરોની સુવિધા, સુરક્ષા તેમજ સહાય માટે વ્યાપક પ્રબંધો કરવામાં આવ્યા. પશ્ચિમ રેલવેના વડોદરા મંડળના જનસંપર્ક અધિકારી શ્રી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલી એક પ્રેસ વિજ્ઞપ્તિ અનુસાર મુંબઈ મંડળમાં નાલાસોપારા - વિરાર રેલ ખંડ પર જલભરાવના કારણે મુંબઈ મંડળમાં રેલ પરિચાલન પ્રભાવિત થયું, જેના પરિણામસ્વરૂપ વડોદરા મંડળમાં પણ કેટલીક લાંબા અંતરની ટ્રેનોને શોર્ટ ટર્મિનેટ કરવામાં આવી. આ પરિસ્થિતિમાં પણ વડોદરા મંડળે મુસાફરોને સંભવ તમામ સહાય પહોંચાડવાના પ્રયાસો કર્યા. અંકલેશ્વર રેલવે સ્ટેશન પર વાણિજ્ય વિભાગ, રેલવે સુરક્ષા બળ (RPF), ગવર્નમેન્ટ રેલવે પોલીસ (GRP), સ્ટેશન પ્રબંધન તથા અન્ય સંબંધિત વિભાગો દ્વારા પરસ્પર સમન્વય સ્થાપિત કરીને રાહત તેમજ સહાય કાર્યો અસરકારક રીતે સંચાલિત કરવામાં આવ્યા. આશરે 200 થી વધુ મુસાફરોને સુરક્ષિત રીતે સુરત જનારી ટ્રેનોમાં સમાયોજિત કરવામાં આવ્યા. જરૂરિયાત ઊભી થવા પર વૈકલ્પિક પરિવહનની વ્યવસ્થા માટે GSRTC ની બસોને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી, જોકે અંતે તેની જરૂરિયાત ન પડી. વાણિજ્ય વિભાગ દ્વારા મુસાફરોને રાહત આપવા માટે 700 થી વધુ રિફ્રેશમેન્ટ પેકેટ, મમરા તેમજ બિસ્કિટ વિતરિત કરવામાં આવ્યા. આ ઉપરાંત 4 વિશેષ કાઉન્ટર (UTS, PRS, TDR સહાય અને સહયોગ ડેસ્ક) ખોલવામાં આવ્યા તથા 14 થી વધુ વાણિજ્યિક કર્મચારીઓને સુચારુ સંચાલન તેમજ મુસાફરોની સહાય માટે તૈનાત કરવામાં આવ્યા. તમામ મુસાફરોની ફરિયાદો તેમજ સહાય સંબંધી જરૂરિયાતોનું સમયબદ્ધ નિવારણ સુનિશ્ચિત કરવામાં આવ્યું.આ જ રીતે ભરૂચ રેલવે સ્ટેશન પર પણ મુસાફરોની સુવિધાને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા વિશેષ હેલ્પ ડેસ્ક સ્થાપિત કરવામાં આવ્યું. આશરે 250 મુસાફરોને ટ્રેન સંખ્યા 19012 માંથી ટ્રેન સંખ્યા 22195 માં સ્થાનાંતરિત કરીને તેમની યાત્રા સુગમ બનાવવામાં આવી. રિફંડ મેળવવા ઈચ્છતા મુસાફરોની સુવિધા માટે વધારાના કાઉન્ટર ખોલવામાં આવ્યા તથા સ્થાનિક સ્વયંસેવી સંસ્થાઓ (NGOs) ના સહયોગથી પ્રભાવિત મુસાફરોને અલ્પાહાર તેમજ આવશ્યક સહાય ઉપલબ્ધ કરાવવામાં આવી.

# મુસીબતમાં પણ મોજીલા 'સુરતીઓ' : જુઓ ગજ્જબ કિસ્સાઓ

સુરત | કુદરતી આફતો ગમે તેટલી મોટી હોય, પણ સુરતીઓના હસતા ચહેરા અને જીવવાની જિજીવિષા સામે તે હંમેશા નાની સાબિત થાય છે. સુરત અને સુરતીઓ પોતાની અનોખી જીવનશૈલી અને હસમુખા સ્વભાવ માટે જાણીતા છે. સુરત પર જ્યારે પણ કોઈ આફત આવે છે, ત્યારે સુરતીઓ ડરવાને બદલે તેનો સામનો એક અનોખા અને હકારાત્મક અંદાજમાં કરે છે. તાજેતરમાં શહેરમાં ખાબકેલા ભારે વરસાદ અને તેને કારણે સર્જાયેલી પૂર જેવી સ્થિતિ વચ્ચે પણ સુરતીઓએ સાબિત કરી દીધું કે, આવું તો માત્ર સુરતીઓ જ કરી શકે! મુસીબતના આ સમયમાં સુરતીલાલાઓના એવા અદભુત નજારા સામે આવ્યાં છે, જે જોઈને કોઈ પણ કહી ઉઠે કે ભાઈ, 'આનું નામ જ સુરત!'

શહેરના પોશ વિસ્તારોથી લઈને કોટ વિસ્તાર સુધીના રસ્તાઓ જ્યારે ઘૂંટણસમા પાણીમાં ગરકાવ થઈ ગયા, ત્યારે સુરતી યુવાનોએ તેને હોલીડે રિસોર્ટ સમજી લીધો હતો. રસ્તા પર ભરાયેલા વરસાદી પાણીના 'સ્વિમિંગ પુલ'માં યુવાનોએ ડૂબકીઓ લગાવી હતી. એટલું જ નહીં, ધોધમાર વરસાદની વચ્ચે રસ્તા પર જ નેટ બાંધીને યુવાનો પાણીમાં વોલિબોલ રમતા નજરે પડ્યા હતા. આપત્તિને અવસરમાં કેવી રીતે બદલવી, તે સુરતીઓ પાસેથી શીખવા જેવું છે.

સૌથી વધુ આશ્ચર્ય પમાડે તેવા દૃશ્યો ત્યારે સામે આવ્યા જ્યારે કેટલાક મોજીલા સુરતીઓ ઘરની બહાર રસ્તા પર તરતા સોફા અને ગાદલા નાખીને આરામ ફરમાવતા દેખાયા. પાણીની વચ્ચે સોફા પર બેસીને જાણે કોઈ આલીશાન રિસોર્ટમાં બેઠા હોય તેમ લહેર માણતા સુરતીઓનો આ અંદાજ સોશિયલ મીડિયા પર ભારે આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો.

વરસતા વરસાદ અને ચારેય તરફ ભરાયેલા પાણી પણ સુરતી વરરાજાના ઉત્સાહને રોકી શક્યા નથી. આવી કપરી પરિસ્થિતિમાં પણ વરરાજા ધામધૂમથી પરણવા નીકળ્યા હતા. જ્યાં લક્ઝરી ગાડીઓ ફેઈલ થઈ ગઈ, ત્યાં વરરાજાએ પરંપરાગત અંદાજ અપનાવ્યો. વાહન બંધ થઈ જતાં વરરાજાએ ઘોડેસવારી કરી તો કેટલાક વિસ્તારોમાં વરરાજા અને જાનૈયાઓ તરાપાની હોડી બનાવીને લગ્નમંડપ સુધી પહોંચ્યા હતા. આટલું જ નહીં, ધોધમાર વરસાદની વચ્ચે જાનૈયાઓ રસ્તા પર ગરબા રમતા પણ જોવા મળ્યા હતા





હોડી બંગલામાં દુકાનમાં પાણી ઘૂસતાં રસ્તા પર દાઢી બનાવી



વરાછામાં કબાટ લઈને નીકળ્યા યુવકો!



# આધુનિક આરટીઓ સેવાઓથી નાગરિકોને પારદર્શક અને ઝડપી સુવિધાઓ મળશે: નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી...

અમદાવાદ | નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીના હસ્તે અમદાવાદમાં અત્યાધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરીનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે રાજ્ય સરકાર નાગરિકોને ટેકનોલોજી આધારિત, પારદર્શક અને ઝડપી સેવાઓ ઉપલબ્ધ કરાવવા પ્રતિબદ્ધ છે. નવી આરટીઓ કચેરીમાં ડ્રાઈવિંગ લાયસન્સ સહિતની વિવિધ સેવાઓ વધુ સરળતાથી ઉપલબ્ધ બનશે. તેમણે જણાવ્યું કે ઓટોમેટેડ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેકથી લાયસન્સ પ્રક્રિયામાં સંપૂર્ણ પારદર્શિતા આવશે અને માત્ર યોગ્યતા ધરાવતા અરજદારોને જ ડ્રાઈવિંગ લાયસન્સ મળશે. સરકારની તમામ સુવિધાઓનો લાભ છેવાડાના નાગરિક સુધી પહોંચે તે માટે જનપ્રતિનિધિઓ



અને તંત્રે સંકલનથી કાર્ય કરવું જરૂરી છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ નાગરિકોને નવી આરટીઓ કચેરીને સ્વચ્છ અને સુવ્યવસ્થિત રાખવા અપીલ કરતાં જણાવ્યું કે જાહેર સંપત્તિનું જતન કરવું એ દરેક નાગરિકની સામૂહિક જવાબદારી છે. ગુજરાત સરકારના બંદરો અને વાહન વ્યવહાર વિભાગ દ્વારા અમદાવાદના સુભાષ બ્રિજ ખાતે નિર્માણ પામેલી આ આધુનિક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીની (RTO) કચેરી અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. વાહનના નોન-ટ્રાન્સપોર્ટ અને ટ્રાન્સપોર્ટ સંબંધિત કામો, નવા વાહનની નોંધણી, પરમિટ, ફિટનેસ, બ્લેકલિસ્ટ, લાયસન્સ, ડી.એલ./ચલણ શાખા, આર.એમ.એ., AMC ટેક્સ તથા કેશ શાખા સહિતની વિવિધ સેવાઓ માટે અલગ-અલગ ટેબલો દ્વારા નાગરિકોને સરળ, ઝડપી અને સુવ્યવસ્થિત સેવાઓ મળી રહે તેવી સુંદર વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે. જેનાથી વિવિધ સેવાઓ એક જ સ્થળે વધુ સરળ, ઝડપી અને પારદર્શક રીતે ઉપલબ્ધ બનશે. આ પ્રસંગે શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન વાઘેલા, મેયર શ્રી હિતેશભાઈ બારોટ, સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણા, શહેર પ્રમુખ શ્રી પ્રેરકભાઈ શાહ, ધારાસભ્યો સર્વ શ્રી જીતેન્દ્રભાઈ પટેલ (ભગત), અમિતભાઈ ઠાકર, કૌશિકભાઈ જૈન, હર્ષદભાઈ પટેલ, ડૉ. હસમુખભાઈ પટેલ, બાબુભાઈ પટેલ, બંદરો અને વાહન વ્યવહાર વિભાગના અગ્ર સચિવ શ્રી હારીત શુક્લ, વાહન વ્યવહાર કમિશનર ડૉ. રાજેન્દ્રકુમાર સહિત વિભાગના વરિષ્ઠ અધિકારીઓ, અગ્રણીઓ અને નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેનેડાના વર્ક પરમિટના નામે 5.60 લાખની છેતરપિંડી:ટ્રાવેલ્સ સંચાલક સહિત ચાર સામે ફરિયાદ, જુગાર રમતા 14 ઝડપાયા

અમદાવાદ | શહેરના સરખેજ વિસ્તારમાં રહેતી નહેદાબાનુ શેખે કેનેડાના વર્ક પરમિટ અપાવવાના નામે રૂપિયા 5.60 લાખની છેતરપિંડી થયાની ફરિયાદ સરખેજ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. ફરિયાદમાં સનસાઈન ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલક મોહમ્મદ રિયાઝ બેલિમ, સમીર મલેક સહિત ચાર વ્યક્તિઓને આરોપી બનાવવામાં આવ્યા છે. ફરિયાદ મુજબ આરોપીઓએ કેનેડામાં નોકરી સાથે વર્ક પરમિટ અપાવવાની ખાતરી આપી અલગ-અલગ સમયે 5.60 લાખ લીધા હતા.

જો કે ન તો વર્ક પરમિટ અપાવી અને ન તો રકમ પરત કરી હતી. પોતાની સાથે છેતરપિંડી થઈ હોવાનું જણાતા નહેદાબાનુએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. સરખેજ પોલીસે ગુનો નોંધી આરોપીઓની શોધખોળ અને વધુ તપાસ શરૂ કરી છે.

ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રાને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે અમદાવાદ શહેર પોલીસ અને વિવિધ એજન્સીઓ સંપૂર્ણ એક્શન મોડમાં આવી ગઈ છે.રથયાત્રા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં મોડીરાત સુધી સઘન કોમ્બિંગ અને પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કાર્યવાહી દરમિયાન છરી અને અન્ય ઘાતક હથિયારો સાથે જાહેરમાં ફરી રહેલા 30થી વધુ શખ્સોની ધરપકડ કરી પોલીસ લોકઅપમાં ધકેલી દીધા હતા.

વાસણા પોલીસે સમીર શેખ નામના શખસને છરા સાથે ઝડપી કાયદેસરની કાર્યવાહી કરી હતી. જ્યારે કારંજ પોલીસે પરેશ ઉર્ફે ઘંટી રાવળને ધારદાર છરી સાથે ઝડપી પાડ્યો હતો.બીજી તરફ ગાયકવાડ હવેલી પોલીસે જીતેન્દ્ર ઉર્ફે કૌઆ રાવતને પણ છરી સાથે ઝડપી લીધો હતો. આ ઉપરાંત શહેરના વિવિધ પોલીસ સ્ટેશનો અને ક્રાઈમ બ્રાન્ચની ટીમોએ અલગ-અલગ વિસ્તારોમાં કોમ્બિંગ કરી અનેક શંકાસ્પદ ઈસમોની તપાસ હાથ ધરી હતી.